# ષોડશગ્રંથો

## (પદચ્છેદ-શબ્દાર્થ અને સરળ ભાવાર્થ)



**પ્રકાશક**

**પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર,**

**રાજકોટ.**

# ષોડશગ્રંથો

## (પદચ્છેદ-શબ્દાર્થ અને સરળ ભાવાર્થ)

પ્રકાશક

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર,

રાજકોટ.

**ષોડશગ્રંથો** **(પદચ્છેદ - શબ્દાર્થ અને સરળ ભાવાર્થ)**

**પ્રકાશક :**
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર,
૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપૂતપરા,
રાજકોટ - ૩૬૦૦૦૧.
મો. ૯૪૨૭૪૯૫૧૫૯

**સંકલન :**
પ્રવીણ ડઢાણીયા

**ટાઈપ સેટિંગ :**
પીયૂષ ગોંધિયા

**પ્રકાશન વર્ષ :**
વિ.સં.૨૦૮૧, પ્રતિ ૧૦૦૦ (ઇ.સ.૨૦૨૪)

**મુદ્રક :**
**પૂર્વી પ્રેસ,**
લોહાનગર મેઈન રોડ, રાજકોટ.

## અનુક્રમણિકા


| ક્રમ નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | પ્રાતઃ સ્મરણમ્ | ૫ |
| ૨. | મંગલાચરણમ્ | ૯ |
| ૩. | શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ | ૧૧ |
| ૪. | શ્રીયમુનાષ્ટકમ્ | ૨૧ |
| ૫. | બાલબોધ | ૨૭ |
| ૬. | સિધ્ધાંતમુક્તાવલી | ૩૪ |
| ૭. | પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ | ૪૨ |
| ૮. | સિધ્ધાંત રહસ્ય | ૫૧ |
| ૯. | નવરત્ન | ૫૫ |
| ૧૦. | અંતઃકરણપ્રબોધ | ૫૮ |
| ૧૧. | વિવેકધૈર્યાશ્રય | ૬૨ |
| ૧૨. | કૃષ્ણાશ્રય | ૬૯ |
| ૧૩. | ચતુઃશ્લોકી | ૭૩ |
| ૧૪. | ભક્તિવર્ધિની | ૭૫ |
| ૧૫. | જલભેદ | ૭૯ |
| ૧૬. | પંચપદ્યાનિ | ૮૭ |
| ૧૭. | સંન્યાસનિર્ણય | ૮૯ |
| ૧૮. | નિરોધલક્ષણ | ૯૭ |
| ૧૯. | સેવાફલ | ૧૦૫ |
| ૨૦. | સેવાફલ વિવરણ (ગદ્ય) | ૧૦૮ |
| ૨૧. | શિક્ષાઃશ્લોકા | ૧૧૧ |


***

|| શ્રીહરિઃ ||

# પ્રકાશકિય

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ દ્વારા સંપ્રદાયના પુસ્તકોનું પ્રકાશન વૈષ્ણવોના લાભાર્થે શ્રીમહાપ્રભુજીની કૃપાથી કરવામાં આવી રહ્યું છે. જેમાં અમુક પ્રકાશનો જેવા કે – **''જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો''**, **''ભાગવત સાર''**, **''પુષ્ટિ વાક્સુધા''**, **''૪૧ શિક્ષાપત્ર સારસંચય''**, **''ષોડશ ગ્રંથો (બૃહદ્ ટીકા સાથે ગુજરાતીમાં)''**, **''શ્રીમદ્ ભગવદ્ ગીતા સારસંચય''**, **''શ્રીભાગવત સુધારસ બિંદુ''**, **''શ્રીસર્વોત્તમ સ્તોત્ર''** વગેરે પ્રકાશિત કરવામાં આવેલ છે. આ પુષ્ટિ માર્ગીય પ્રકાશનોની શ્રેણીમાં પ્રસ્તુત ગ્રંથ શ્રીમહાપ્રભુજીના ષોડશ ગ્રંથો વૈષ્ણવોના આગ્રહને માન આપી તેમના પદચ્છેદ–શબ્દાર્થ અને સરળ ભાવાર્થ સહિત પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પ્રકાશનમાં સહયોગી સર્વના અમે આભારી છીએ.

**પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર,**
રાજકોટ.

**|| શ્રીકૃષ્ણાય નમઃ ||**
**|| શ્રીગોપીજનવલ્લભાય નમઃ ||**
**|| શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ||**
**|| શ્રીગુસાંઈજી પરમદયાલવે નમઃ ||**
**|| શ્રીગુરવે નમઃ ||**

**(મહાપ્રભુ તથા પ્રભુચરણ દ્વારા પ્રાદુર્ભાવિત સ્વરૂપોનું ધ્યાન)**

**શ્રીગોવર્ધનનાથ પાદયુગલં, હૈયંગવીનપ્રિયમ્**
**નિત્યં શ્રીમથુરાધિપં સુખકરં, શ્રીવિઠ્ઠલેશં મુદા ।**
**શ્રીમદ્ દ્વારવતીશ ગોકુલપતી, શ્રીગોકુલેન્દું વિભું**
**શ્રીમન્મન્મથમોહનં નટવરં, શ્રીબાલકૃષ્ણં ભજે ||**

**શ્રીગોવર્ધનનાથ પાદયુગલમ્** = શ્રી ગોવર્ધનનાથજીના બંને ચરણકમલોને, **હૈયંગવીન પ્રિયમ્** = તાજું માખણ જેમને પ્રિય છે એવા શ્રીનવનીતપ્રિયજી ને, **નિત્યમ્** = સદા, **શ્રીમથુરાધિપમ્** = શ્રીમથુરાનાથજી ને, **સુખકરમ્** = સુખ આપનારા, **શ્રીવિઠ્ઠલેશમ્** = શ્રીવિઠ્ઠલનાથજી ને, **મુદા** = આનંદપૂર્વક, **શ્રીમદ્ દ્વારવતીશ** = શ્રીદ્વારકાનાથજીને, **ગોકુલપતિ** = શ્રીગોકુલનાથજી ને, **શ્રીગોકુલેન્દુમ્** = શ્રીગોકુલચંદ્રમાજી ને, **વિભુમ્** = સમર્થ. **શ્રીમન્ મન્મથમોહનમ્** = શ્રીમદનમોહનજી ને, **નટવરમ્** = શ્રીનટવરલાલજીને, **શ્રીબાલકૃષ્ણમ્** = શ્રીબાલકૃષ્ણજી ને, **ભજે** = હું ભજું છું.

**ભાવાર્થઃ-** સુખ આપનાર શ્રીગોવર્ધનનાથજીના બંને ચરણકમલોને, તાજું માખણ જેમને પ્રિય છે એવા શ્રીનવનીતપ્રિયજીને શ્રીમથુરાનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાનાથજી, શ્રી ગોકુલનાથજી, સમર્થ શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીમદનમોહનજી, શ્રીનટવરલાલજી અને શ્રીબાલકૃષ્ણજીને સદા આનંદપૂર્વક હું ભજું છું.

**શ્રીમદ્વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં, ગોવિંદરાયાભિધમ્**
**શ્રીમદ્બાલકૃષ્ણ ગોકુલપતી નાથં રઘુણાંસ્તથા ।**
**એવં શ્રીયદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન્**
**કાલિન્દિ સ્વગુરું ગિરિં ગુરુવિભુન્ સ્વીય પ્રભૂંશ્ચ સ્મરેત ||**

**શ્રીમદ્વલ્લભવિઠ્ઠલૌ** = શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને શ્રીગોપીનાથજી, શ્રી વિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી), **ગિરિધરમ્** = શ્રીગિરિધરજી (પ્રથમ લાલ), **ગોવિંદરાયાભિધમ્** = શ્રીગોવિદરાયજી (દ્વિતીય લાલ), **શ્રીમદ્બાલકૃષ્ણ** = શ્રીબાલકૃષ્ણજી (તૃતીય લાલ), **ગોકુલપતી** = શ્રીગોકુલનાથજી (ચતુર્થ લાલ), **નાથમ્ રઘૂણામ્ તથા** = તથા શ્રીરઘુનાથજી (પંચમ લાલ), **એવમ્** = એવી રીતે, **શ્રીયદુનાયકમ્** = શ્રીયદુનાથજી (ષષ્ઠ લાલ), **કિલ** = નિશ્ચય. **ઘનશ્યામમ્** = શ્રીઘનશ્યામજી (સપ્તમ લાલ), **ચ તદ્ વંશજાન્** = અને તે (શ્રીમદ્ વલ્લભના) વંશના બાળકો, **કાલિન્દીમ્** = શ્રીયમુનાજી, **સ્વગુરુમ્** = પોતાના શ્રીગુરુદેવ, **ગિરિમ્** = શ્રીગિરિરાજજી, **ગુરુ વિભુમ્** = શ્રીગુરુના સેવ્ય સ્વરૂપ, **સ્વીય પ્રભૂંશ્ચ** = અને પોતાના સેવ્ય સ્વરૂપ, **સ્મરેત્** = સ્મરણ કરવું

**ભાવાર્થઃ–** શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથાજી, શ્રીગુસાંઈજી પ્રભુચરણ, આપના સાત લાલજી - શ્રીગિરિધરજી, શ્રીગોવિદરાયજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી અને શ્રીઘનશ્યામજી તથા આપશ્રીના વંશજો, શ્રીયમુનાજી, પોતાના શ્રીગુરુદેવ, શ્રીગિરિરાજજી, શ્રીગુરુદેવના સેવ્ય સ્વરૂપ અને પોતાના સેવ્ય સ્વરૂપનું સ્મરણ કરવું.

**(શ્રીમદ ભાગવતના પ્રમેય પ્રકરણમાં નિરુપિત પ્રમેયરુપ ભગવાનનું ધ્યાન)**

**બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં**
**બિભ્રદવાસઃ કનકકપિશં વૈજયન્તીં ચ માલાં ।**
**રંધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન ગોપવૃન્દૈઃ**
**વૃંદારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ।।**

**બર્હ આપીડમ્** = મોર મુકુટ (ધારણ કરનાર), **નટવર વપુઃ** = નટવત્ અને વરવત્ સ્વરૂપવાળા, **કર્ણયોઃ** = બંને કર્ણમાં, **કર્ણિકારમ્** = કરેણના ફુલો (ધારણ કરેલ), **બિભ્રદ્** = ધારણ કરતા, **વાસઃ** = વસ્ત્ર, **કનક કપિશમ્** = સુવર્ણના જેવું પીળું, **વૈજયતીમ્ ચ માલામ્** = અને વૈજયંતિ માળા (ધારણ કરનાર), **રંધ્રાન** = છિદ્રોમાં, **વેણોઃ** = વેણુના, **અધરસુધયા પૂરયન્** = અધરસુધાને પૂરતા, **ગોપવૃંદૈઃ** = ગોપબાળકોના સમૂહ વડે, **વૃંદારણ્યમ્** = વૃંદાવનમાં, **સ્વપદ રમણમ્** = પોતાના ચરણકમલોથી રમણીય કરતા, **પ્રાવિશદ્** = પ્રવેશ કર્યો, **ગીતકીર્તિઃ** = જેમની કીર્તિનું ગાન થઈ રહ્યું છે એવા (ભગવાન શ્રીકૃષ્ણ).

**ભાવાર્થઃ-** શ્રીમસ્તકે મયૂરપિચ્છના મુકુટવાળા, નટવત્ અને વરવત્ સ્વરૂપવાળા, બંને કર્ણમાં કરેણના પુષ્પોને ધારણ કરેલા, સુવર્ણના જેવું પીળું વસ્ત્ર અને વૈજ્યંતિમાળા ધારણ કરેલા, વેણુના છિદ્રોમાં પોતાની અધરસુધાને પૂરતા, ગોપબાળકોના સમૂહ વડે જેમની કીર્તિનું ગાન થઈ રહ્યું છે એવા ભગવાન શ્રીકૃષ્ણ, સ્વચરણકમલોથી રમણીય બનાવતા વૃંદાવનમાં પ્રવેશ કર્યો.

**(શ્રીમહાપ્રભુજીના ત્રિતયાત્મક સ્વરૂપનું ધ્યાન)**

**સૌન્દર્યં નિજહૃદગતં પ્રકટિતં, સ્ત્રીગૂઢભાવાત્મકં,**
**પુંરૂપં ચ પુનસ્તદન્તરગતં, પ્રાવીવિશત્ સ્વપ્રિયે ।**
**સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિ યત્સાક્ષિકં**
**રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદાવલ્લભમ્ ॥**

**સૌંદર્યમ્** = સુંદરતા, **નિજહૃદગતમ્** = (શ્રીકૃષ્ણના) નિજ હૃદયમાં (જે) રહેલ (છે તેને), **પ્રકટિતમ્** = પ્રકટ કર્યું, **સ્ત્રીગૂઢ ભાવાત્મકમ્** = સ્ત્રીગૂઢ ભાવરૂપ, **પું રૂપમ્ ચ =** અને પુંભાવરૂપ, **પુનઃ** = વળી, **તદ્ અંતરગતમ્** = તે અંદર રહેલા, **પ્રાવીવિશત્** = પ્રવેશ કરાવ્યો, **સ્વપ્રિયે** = સ્વપ્રિય (શ્રીમદ્વલ્લભ) માં, **સંશ્લિષ્ટૌ ઉભયોઃ બભૌ** = સંશ્લેષ (સંયોગ) થતાં બંને શોભ્યા, **રસમયઃ** = રસમય, **કૃષ્ણઃ હિ** = કૃષ્ણ જ નિશ્ચિતપણે, **યત્ સાક્ષિકમ્** = તેના સાક્ષીરૂપ, **રૂપમ્** = સ્વરૂપ, **તત્ ત્રિતયાત્મકમ્** = તે ત્રણરૂપ, **પરમ્** = શ્રેષ્ઠ (સ્વરૂપનું), **અભિધ્યેયમ્** = ધ્યાન કરવું, **સદા** = સદા, **વલ્લભમ્** = પ્રિય એવા શ્રીમદ્ વલ્લભનું

**ભાવાર્થઃ-** શ્રીઠાકોરજીમાં પુંભાવરૂપ સૌંદર્ય પ્રકટ છે અને સ્ત્રીગૂઢભાવરૂપ સૌંદર્ય હૃદયમાં રહેલ છે. શ્રીસ્વામિનીજીમાં સ્ત્રીભાવરૂપ સૌંદર્ય પ્રકટ છે અને પુંભાવરૂપ સૌંદર્ય હૃદયમાં રહેલ છે. રમણ સમયે શ્રીઠાકોરજીએ સ્ત્રીગૂઢભાવાત્મક સૌંદર્ય અને શ્રીસ્વામિનીજીએ પુંભાવાત્મક સૌંદર્યનો પોતાના પ્રિય એવા શ્રીવલ્લભમાં પ્રવેશ કરાવ્યો.આ બંનેનો સંયોગ થતાં શૃંગાર રસમય શ્રીકૃષ્ણ પોતાના પ્રિય સ્વરૂપ શ્રીવલ્લભ સાથે એકરસ બનીને નિશ્ચિતપણે શોભ્યા, યુગલસ્વરૂપની આ લીલાના સાક્ષીરૂપ અને ત્રિતયાત્મક (પુંભાવરૂપ, સ્ત્રીભાવરૂપ અને સાક્ષીરૂપ) સ્વરૂપ જેમાં બિરાજે છે એવા શ્રેષ્ઠ અને ભગવાન શ્રીકૃષ્ણને અતિપ્રિય એવા શ્રીમદ વલ્લભનું સદા ધ્યાન કરવું.

## શ્રીગોપીનાથજીનું સ્વરૂપ

**શ્રીવલ્લભ પ્રતિનિધિં, તેજોરાશીં દયાર્ણવમ્ ।**
**ગુણાતીતં ગુણનિધિં, શ્રીગોપીનાથમાશ્રયે ।।**

(શ્રીપુરુષોત્તમજીકૃત 'અણુભાષ્ય-પ્રકાશ' નું મંગલાચરણ)

**શ્રીવલ્લભ પ્રતિનિધિમ્** = શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રતિનિધિ, **તેજોરાશીમ્** = તેજના ભંડાર, **દયા અર્ણવમ્** = દયાના સાગર, **ગુણાતીતમ્** = ત્રણે ગુણોથી પર, **ગુણનિધિમ્** = સર્વ ગુણોના નિધિ, **શ્રીગોપીનાથમ્ આશ્રયે** = શ્રીગોપીનાથજીનો હું (શ્રીપુરુષોત્તમજી) આશ્રય કરું છું.

**ભાવાર્થ-** શ્રીમદ્વલ્લભાચાર્યજીના પ્રતિનિધિ, તેજના ભંડાર, દયાના સાગર, ગુણોથી પર અને સર્વ ગુણોના નિધિ એવા શ્રીગોપીનાથજીનો હું આશ્રય કરું છું.

**(શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણનું ધ્યાન)**

**સાયંકુંજાલયસ્થાસનમુપવિલસત્ સ્વર્ણપાત્રં સુધૌતં**
**રાજદ્યજ્ઞોપવીતં પરિતનુવસનં, ગૌરમમ્ભોજવકત્રમ્ ।**
**પ્રાણાનાયમ્યનાસાપુટનિહિતકરં, કર્ણરાજદ્ વિમુક્તં**
**વન્દેર્ધોન્મીલિતાક્ષં મૃગમદતિલકં, વિઠ્ઠલેશં સુકેશમ્ ।।**

**સાયમ્** = સંધ્યા સમયે, **કુંજાલયસ્થ આસનમ્** = કુંજાલયમાં આસન પર બિરાજેલા, **ઉપવિલસત્** = સમીપમાં રહેલા, **સ્વર્ણપાત્રમ્** = સુવર્ણના પાત્રો, **સુધૌતમ્** = સારી રીતે ધોયેલા, **રાજદ્ યજ્ઞોપવીતમ્** = યજ્ઞોપવિત ધારણ કરેલ, **પરિતનુવસનમ્ =** (શ્રીઅંગ ઉપર મુલાયમ-બારીક) વસ્ત્ર ધારણ કરેલ, **ગૌરમ્ અંભોજવકત્રમ્** = ગૌર વર્ણવાળા અને કમળ સમાન મુખવાળા, **પ્રાણાનાયમ્ય** = પ્રાણાયમ કરતાં, **નાસાપુટ નિહિત કરમ્** = નાસિકા ઉપર શ્રીહસ્તની અંગુલીઓ રાખેલા, **કર્ણરાજદ્ વિમુક્તમ્** = કર્ણમાં વિશિષ્ટ મોતી ધારણ કરેલ, **વન્દે** = (હું) વંદન કરું છું, **અર્ધ ઉન્મીલિત અક્ષમ્** = અડધા નેત્રો મીંચેલા, **મૃગમદ તિલકમ્** = કસ્તુરીના તિલકવાળા, **વિઠ્ઠલેશમ્** = શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણને, **સુકેશમ્** = સુંદર કેશવાળા

**ભાવાર્થ-** સાયંકાળે કુંજાલયમાં આસન ઉપર બિરાજેલા, સંધ્યાવંદન માટે જેમની સમીપમાં સારી રીતે ધોયેલા સુવર્ણના પાત્રો શોભી રહ્યા છે, શ્રીઅંગ

ઉપર યજ્ઞોપવિત અને મુલાયમ એવા બારીક વસ્ત્રો ધારણ કર્યા છે, ગૌર વર્ણ અને શ્રીમુખ કમળ સમાન છે, પ્રાણાયામ કરતાં નાસિકા ઉપર શ્રીહસ્તની અંગુલીઓ રાખેલી છે, કર્ણમાં ઉત્તમ મોતીના આભૂષણ શોભે છે, અર્ધ મીંચેલા જેમના નેત્રો છે અને લલાટમાં કસ્તુરીનું તિલક શોભે છે, એવા સુંદર કેશવાળા શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ (શ્રીગુસાંઈજી) ને હું વંદન કરું છું.

**મંગલાચરણમ્**

**ચિંતાસંન્તાનહન્તારો, યત્પાદાં બુજરેણવઃ ।**
**સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ।।૧।।**

**ચિંતા સંતાન** = ચિંતાના સમૂહનો, **હન્તારઃ** = નાશ કરનાર છે, **યત્ પાદ અંબુજ રેણવઃ** = જેમના ચરણકમલની રજ, **સ્વીયાનામ્** = પોતાના સેવકોની, **તાન્** = તે, **નિજાચાર્યન્** = પોતાના આચાર્ય (શ્રીમહાપ્રભુજી)ને, **મુહુઃમુહુઃ** = વારંવાર, **પ્રણમામિ** = હું (શ્રીગુસાંઈજી) પ્રણામ કરું છું.

**ભાવાર્થ–** જેમના ચરણકમલની રજ પોતાના સેવકોની ચિંતાના સમૂહનો નાશ કરનાર છે તે પોતાના આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીને હું (શ્રીગુસાંઈજી) વારંવાર પ્રણામ કરું છું. (શ્રીગુસાંઈજીકૃત નવરત્ન-પ્રકાશ ટીકાનું મગલાચરણ)

**યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।**
**તમહં સર્વદા વંદે, શ્રીમદ્ વલ્લભનંદનમ્ ।।૨।।**

**યદ્ અનુગ્રહતઃ** = જેમની કૃપાથી, **જન્તુઃ** = પ્રાણીમાત્ર, **સર્વદુઃખાતિગઃ** = સર્વ દુઃખોનું ઉલ્લંઘન કરનાર, **ભવેત્** = થાય છે, **તમ્** = તે(શ્રીગોપીનાથજીને), **અહમ્ સર્વદા વન્દે** = સર્વદા હું (શ્રીગુસાંઈજી) વંદન કરું છું, **શ્રીમદ્ વલ્લભનંદનમ્** = શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પુત્રને

**ભાવાર્થ–** જેમની કૃપાથી પ્રાણીમાત્ર સર્વ દુઃખોનું ઉલ્લંઘન કરનાર થાય છે તે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પુત્રને હું સર્વદા વંદન કરું છું.(નોંધઃ-આ શ્લોકમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણ પોતાના જ્યેષ્ઠભ્રાતા શ્રીગોપીનાથજીને વંદન કરે છે પરંતુ આધુનિક પુષ્ટિજીવોએ તો આ બંને - શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજી પ્રભુચરણનું સ્મરણ કરીને વંદન કરવા.)

**અજ્ઞાનતિમિરાન્ધસ્ય, જ્ઞાનાંજનશલાકયા ।**
**ચક્ષુરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમઃ ।।૩।।**

**અજ્ઞાન તિમિર અન્ધસ્ય** = અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલાના, **જ્ઞાન અંજન શલાકયા** = જ્ઞાનરૂપી અંજનની શલાકા (સળી) વડે, **ચક્ષુ: ઉન્મીલિતમ્** = ચક્ષુ ઉઘાડેલા છે, **યેન** = જેમણે, **તસ્મૈ** = તે, **શ્રી ગુરવે નમઃ** = શ્રીગુરુદેવને નમન હો.

**ભાવાર્થ–** જ્ઞાનરૂપી અંજનની સળી વડે, અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલાના ચક્ષુ જેમણે ઉઘાડેલા છે તે શ્રીગુરુદેવને નમન હો.

**નમામિ હૃદયે શેષે, લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।**
**લક્ષ્મીસહસ્ર લીલાભિઃ, સેવ્યમાનં કલાનિધિમ્ ।।૪।।**

**નમામિ**= હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) નમન કરું છું, **હૃદયે શેષે** = હૃદયમાં શેષરૂપી, **લીલાઃ ક્ષીરઃ અબ્ધિ શાયિનમ્** = લીલારૂપી ક્ષીરસાગરમાં શયન કરતા, **લક્ષ્મી સહસ્ર લીલાભિઃ** = હજારો લક્ષ્મીઓ (શ્રીવ્રજસ્વામિનીજીઓ) અને તેઓની લીલાથી, **સેવ્યમાનમ્ =** સેવાતા, **કલાનિધિમ્ =** કલાના નિધિ (શ્રીકૃષ્ણ)

**ભાવાર્થ–** શેષરૂપી હૃદયમાં, લીલારૂપી ક્ષીરસાગરમાં શયન કરતા, હજારો લક્ષ્મીઓ અર્થાત્ શ્રીવ્રજસ્વામિનીજીઓ તથા તેમની લીલાથી સેવાતા કલાના નિધિ (ભંડાર) એવા ભગવાન શ્રીકૃષ્ણને હું નમન કરું છું.

**ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।**
**ષડ્ભિર્વિરાજતે યોસૌ, પંચધા હૃદયે મમ ।।૫।।**

**ચતુર્ભિઃ ચ** = ચાર (દશમ સ્કંધ–જન્મપ્રકરણના ચાર અધ્યાયો) થી અને, **ચતુર્ભિઃ ચ** = ચાર (દશમ સ્કંધ–તામસ પ્રકરણના ચાર પેટા પ્રકરણો) થી અને, **ચતુર્ભિઃ ચ** = ચાર (દશમ સ્કંધ–રાજસ પ્રકરણના ચાર પેટા પ્રકરણો) થી અને, **ત્રિભિઃતથા** = ત્રણ (દશમ સ્કંધ–સાત્ત્વિક પ્રકરણના ત્રણ પેટા પ્રકરણો) થી તથા, **ષડ્ભિઃ** = છ (દશમ સ્કંધ–ગુણ પ્રકરણના છ અધ્યાયો) થી, **વિરાજતે** = બિરાજે છે, **યઃ અસૌ** = જે આ, **પંચધા** = પાંચ પ્રકારે (દશમ સ્કંધના પાંચ પ્રકરણોમાં), **હૃદયે મમ** = મારા (શ્રીમહાપ્રભુજીના) હૃદયમાં

**ભાવાર્થ**–ચાર (દશમ સ્કંધ-જન્મ પ્રકરણના ચાર અધ્યાયો) થી, ચાર (દશમ સ્કંધ-તામસ પ્રકરણના ચાર-પ્રમાણ,પ્રમેય,સાધન અને ફલ પ્રકરણ) થી, ચાર (દશમ સ્કંધ-રાજસ પ્રકરણના ચાર-પ્રમાણ,પ્રમેય,સાધન અને ફલ પ્રકરણ) થી ત્રણ (દશમ સ્કંધ-સાત્ત્વિક પ્રકરણના ત્રણ-પ્રમેય,સાધન અને ફલ પ્રકરણ) થી તથા છ (દશમ સ્કંધ-ગુણ પ્રકરણના છ અધ્યાયો) થી આમ શ્રીમદ્ભાગવત-દશમ સ્કંધમાં પાંચ પ્રકારે જે, આ મારા અર્થાત્ શ્રીમહાપ્રભુજીના હૃદયમાં બિરાજે છે તેમને હું નમન કરું છું.

*

# શ્રીસર્વોત્તમસ્તોત્રમ્

**પ્રાકૃત ધર્માનાશ્રયમ્, અપ્રાકૃતનિખિલ ધર્મરૂપમિતિ ।**
**નિગમ પ્રતિપાદ્યં યત્ તત્ શુદ્ધં સાકૃતિ સ્તૌમિ ।।૧।।**

**પ્રાકૃત ધર્મ અનાશ્રયમ્** = પ્રાકૃત ધર્મોથી રહિત, **અપ્રાકૃત નિખિલ ધર્મરૂપમ્** = અપ્રાકૃત સર્વ ધર્મરૂપ, **નિગમ પ્રતિપાદ્યમ્** = વેદમાં પ્રતિપાદન કરેલું, **યત્** = જે, **ઈતિ** = એવું/તેવા, **તત્** = તે, **શુદ્ધમ્** = શુદ્ધ, **સ આકૃતિ** = સાકાર, **સ્તૌમિ** = સ્તુતિ કરું છું

**ભાવાર્થ**–પ્રકૃતિના ધર્મોથી રહિત અને અપ્રાકૃત સર્વ ધર્મરૂપ તથા વેદોમાં પ્રતિપાદન કરેલું છે, તેવા શુદ્ધ અને સાકાર સ્વરૂપ (શ્રીકૃષ્ણ) ની હું (શ્રીગુસાંઈજી પ્રભુચરણ) સ્તુતિ કરું છું.

**કલિકાલતમચ્છન્ન, દૃષ્ટિત્વાદ્ વિદુષામપિ ।**
**સંપ્રત્યવિષયસ્તસ્ય, માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ।।૨।।**

**કલિકાલ તમચ્છન્ન દૃષ્ટિત્વાદ્** = કલિકાલરૂપી અંધકારથી આચ્છાદિત થઈ ગયેલ દૃષ્ટિવાળા, **વિદુષમ્ અપિ** = વિદ્વાનોને પણ, **સંપ્રતિ અવિષયઃ તસ્ય** = હાલમાં જે અવિષય (દૃષ્ટિથી અગોચર), **માહાત્મ્યમ્** = માહાત્મ્ય, **સમભૂદ્** = થઈ ગયું છે, **ભુવિ** = ભૂતળ ઉપર

**ભાવાર્થ**– આ શુદ્ધ સાકાર સ્વરૂપનું માહાત્મ્ય કલિકાલરૂપી અંધકારથી આચ્છાદિત થઈ જવાથી હાલમાં ભૂતળ ઉપર વિદ્વાનોની દૃષ્ટિથી પણ અગોચર બન્યું છે.

**દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।**
**વાણ્યા યદા તદા સ્વાસ્યં, પ્રાદુર્ભૂતં ચકાર હિ ।।૩।।**

**દયયા** = દયા કરીને, **નિજ માહાત્મ્યમ્** = પોતાનું માહાત્મ્ય, **કરિષ્યન્ પ્રકટમ્** = પ્રકટ કરવાની ઈચ્છા કરી, **હરિઃ** = ભગવાન શ્રીકૃષ્ણ, **વાણ્યા** = વાણીથી, **યદા** = જ્યારે, **તદા** = ત્યારે, **સ્વ આસ્યમ્** = પોતાના મુખારવિદસ્વરૂપ (શ્રીમહાપ્રભુજી), **પ્રાદુર્ભૂતમ્ ચકાર હિ** = નિશ્ચય પ્રકટ કર્યા.

**ભાવાર્થ–** જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે દયા કરીને પોતાનું માહાત્મ્ય વાણીથી પ્રકટ કરવાની ઈચ્છા કરી, ત્યારે પોતાના મુખારવિદ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીને નિશ્ચય પ્રાદુર્ભૂત કર્યા.

**તદુક્તમપિ દુર્બોધં, સુબોધં સ્યાદ્ યથા તથા ।**
**તન્નામાષ્ટોત્તરશતં, પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ।।૪।।**

**તદ્ ઉકતમ્ અપિ** = જેમનું કહેલું પણ, **દુર્બોધમ્** = કષ્ટથી બોધ થઈ શકે એવું હોવાથી, **સુબોધમ્ સ્યાદ્** = સારી રીતે બોધ થાય, **યથા** = જે રીતે, **તથા** = તે રીતે, **તન્ નામ અષ્ટોત્તર શતમ્** = તેમના ૧૦૮ નામો, **પ્રવક્ષ્યામિ અખિલ અઘ હૃત્** = સર્વ પાપોને હરનારા (નામો) સારી રીતે હું (શ્રીગુસાંઈજી પ્રભુચરણ) કહું છું.

**ભાવાર્થ–**શ્રીમહાપ્રભુજીનું કહેલું અર્થાત્ આપશ્રીએ પ્રકટ કરેલ ગ્રંથો/આપશ્રીની વાણી કષ્ટથી સમજાય તેવી હોવાથી, તે જે રીતે સારી રીતે સમજાય તે માટે સર્વ પાપો અર્થાત્ પુષ્ટિભક્તિમાર્ગમાં આવતા પ્રતિબંધોને હરનારાં, શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામો હું (શ્રીગુસાંઈજી પ્રભુચરણ) સારી રીતે કહું છું.

**ઋષિરગ્નિકુમારસ્તુ, નામ્નાં છંદો જગત્યસૌ ।**
**શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ, બીજં કારુણિકઃ પ્રભુઃ ।।૫।।**

**ઋષિઃ અગ્નિકુમારઃ તુ** = (આ સ્તોત્રના) ઋષિ અગ્નિકુમાર (શ્રીગુસાંઈજી) છે, **નામ્નામ્** = નામોનો, **છંદઃ** = છંદ, **જગતિ અસૌ** = જગતમાં પ્રસિદ્ધ (અનુષ્ટુપ) છે, **શ્રીકૃષ્ણ આસ્યમ્** = શ્રીકૃષ્ણના મુખારવિંદ, **દેવતા ચ** = અને દેવતા, **બીજમ્** = બીજ, **કારુણિકઃ પ્રભુઃ** = કારણિક પ્રભુ છે.

**ભાવાર્થ-** આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર શ્રીગુસાંઈજી પ્રભુચરણ છે.નામોનો છંદ જગતમાં પ્રસિદ્ધ એવો અનુષ્ટુપ છે.દેવતા શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી અને બીજ કારુણિક પ્રભુ છે.

**વિનિયોગો ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને ।**
**કૃષ્ણાધરામૃતાસ્વાદ, સિદ્ધિરત્ર ન સંશયઃ ॥૬॥**

**વિનિયોગઃ** = (આ સ્તોત્રનો) વિનિયોગ-ઉપયોગ, **ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને**= ભક્તિયોગમાં આવતા પ્રતિબંધના વિનાશ માટે છે, **કૃષ્ણ અધર અમૃત આસ્વાદ્** = શ્રીકૃષ્ણના અધરામૃતનો આસ્વાદ, **સિદ્ધિઃ અત્ર** = અહીં સિદ્ધિ છે, **ન સંશયઃ** = શંકા નથી.

**ભાવાર્થ-** આ ૧૦૮ નામના પાઠનો વિનિયોગ પુષ્ટિભક્તિમાર્ગમાં આવતા પ્રતિબંધોના વિનાશ માટે છે. અહીં શ્રીકૃષ્ણના અધરામૃતનો આસ્વાદ તેની સિદ્ધિ છે, એમાં શંકા નથી.

(શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામો)

**આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।**
**દૈવોદ્ધાર પ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥**

(૧) **આનંદઃ** = આનંદ સ્વરૂપ, (૨) **પરમાનંદઃ** = પરમાનંદ સ્વરૂપ, (૩) **શ્રીકૃષ્ણ આસ્યમ્** = શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ, (૪) **કૃપાનિધિઃ** = કૃપાના નિધિ (ભંડારરૂપ), **(૫) દૈવોદ્ધાર પ્રયત્નાત્મા** = (નિત્યલીલામાંથી વિખૂટા પડેલા) દૈવીજીવોના ઉદ્ધાર માટે પ્રયત્નશીલ, **(૬) સ્મૃતિ માત્ર - આર્તિનાશનઃ** = સ્મરણ માત્રથી (નિજજનોના) આર્તિ (દુખ) નો નાશ કરનાર.

**શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ ।**
**સાકાર બ્રહ્મવાદૈક સ્થાપકો વેદપારગઃ ॥૮॥**

**(૭) શ્રીભાગવત ગૂઢ અર્થ પ્રકાશન પરાયણઃ** = શ્રીમદ્ ભાગવતના ગૂઢ અર્થનો પ્રકાશ કરવામાં પરાયણ, **(૮) સાકાર બ્રહ્મવાદૈક સ્થાપકઃ** = સાકાર બ્રહ્મવાદના સ્થાપક, **(૯) વેદપારગઃ** = વેદમાં પારંગત.

**માયાવાદ નિરાકર્તા, સર્વવાદિ નિરાસકૃત્ ।**
**ભક્તિમાર્ગાબ્જમાર્તંડ, સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ।।૯।।**

(૧૦) **માયાવાદ નિરાકર્તા**=માયાવાદનું નિરાકરણ (ખંડન) કરનાર, (૧૧) **સર્વવાદિનિરાસકૃત્** = સર્વવાદીઓને નિરાસ કરનાર, (૧૨) **ભક્તિમાર્ગ અબ્જમાર્તંડ** ભક્તિમાર્ગરૂપી કમળને ખીલવનાર સૂર્યરૂપ, (૧૩) **સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ** = સ્ત્રી, શુદ્રો આદિ દૈવી જીવોનો ઉદ્ધાર કરવામાં સમર્થ.

**અંગીકૃત્યૈવ ગોપીશ, વલ્લભીકૃત માનવઃ ।**
**અંગીકૃતૌ સમર્યાદો, મહાકારુણિકો વિભુઃ ।।૧૦।।**

(૧૪) **અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવઃ** = અંગીકાર માત્રથી દૈવીજીવોને ગોપીશ શ્રીકૃષ્ણના પ્રિય કરનાર, (૧૫) **અંગીકૃતૌ સમર્યાદઃ** = મર્યાદા સહિત અંગીકાર કરનાર, (૧૬) **મહાકારુણિકઃ** = મહા કરુણાવાળા, (૧૭) **વિભુઃ** = સર્વસમર્થ

**અદેયદાનદક્ષશ્ચ, મહોદારચરિત્રવાન્ ।**
**પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ ।।૧૧।।**

(૧૮) **અદેયદાનદક્ષઃ ચ** = કોઈથી ન આપી શકાય એવું દાન કરવામાં ચતુર, (૧૯) **મહોદાર ચરિત્રવાન્** = મહાન ઉદાર ચરિત્રવાળા, (૨૦) **પ્રાકૃત–અનુકૃતિ–વ્યાજ મોહિત–આસુર માનુષ** = પ્રાકૃત મનુષ્ય જેવા કાર્યો દ્વારા આસુરીજનોને મોહ કરનાર.

**વૈશ્વાનરો વલ્લભાખ્યઃ, સદ્રૂપો હિતકૃત્સતામ્ ।**
**જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃન્ નિખિલેષ્ટદઃ ।।૧૨।।**

(૨૧) **વૈશ્વાનરઃ** = વૈશ્વાનર(અલૌકિક અગ્નિ) રૂપ, (૨૨) **વલ્લભાખ્યઃ** = 'શ્રીવલ્લભ'નામવાળા, (૨૩) **સદ્રૂપઃ** = સદ્ (સત્યસ્વરૂપ) રૂપવાળા, (૨૪) **હિતકૃત સતામ્** = સત્પુરુષોનું હિત કરનાર, (૨૫) **જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃન્** = દૈવીજીવોને શીખવવા માટે શ્રીકૃષ્ણભક્તિ કરનાર, (૨૬) **નિખિલેષ્ટદઃ** = સર્વ ઈચ્છિત પદાર્થનું દાન કરનાર,

**સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।**
**સ્વાનંદતુંદિલઃ પદ્મદલાયતવિલોચનઃ ।।૧૩।।**

(૨૭) **સર્વલક્ષણસંપન્નઃ** = સર્વલક્ષણોથી સંપન્ન, (૨૮) **શ્રીકૃષ્ણ જ્ઞાનદઃ** = શ્રીકૃષ્ણ સંબંધી જ્ઞાન આપનાર, (૨૯) **ગુરુઃ** = પુષ્ટિભક્તિમાર્ગના ગુરુ, (૩૦) **સ્વાનંદતુંદિલઃ** = પોતાના આનંદથી પુષ્ટ, (૩૧) **પદ્મ દલાયત વિલોચનઃ** = કમલની પાંખડી જેવા વિશાળ નેત્રવાળા

**કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટ, દાસદાસીપ્રિયઃ પતિઃ ।**
**રોષદક્પાતસંપ્લુષ્ટ, ભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ ।।૧૪।।**

(૩૨) **કૃપાદગ્-વૃષ્ટિ-સંહૃષ્ટ દાસ-દાસી-પ્રિયઃ** = કૃપાદષ્ટિની વર્ષાથી આનંદિત થયેલ પોતાના દાસદાસીજનોના પ્રિય, (૩૩) **પતિઃ** = (દૈવીજીવોના) અલૌકિક પતિ, (૩૪) **રોષદક્પાત-સમ્પ્લુષ્ટ ભક્તદ્વિટ્** = રોષપૂર્ણ દષ્ટિથી ભક્તોના દ્વેષીઓનો નાશ કરનાર, (૩૫) **ભક્તસેવિતઃ** = ભક્તોથી સેવાયેલા.

**સુખસેવ્યો દુરારાધ્યો, દુર્લભાંઘ્રિસરોરુહઃ ।**
**ઉગ્રપ્રતાપો વાક્સીધુ પૂરિતાશેષ સેવકઃ ।।૧૫।।**

(૩૬) **સુખસેવ્યઃ** = (નિજજનોથી) સુખપૂર્વક સેવાતા, (૩૭) **દુરારાધ્યઃ** = (અન્યજનોથી) દુખથી આરાધી શકાય એવા, (૩૮) **દુર્લભ-અંઘ્રિ-સરોરુહઃ** = (અભક્તથી) જેમના ચરણકમલ પ્રાપ્ત કરવા દુર્લભ છે એવા, (૩૯) **ઉગ્ર પ્રતાપઃ** = (અભક્તોથી) સહન ન થઈ શકે એવો ઉગ્ર પ્રતાપ છે એવા, (૪૦) **વાક્સીધુ-પૂરિત-અશેષ-સેવકઃ** = સૌ સેવકોને વચનામૃતોથી પૂર્ણ કરનાર.

**શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમઃ ।**
**તત્સારભૂત રાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહઃ ।।૧૬।।**

(૪૧) **શ્રીભાગવતપીયૂષ-સમુદ્ર-મથન-ક્ષમઃ** = શ્રીમદ્ ભાગવતરૂપી અમૃત સમુદ્રનું મથન કરવામાં સમર્થ, (૪૨) **તત્સારભૂત-રાસસ્ત્રી-ભાવપૂરિત-વિગ્રહઃ** = (શ્રીમદ્ ભાગવતરૂપી સમુદ્રના)-સારભૂત રાસસ્ત્રીઓના ભાવથી પૂર્ણ જેમનું શ્રીઅંગ છે એવા.

**સાન્નિધ્યમાત્ર દત્તશ્રીકૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ ।**
**રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈત્ તત્કથાપ્રદઃ ।।૧૭।।**

(૪૩) **સાન્નિધ્યમાત્ર-દત્ત-શ્રીકૃષ્ણપ્રેમા** = સાન્નિધ્યમાત્રથી શ્રીકૃષ્ણપ્રેમનું દાન કરનાર, (૪૪) **વિમુક્તિદઃ** = (પુષ્ટિમાર્ગીય) મુક્તિ આપનાર, (૪૫) **રાસલીલૈકતાત્પર્યઃ** = રાસલીલા એ જ તાત્પર્ય છે જેનું એવા, (૪૬) **કૃપયા-એતત્-કથાપ્રદઃ** = કૃપાકરીને એ (રાસલીલાની) કથાનો અનુભવ કરાવનાર

**વિરહાનુભવૈકાર્થ, સર્વત્યાગોપદેશકઃ ।**
**ભકત્યાચારોપદેષ્ટા ચ, કર્મમાર્ગ પ્રવર્તકઃ ।।૧૮।।**

(૪૭) **વિરહ-અનુભવૈક અર્થ-સર્વત્યાગઃ ઉપદેશકઃ** = કેવળ ભગવદ્‌વિરહના અનુભવને માટે જ સર્વત્યાગનો ઉપદેશ કરનાર, (૪૮) **ભકત્યાચારઃ ઉપદેષ્ટા ચ** = ભકિત માર્ગના આચારનો ઉપદેશ કરનાર અને, (૪૯) **કર્મમાર્ગપ્રવર્તકઃ**=કર્મમાર્ગના પ્રવર્તક

**યાગાદૌ ભક્તિમાર્ગૈક, સાધનત્વોપદેશકઃ ।**
**પૂર્ણાનંદઃ પૂર્ણકામો, વાક્પતિર્વિબુધેશ્વરઃ ।।૧૯।।**

(૫૦) **યાગાદૌભક્તિમાર્ગૈક સાધનત્વોપદેશકઃ** = યજ્ઞઆદિનું સાધન એક ભક્તિમાર્ગજ છે એવો ઉપદેશ કરનાર, (૫૧) **પૂર્ણાનંદઃ** = પૂર્ણ આનંદવાળા, (૫૨) **પૂર્ણકામઃ** = પૂર્ણ કામનાવાળા, (૫૩) **વાક્પતિઃ** = વાણીના પતિ, (૫૪) **વિબુધેશ્વરઃ** = (ભક્તિમાર્ગીય) જ્ઞાનીઓના ઈશ્વર

**કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા ભક્તપરાયણઃ ।**
**ભક્ત્યાચારોપદેશાર્થ, નાનાવાક્ય નિરૂપકઃ ।।૨૦।।**

(૫૫) **કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા** = શ્રીકૃષ્ણના એક હજાર નામો (શ્રીપુરુષોત્તમસહસ્રનામ સ્તોત્ર) ને પ્રકટ કરનાર, (૫૬) **ભક્તપરાયણઃ** = ભક્તોમાં પરાયણ, (૫૭) **ભક્ત્યાચારોપદેશાર્થ નાનાવાક્ય નિરૂપકઃ** = ભક્તિમાર્ગના આચારના ઉપદેશ અર્થે વિવિધ ગ્રંથો પ્રકટ કરનાર

**સ્વાર્થોજ્જિતાખિલપ્રાણ, પ્રિયસ્તાદશવેષ્ટિતઃ ।**
**સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ॥૨૧॥**

(૫૮) **સ્વાર્થોજ્જિતાખિલપ્રાણપ્રિયઃ** = પોતાને (શ્રીમહાપ્રભુજી) માટે જેમણે સર્વ કંઈ ત્યાગ કર્યો છે એવા નિજજનોના પ્રાણથી પણ પ્રિય, **(૫૯) તાદશવેષ્ટિતઃ** = તાદશીજનોથી વીંટળાયેલા, (૬૦) **સ્વદાસ-અર્થ-કૃત્ અશેષ સાધનઃ** = પોતાના દાસોને માટે સર્વ સાધનો કરનાર, (૬૧) **સર્વશક્તિ ધૃક્** = સર્વ શક્તિઓને ધારણ કરનાર

**ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ પિતા ।**
**સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥**

(૬૨) **ભુવિ-ભક્તિ-પ્રચારૈક-કૃતૈ સ્વ-અન્વય કૃતે** = ભૂમિ ઉપર એકમાત્ર ભક્તિનો પ્રચાર કરવા માટે સ્વવંશ પ્રકટ કરનાર, (૬૩) **પિતા** = શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી પ્રભુચરણના પિતા, (૬૪) **સ્વવંશે-સ્થાપિત-અશેષ સ્વમાહાત્મ્યઃ** = સ્વવંશ (માત્ર ઔરસ પુત્રો) માં આપનું સંપૂર્ણ માહાત્મ્ય સ્થાપન કરનાર, (૬૫) **સ્મયાપહઃ** = આશ્ચર્યને હરનાર (મોહ દૂર કરનાર)

**પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિક દાનકૃત્ ।**
**નિગૂઢ હૃદયોનન્ય ભક્તેષુજ્ઞાપિતાશયઃ ॥૨૩॥**

(૬૬) **પતિવ્રતાપતિઃ** = પતિવ્રતાના પતિ, (૬૭) **પારલૌકિક-ઐહિક-દાનકૃત્** = આલોક તથા પરલોકના ફળનું દાન કરનાર, (૬૮) **નિગૂઢ હૃદયઃ** = અત્યંત ગૂઢ હૃદયવાળા, (૬૯) **અનન્ય-ભક્તેષુ જ્ઞાપિત-આશયઃ** = અનન્ય ભક્તોને પોતાના હૃદયનો આશય જણાવનાર

**ઉપાસનાદિ માર્ગાતિ મુગ્ધમોહ નિવારકઃ ।**
**ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥૨૪॥**

(૭૦) **ઉપાસનાદિ-માર્ગ અતિ -મુગ્ધમોહ નિવારકઃ** = ઉપાસના આદિ માર્ગોથી અતિ મુગ્ધ થયેલાઓના મોહનું નિવારણ કરનાર, (૭૧) **ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્ય-અનુભૂતિ કૃત્**=સર્વમાર્ગો કરતાં પુષ્ટિ ભક્તિમાર્ગની રીત વિલક્ષણ છે એવો અનુભવ કરાવનાર

**પૃથક્ શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।**
**પ્રતિક્ષણ નિકુંજસ્થલીલારસસુપૂરિતઃ ॥૨૫॥**

(૭૨) **પૃથક-શરણમાર્ગ-ઉપદેષ્ટા** = (મર્યાદા શરણમાર્ગથી) જુદો એવો પુષ્ટિશરણમાર્ગનો ઉપદેશ કરનાર, (૭૩) **શ્રીકૃષ્ણ-હાર્દવિત્,** = શ્રીકૃષ્ણના અભિપ્રાયને જાણનારા, (૭૪) **પ્રતિક્ષણ-નિકુંજસ્થ લીલારસ-સુપૂરિતઃ** = (પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણની) નિકુંજમાં થતી નિત્યલીલાના રસથી પ્રતિક્ષણે સારી રીતે પૂર્ણ

**તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્ વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।**
**પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિલીલાકર્તા રહપ્રિયઃ ॥૨૬॥**

(૭૫) **તત્ કથાક્ષિપ્ત ચિત્તઃ** = (શ્રીકૃષ્ણની) લીલાકથાના રસમાં મગ્ન ચિત્તવાળા, (૭૬) **તદ્ વિસ્મૃત અન્યઃ** = (પરિણામે) ભગવદ્ લીલારસથી વિરુદ્ધ અન્ય સર્વ કંઈનું વિસ્મરણ કરનાર, (૭૭) **વ્રજપ્રિયઃ** = વ્રજ જેમને પ્રિય છે એવા, (૭૮) **પ્રિય-વ્રજ-સ્થિતિઃ** = વ્રજમાં સ્થિતિ (રહેવું) જેમને પ્રિય છે એવા, (૭૯) **પુષ્ટિલીલા કર્તા** = પુષ્ટિલીલા, (૮૦) **રહઃ પ્રિયઃ** = એકાંત જેમને પ્રિય છે એવા

**ભક્તેચ્છાપૂરકઃ સર્વજ્ઞાતલીલોતિમોહનઃ ।**
**સર્વાસકતો ભક્તમાત્રાસકતઃ પતિતપાવનઃ ॥૨૭॥**

(૮૧) **ભક્ત-ઈચ્છા-પૂરકઃ** = પુષ્ટિભક્તોની ઈચ્છા પૂર્ણ કરનાર, (૮૨) **સર્વ-અજ્ઞાત-લીલઃ** = સર્વથી અજ્ઞાત છે જેમની લીલા એવી, (૮૩) **અતિમોહનઃ** = અતિ મોહ ઉપજાવનાર, (૮૪) **સર્વાસકતઃ** = (પુષ્ટિભક્તો સિવાય) સર્વમાં ઉપેક્ષાયુક્ત, (૮૫) **ભક્ત માત્ર-આસકતઃ** = માત્ર નિજ ભક્તોમાં આસકત, (૮૬) **પતિતપાવનઃ** = પતિતને પાવન કરનાર.

**સ્વયશોગાનસંહૃષ્ટ, હૃદયાંભોજ વિષ્ટરઃ ।**
**યશઃ પીયૂષલહરી પ્લાવિતાન્યરસઃ પરઃ ॥૨૮॥**

(૮૭) **સ્વ-યશોગાન-સંહૃષ્ટ હૃદય અંભોજ-વિષ્ટરઃ** =પોતાના યશોગાનથી આનંદિત થયેલા ભક્તોના હૃદયકમલ જેના આસનરૂપ છે એવા, (૮૮)

**યશ:પીયૂષલહરી પ્લાવિત-અન્ય રસઃ** = પોતાની યશરૂપી અમૃત લહરીથી (નિક્જનોના હૃદયમાં) પ્લાવિત (ડૂબાડેલા) છે અન્ય રસ જેમને એવા, **(૮૯) પરઃ** = (ક્ષર અને અક્ષરથી પણ) સર્વથી શ્રેષ્ઠ,

**લીલામૃતરસાર્દ્રાર્દ્રી કૃતાખિલશરીરભૃત્ ।**
**ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ તલ્લીલા પ્રેમપૂરિતઃ ।।૨૯।।**

**(૯૦) લીલા-અમૃત-રસ-આર્દ્રાર્દ્રી કૃત્-અખિલ-શરીર-ભૂત** = (શ્રીઠાકોરજીના) લીલારૂપી અમૃતરસથી સર્વ પુષ્ટિ શરીરધારી (દૈવીજીવો) ને રસવાળા કરનાર, **(૯૧) ગોવર્ધન-સ્થિતિ-ઉત્સાહઃ** = શ્રીગોવર્ધન (શ્રીગિરિરાજજી) માં રહેવા માટે ઉત્સાહવાળા **(૯૨) તદ્-લીલા-પ્રેમપૂરિતઃ** = (શ્રીઠાકોરજીની) તે લીલા રસના પ્રેમથી પૂર્ણ.

**યજ્ઞભોકતા યજ્ઞકર્તા, ચતુર્વર્ગ વિશારદઃ ।**
**સત્યપ્રતિજ્ઞઃ ત્રિગુણાતીતો, નય વિશારદઃ ।।૩૦।।**

**(૯૩) યજ્ઞભોક્તા** = (શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણના મુખારવિદરૂપે અગ્નિસ્વરૂપ હોવાથી) યજ્ઞના પદાર્થોનો ભોગ કરનાર, **(૯૪) યજ્ઞકર્તા** = (સાક્ષાત શ્રીકૃષ્ણસ્વરૂપ હોવાથી) ગોવર્ધન યાગ વગેરે યજ્ઞના કર્તા, **(૯૫) ચતુર્વર્ગવિશારદઃ** = (ધર્મ-અર્થ-કામ અને મોક્ષ)એ ચાર પુરુષાર્થમાં વિશારદ, **(૯૬) સત્યપ્રતિજ્ઞઃ** = સત્ય પ્રતિજ્ઞાવાળા, **(૯૭) ત્રિગુણાતીતઃ** = (સત્વ, રજ અને તમ) ત્રણ ગુણોથી પર (ઉત્તમ), **(૯૮) નય વિશારદઃ** = સ્વમાર્ગીય સિદ્ધાંત દર્શાવતા શાસ્ત્રોમાં વિશારદ (નિપુણ)

**સ્વકીર્તિવર્ધનઃ તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ ।**
**માયાવાદાખ્યતૂલાગ્નિઃ બ્રહ્મવાદ નિરૂપકઃ ।।૩૧।।**

**(૯૯) સ્વકીર્તિવર્ધનઃ** = (સ્વમાર્ગીય ગ્રંથો પ્રકટ કરી) પોતાની કીર્તિ વધારનાર, **(૧૦૦) તત્ત્વસૂત્ર-ભાષ્ય-પ્રદર્શક** = તત્ત્વ (બ્રહ્મ) નિરૂપણ કરનાર શ્રીવ્યાસજીના બ્રહ્મસૂત્રો ઉપર અણુભાષ્ય પ્રકટ કરનાર, **(૧૦૧) માયાવાદ-આખ્ય -તૂલ-અગ્નિઃ** = માયાવાદરૂપી રૂના સમૂહને ભસ્મ કરનાર અગ્નિરૂપ, **(૧૦૨) બ્રહ્મવાદ નિરૂપકઃ** = બ્રહ્મવાદનું નિરૂપણ કરનાર

**અપ્રાકૃતાખિલા કલ્પભૂષિતઃ સહજસ્મિતઃ ।**
**ત્રિલોકીભૂષણં ભૂમિભાગ્યં સહજસુંદરઃ ॥૩૨॥**

**(૧૦૩) અપ્રાકૃત-અખિલા કલ્પ-ભૂષિતઃ** = અપ્રાકૃત એવા સમગ્ર આભૂષણોથી શોભિત, **(૧૦૪) સહજ સ્મિતઃ** = સ્વાભાવિક હાસ્યવાળા, **(૧૦૫) ત્રિલોકીભૂષણમ્** = ત્રણે લોકના ભૂષણરૂપ, **(૧૦૬) ભૂમિ ભાગ્યમ્** = ભૂમિના ભાગ્યરૂપ, **(૧૦૭) સહજસુંદરઃ** = સહજ સુંદર સ્વરૂપવાળા

**અશેષભક્તસંપ્રાર્થ્ય ચરણાબ્જરજોધનઃ ॥૩૨-૧/૨॥**

**(૧૦૮) અશેષ-ભક્ત-સંપ્રાર્થ્ય ચરણ-અબ્જ-રજોધનઃ** = સૌ ભક્તજનો જેમના ચરણકમલની રજરૂપી ધનની સારી રીતે પ્રાર્થના કરે છે એવા શ્રીમહાપ્રભુજી

**ઈત્યાનંદનિધેઃ પ્રોકતં નામ્નાં અષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥**

**ઈતિ-આનંદનિધેઃ** = આ પ્રમાણે આનંદના નિધિ (શ્રીમહાપ્રભુજીના), **પ્ર-ઉકતમ્** = ઉત્તમ પ્રકારે કહ્યા, **નામ્નામ્** = નામોને, **અષ્ટોત્તરમ્ શતમ્** = એકસોને આઠ

**ભાવાર્થ-** આ પ્રમાણે આનંદના નિધિ એવા શ્રીમહાપ્રભુજીના એકસો ને આઠ નામો ઉત્તમ પ્રકારે નિરૂપણ કર્યા.

**શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ, પઠત્યનુદિનં જનઃ ।**
**સ તદેકમના સિદ્ધિંમુક્તાં પ્રાપ્નોત્યસંશયમ્ ॥૩૪॥**

**શ્રદ્ધા-વિશુદ્ધ-બુદ્ધિઃ યઃ** = જે શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિથી, **પઠતિ-અનુદિનમ્** = નિરંતર પાઠ કરે છે, **જનઃ** = (શ્રીમહાપ્રભુજીના) સેવક, **સ** = તે, **તદ્-એકમના-સિદ્ધિમ્ ઉકતામ્** = તે એક મનવાળો કહેલી સિદ્ધિને, **પ્રાપ્નોતિ સંશયમ્** = સંશય રહિત પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ-** જે કોઈ સેવક શ્રીમહાપ્રભુજીમાં શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિસહિત એક મનવાળો થઈને નિરંતર પ્રતિદિન પાઠ કરે છે તે શ્રીકૃષ્ણ અધરામૃતની સિદ્ધિ પ્રાપ્ત કરે છે એમાં સંશય નથી.

**તદપ્રાપ્તો વૃથા મોક્ષઃ તદાપ્તૌ તદ્ગતાર્થતા ।**
**અતઃ સર્વોત્તમં સ્તોત્રં, જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ।।૩૫।।**

**તદ્ અપ્રાપ્તૌ** = તે (અધરામૃતની સિદ્ધિ) પ્રાપ્ત ન થાય તો, **વૃથા મોક્ષઃ** = મોક્ષ વૃથા છે, **તદ્ આપ્તૌ** = તે (અધરામૃતની સિદ્ધિ) પ્રાપ્ત થાય તો, **તદ્-ગત-અર્થતા** = તે(અન્યમાર્ગીય ફલ/મુક્તિ વગેરેનું નિરર્થકપણું છે), **અતઃ** = આથી, **સર્વોત્તમમ્ સ્તોત્રમ્** = સર્વોત્તમ સ્તોત્રનો, **જપ્યમ્** = જપ કરવો, **કૃષ્ણરસ-અર્થિભિઃ** = શ્રીકૃષ્ણરસની ઈચ્છાવાળાએ

**ભાવાર્થ-** જો શ્રીકૃષ્ણ અધરામૃતની સિદ્ધિ પ્રાપ્ત ન થાય તો મોક્ષ વૃથા છે જો તે (અધરામૃતની સિદ્ધિ) પ્રાપ્ત થાય તો અન્યમાર્ગીયફલ/મુક્તિ વગેરેનું નિરર્થકપણું છે. આથી શ્રીકૃષ્ણરસની ઈચ્છાવાળાએ સર્વોત્તમ સ્તોત્રનો જપ કરવો.

**।। ઈતિ શ્રીઅગ્નિકુમાર પ્રોક્તં સર્વોત્તમ સ્તોત્રં સમ્પૂર્ણ ।।**

*

# શ્રીયમુનાષ્ટકમ્

**નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા ।**
**મુરારિપદપંકજ સ્ફુરદમંદરેણૂત્કટામ્ ।।**
**તટસ્થ નવકાનન પ્રકટ મોદ પુષ્પાંબુના ।**
**સુરાસુરસુપૂજિત સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ।।૧।।**

**નમામિ** = નમન કરું છું, **યમુનામ્ અહં** = શ્રી યમુનાજીને હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી), **સકલસિદ્ધિહેતું** = સકલ સિદ્ધિઓના કારણરૂપ, **મુદા** = આનંદપૂર્વક, **મુરારિ પદપંકજ** = મુર દૈત્યના શત્રુ શ્રીકૃષ્ણના ચરણકમલ વિશે, **સ્ફૂરત્ અમંદ** = પ્રકાશમાન અને પુષ્કળ, **રેણુ ઉત્કટામ્** = અતિશય રજથી ભરેલા, **તટસ્થ નવકાનન** = તટ ઉપરના નવા વનોમાં, **પ્રકટ મોદ** = પ્રકટ થયેલા આનંદરૂપી, **પુષ્પ અંબુના** = પુષ્પથી સુગંધિત જળ વડે, **સુર અસુર** = સુર અને અસુર વડે, **સુપૂજિત** = સારી રીતે પૂજાયેલા, **સ્મરપિતુઃ** = કામદેવના પિતા શ્રીકૃષ્ણની, **શ્રિયં બિભ્રતીમ્** = શોભાને ધારણ કરનાર

**ભાવાર્થ–** સકલ સિદ્ધિઓના કારણરૂપ, મુર દૈત્યના શત્રુ શ્રીકૃષ્ણના ચરણકમલ વિશે પ્રકાશમાન અને જળ કરતાં પણ વિશેષ રેણુને ધારણ કરનારા, તટ ઉપરના નવા વનોમાં આનંદરૂપી પ્રકટ થયેલા પુષ્પોથી મિશ્રિત સુગંધિત જળ વડે, સુર અને અસુર અર્થાત્ દૈન્ય ભાવવાળા અને માનભાવવાળા ભક્તોથી સારી રીતે પૂજાયેલા તથા કામદેવના પિતા ભગવાન શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરનાર એવા શ્રીયમુનાજીને હું (શ્રીમહાપ્રભુજી) આનંદપૂર્વક નમન કરું છું.

**કલિંદગિરિમસ્તકે પતદમંદપુરોજ્જ્વલા ।**
**વિલાસગમનોલ્લસત્ પ્રકટગંડશૈલોન્નતા ।।**
**સઘોષગતિદન્તુરા સમધિરૂઢદોલોત્તમા ।**
**મુકુન્દરતિવર્ધિની જયતિ પદ્મબંધોઃસુતા ।।૨।।**

**કલિંદગિરિમસ્તકે** = કલિંદ પર્વતના શિખર ઉપર, **પતત્ અમંદ પુર ઉજ્જ્વલા** = વેગથી પડતા પ્રવાહને લીધે ઉજ્જ્વળ દેખાતા, **વિલાસ ગમન ઉલ્લસત્** = વિલાસપૂર્વક ગતિ વડે શોભતા, **પ્રકટ ગંડ શૈલ ઉન્નતા** = પર્વતની શિલાઓથી ઊંચાનીચાં દેખાતા, **સઘોષ ગતિદંતુરા** = શબ્દપૂર્વક ગતિના પ્રવાહથી વિવિધ રસભાવોને પ્રકટ કરતાં, **સમધિરૂઢ દોલ ઉત્તમા** = ઉત્તમ દોલ (ઝૂલા)માં સારી રીતે બિરાજેલા, **મુકુન્દરતિવર્ધિની** = શ્રીમુકુન્દ ભગવાનમાં રતિ (પ્રેમ)ને વધારનારા, **જયતિ** = જય પામે છે, **પદ્મબંધોઃ સુતા** = કમળના બંધુ (સૂર્ય)ની પુત્રી (શ્રીયમુનાજી)

**ભાવાર્થ–** કલિંદ પર્વતના શિખર ઉપર વેગથી પડતા પ્રવાહને લીધે ઉજ્જ્વળ દેખાતા, વિલાસપૂર્વક ગતિ વડે શોભતા, પર્વતની શિલાઓથી ઊંચાનીચાં દેખાતા, શબ્દપૂર્વક ગતિના પ્રવાહથી વિવિધ રસભાવોને પ્રકટ કરતાં તથા ઉત્તમ દોલા (ઝૂલા)માં સારી રીતે બિરાજેલા હોય એવા જણાતા શ્રીમુકુન્દ ભગવાન–શ્રીકૃષ્ણમાં પ્રેમ વધારનારા એવા કમળના બંધુ એટલે સૂર્યના પુત્રી શ્રીયમુનાજી જય પામે છે.

**ભુવં ભુવનપાવની મધિગતા મનેકસ્વનૈઃ ।**
**પ્રિયા ભિરિવ સેવિતાં શુકમયૂરહંસાદિભિઃ ।।**
**તરંગભુજકંકણ પ્રકટ મુક્તિકા વાલુકા ।**
**નિતંબતટસુંદરીં નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ।।૩।।**

**ભુવં ભુવનપાવનીમ્ અધિગતામ્** = ભૂમંડળને પવિત્ર કરવા પૃથ્વી ઉપર પધારતા, **અનેકસ્વનૈઃ** = વિવિધ સ્વરો (શબ્દો) કરતા, **પ્રિયાભિઃ ઈવ સેવિતામ્** = પ્રિય સખીઓથી સેવાતા હોય તેમ, **શુક મયૂર હંસ આદિભિઃ** = પોપટ,મયૂર,હંસ વગેરે પક્ષીઓથી, **તરંગભુજ કંકણ પ્રકટ** = તરંગરૂપી શ્રી હસ્તના કંકણો ઉપર જડિત, **મુક્તિકા વાલુકા** = મોતીરૂપી વાલુકા(રેતી) યુક્ત, **નિતંબ તટ સુંદરીમ્** = નિતંબરૂપી બંને તટોથી સુંદર દેખાતા, **નમત** = નમન કરો, **કૃષ્ણ તુર્ય પ્રિયામ્** = શ્રીકૃષ્ણના ચતુર્થ પ્રિયા (શ્રીયમુનાજી) ને

**ભાવાર્થ–** ભૂમંડળને પવિત્ર કરતાં ભૂમિ ઉપર પધારતા શ્રીયમુનાજી, પ્રિય સખીઓથી જેમ સેવાતા હોય તેમ વિવિધ શબ્દો કરતાં પોપટ, મયૂર, હંસ વગેરે પક્ષીઓથી સેવાતાં, તરંગરૂપી શ્રીહસ્તના કંકણો ઉપર જડેલા મોતીની જેમ ચમકતી વાલુકા (રેતી) યુક્ત અને નિતંબરૂપી બંને તટોથી સુંદર દેખાતા એવા શ્રીકૃષ્ણના ચતુર્થ પ્રિયા શ્રીયમુનાજીને તમે નમન કરો.

**અનંતગુણભૂષિતે શિવવિરંચિદેવ સ્તુતે ।**
**ઘનાઘનનિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ।।**
**વિશુદ્ધ મથુરા તટે સકલગોપગોપીવૃતે ।**
**કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।।૪।।**

**અનંતગુણ ભૂષિતે** = અનંતગુણો વડે શોભતા, **શિવવિરંચિદેવ સ્તુતે** = શિવ, બ્રહ્માદિ દેવો વડે સ્તુતિ કરાયેલા, **ઘનાઘનનિભે** = ગાઢ મેઘ સમાન સ્વરૂપવાળા, **સદા ધ્રુવ પરાશર અભીષ્ટદે** = સદા ધ્રુવ,પરાશર વગેરેને ઈચ્છિત દાન કરનારા, **વિશુદ્ધ મથુરા તટે** = વિશુદ્ધ મથુરાજી જેમના તટ ઉપર છે, **સકલ ગોપ ગોપીવૃતે** = સકલ ગોપ-ગોપીજનોથી વીંટળાયેલા, **કૃપા જલધિ સંશ્રિતે** = કૃપાસિંધુ (શ્રીકૃષ્ણ)ના આશ્રયમાં રહેલા, **મમ મનઃ** = મારા મનને, **સુખં ભાવય** = સુખ થાય એમ વિચારો,

**ભાવાર્થ–** અનંત ગુણો વડે શોભતા, શિવ-બ્રહ્માદિ દેવો વડે સ્તુતિ કરાયેલા, ગાઢ મેઘ સમાન સ્વરૂપવાળા, ધ્રુવ-પરાશર વગેરેને મનવાંછિત ફળદાન કરનારા, વિશુદ્ધ મથુરાજી જેમના તટ ઉપર છે, એવા સકલ ગોપ-ગોપીજનોથી વીંટળાયેલા તથા કૃપાસિંધુ શ્રીકૃષ્ણના આશ્રયમાં રહેલા એવા મારા મનને સુખ થાય તેમ હે શ્રીયમુનાજી ! આપ વિચારો.

**યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયં ભાવુકા ।**
**સમાગમનતો ભવત્ સકલસિદ્ધિદા સેવતામ્ ।।**
**તયા સદશતામિયાત્ કમલજા સપત્ની વયત્ ।**
**હરિપ્રિય કલિંદયા મનસિ મે સદા સ્થીયતામ્ ।।૫।।**

**યયા ચરણપદ્મજા** = જેમના (શ્રીહરિના) ચરણકમલમાંથી પ્રકટ થયેલ (શ્રીગંગાજી), **મુરરિપોઃ પ્રિયં ભાવુકા** = મુર દૈત્યના શત્રુ-શ્રીકૃષ્ણના પ્રિય થયા, **સમાગમનતઃ અભવત્** = સમાગમ થવાથી, **સકલ સિદ્ધિદા સેવતામ્** = સેવા કરનારને સકલ સિદ્ધિઓ આપનાર થયા, **તયા સદશતામ્ ઈયાત્** = તે (શ્રીયમુનાજીની) સમાનતા (બરાબરી) કોણ કરી શકે, **કમલજા સપત્ની ઈવ યત્** = કદાચિત્ ભગવદ્ પત્ની લક્ષ્મીજી જ કરી શકે, **હરિપ્રિય કલિંદયા** = શ્રીહરિના પ્રિય (ભક્તોના) કલિકાલના દોષોનો નાશ કરનારા, **મનસિ મે** = મારા મનમાં, **સદા સ્થીયતામ્** = સદા સ્થિર થાઓ,

**ભાવાર્થ-** જેમના સમાગમથી શ્રીહરિના ચરણકમલોમાંથી પ્રકટ થયેલા શ્રીગંગાજી મુર દૈત્યના શત્રુ-ભગવાન શ્રીકૃષ્ણના પ્રિય થયા અને પોતાની સેવા કરનારા ભક્તોને સકલ સિદ્ધિઓ આપનારા થયા, તે શ્રીયમુનાજીની સમાનતા (બરાબરી) કોણ કરી શકે? જો કોઈ સમાનતા કરી શકે તો તે શ્રીલક્ષ્મીજી છે. એવા શ્રીહરિના પ્રિય ભક્તોના કલિકાલના દોષોને નાશ કરનારા હે શ્રીયમુનાજી! મારા મનમાં સદા સ્થિર વાસ કરો અર્થાત્ નિરંતર બિરાજો.

**નમોસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ ભુતં ।**
**ન જાતુ યમયાતના ભવતિ તે પયઃ પાનતઃ ।।**
**યમોપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ ।**
**પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ।।૬।।**

**નમોસ્તુ યમુને સદા** = હે શ્રીયમુનાજી ! (આપને) સદા નમન હો, **તવ ચરિત્ર** = આપનું ચરિત્ર, **અતિ અદ્ભુતમ્** = અતિ અદ્ભુત છે, **ન જાતુ યમયાતના ભવતિ** = યમની પીડા ક્યારે પણ થતી નથી, **તે પયઃ પાનતઃ** = આપના જળપાનથી, **યમઃ અપિ ભગિની સુતાન્** = યમરાજ પણ પોતાની બહેનના સંતાનો (ભાણેજો)ને, **કથમુ હન્તિ** = અરે, કેમ મારે?, **દષ્ટાન્ અપિ** = દુષ્ટ હોય તોપણ, **પ્રિયો ભવતિ સેવનાત્ તવ** = આપની સેવાથી પ્રિય થાય છે, **હરેઃ**

**યથા ગોપિકાઃ** = જેવી રીતે ગોપીજનો શ્રીહરિને પ્રિય થયા (તેમ ભક્ત પણ પ્રિય થાય છે.)

**ભાવાર્થ–** હે શ્રીયમુનાજી! આપને સદા નમન હો.આપનું ચરિત્ર અતિ અદભુત છે. આપના જળપાનથી યમરાજા ની પીડા ક્યારે પણ થતી નથી. યમરાજા પણ પોતાની બહેનના સંતાનો (ભાણેજો)ને, દુષ્ટ હોય તોપણ તેમને કેમ મારે? આપની સેવાથી જેવી રીતે ગોપીજનો શ્રીહરિ ભગવાન શ્રીકૃષ્ણને પ્રિય થયા તેવી રીતે ભક્તો પણ આપની સેવાથી શ્રીહરિને પ્રિય થાય છે.

**મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા ।**
**ન દુર્લભતમા રતિર્મુરરિપૌ મુકુન્દપ્રિયે ।।**
**અતોસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત્ ।**
**તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ।।૭।।**

**મમ અસ્તુ તવ સન્નિધૌ** = આપના સાનિધ્યમાં મારું થાઓ, **તનુનવત્વમ્** = (મારા) દેહનું નવીનપણું, **એતાવતા** = એટલાથી, **ન દુર્લભતમા** = અતિશય દુર્લભ નથી, **રતિઃ મુરરિપૌ** = મુર દૈત્યના શત્રુ–શ્રીકૃષ્ણમાં પ્રેમ, **મુકુન્દ પ્રિયે** = હે શ્રીમુકુન્દ–ભગવાન શ્રીકૃષ્ણના પ્રિય, **અતઃ અસ્તુ તવ લાલના** = એટલા માટે આપના સ્તુતિરૂપી ગુણગાન હો, **સુરધુની** = દેવોની નદી (શ્રીગંગાજી), **પરમ્ સંગમાત્** = અધિક સંગમથી, **તવ એવ** = આપના જ, **ભુવિ કીર્તિતા** = ભૂમિ ઉપર કીર્તિ પામ્યા છે, **ન તુ કદા અપિ** = તો ક્યારે પણ (એકલા શ્રીગંગાજીની સ્તુતિ કરી નથી), **પુષ્ટિસ્થિતૈઃ** = પુષ્ટિજીવોએ,

**ભાવાર્થ–** હે શ્રીયમુનાજી ! આપના સાનિધ્યમાં જ મારા દેહનું ભગવદ્ સેવોપયોગી નવીનપણું થાઓ.એટલા માત્રથી મુર દૈત્યના શત્રુ - ભગવાન શ્રીકૃષ્ણમાં અતિશય પ્રીતિ દુર્લભ નથી. માટે હે શ્રીમુકુન્દ ભગવાનના પ્રિય (શ્રીયમુનાજી) ! આપના સ્તુતિરૂપી ગુણગાન હો. દેવોની નદી–શ્રીગંગાજી આપના સંગમથી જ ભૂમિ ઉપર અધિક કીર્તિ પામ્યા છે. પરંતુ એકલા (આપના સંગમ વિનાના) શ્રીગંગાજીની સ્તુતિ પુષ્ટિજીવોએ ક્યારે પણ કરી નથી.

**સ્તુતિં તવ કરોતિ કઃ કમલાજાસપત્નિ પ્રિયે ।**
**હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ ॥**
**ઈયં તવ કથાધિકા સકલગોપિકાસંગમ**
**સ્મરશ્રમજલાણુભિઃ સકલગાત્રજૈઃ સંગમઃ ॥૮॥**

**સ્તુતિમ્ તવ** = આપની સ્તુતિ, **કરોતિ કઃ** = કોણ કરી શકે? **કમલજાસપત્નિ પ્રિયે** = શ્રીલક્ષ્મીજીની સમાન સૌભાગ્યવાળા હે પ્રિય (શ્રીયમુનાજી), **હરેઃ યત્ અનુસેવયા** = શ્રીહરિની સેવા પછી (શ્રીલક્ષ્મીજીની) અનુસેવાથી, **ભવતિ** = થાય છે, **સૌખ્યમ્ આમોક્ષતઃ** = મોક્ષપર્યંત સુખ, **ઈવમ્ તવ** = આ આપની, **કથા અધિકા** = કથા (સર્વથી) અધિક છે, **સકલ ગોપિકા સંગમ** = સકલ ગોપીજનોના સંગમથી, **સ્મરશ્રમ જલ અણુભિઃ** = ક્રીડાશ્રમના જળબિંદુઓ, **સકલ ગાત્રજૈઃ** = (ભગવાન શ્રીકૃષ્ણના) સકલ ગાત્રોથી ઉત્પન્ન થયેલ, **સંગમઃ** = (આપનો) સંગમ થાય છે,

**ભાવાર્થ-** શ્રીલક્ષ્મીજીની સમાન સૌભાગ્યવાળા હે શ્રીયમુનાજી ! આપની સ્તુતિ કોણ કરી શકે? અર્થાત્ કોઈ કરી શકતું નથી, કારણકે પ્રથમ શ્રીહરિની સેવા કર્યા પછી શ્રીલક્ષ્મીજીની અનુસેવા કરવામાં આવે તો મોક્ષ પર્યંત સુખ થાય છે. પરંતુ આપની આ કથા સર્વથી અધિક છે. રાસલીલા પછી ભગવાન શ્રીકૃષ્ણે સર્વ ગોપીજનો સાથે આપના જળમાં વિહાર કર્યો હતો તેથી સકલ ગોપીજનોના સમાગમ-સંબંધથી, ભગવાનના સકલ શ્રીઅંગમાંથી ઉત્પન્ન થયેલ ક્રીડાશ્રમના જળબિંદુઓ સાથે ભક્તોનો, હે શ્રીયમુનાજી ! આપના જળનો સંગમ (સંબંધ) થાય છે. અર્થાત્ આપનું સેવન કરનાર ભક્તજનોને આ ભગવદ્રસનો આસ્વાદ પ્રાપ્ત થાય છે.

**તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસૂતે સદા ।**
**સમસ્ત દુરિતક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ॥**
**તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચ સંતુષ્યતિ ।**
**સ્વભાવ વિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥૯॥**

**તવ અષ્ટકમ્ ઈદમ્** = આપના આ અષ્ટકનો, **મુદા** = આનંદપૂર્વક, **સૂરસૂતે** = હે સૂર્યપુત્રી (શ્રીયમુનાજી), **પઠતિ સદા** = (જે કોઈ) સદા પાઠ કરે છે, **સમસ્ત**

**દુરિતક્ષયઃ** = (તેના) સઘળા પાપોનો નાશ, **ભવિત** = થાય છે, **મુકુન્દે રતિઃ** = શ્રીમુકુન્દ ભગવાનમાં પ્રેમ (થાય છે), **તયા** = તે પ્રેમ દ્વારા, **સકલ સિદ્ધયઃ** = સકલ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, **મુરરિપુઃ** = મુર દૈત્યના શત્રુ ભગવાન શ્રીકૃષ્ણ, **ચ સંતુષ્યતિ** = અને સંતુષ્ટ થાય છે, **સ્વભાવ વિજયઃ ભવેત્** = સ્વભાવનો વિજય થાય છે, **વદતિ વલ્લભઃ શ્રીહરેઃ** = શ્રીહરિને વહાલા શ્રીવલ્લભ કહે છે.

**ભાવાર્થ–** હે સૂર્યપુત્રી (શ્રીયમુનાજી) ! આપના આ અષ્ટકનો જે કોઈ આનંદથી સદા પાઠ કરે છે તેના સઘળાં પાપોનો નાશ થાય છે. શ્રીમુકુન્દ ભગવાન - શ્રીકૃષ્ણમાં નિશ્ચય પ્રેમ થાય છે અને તેને સકલ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે (જીવના) સ્વભાવનો વિજય થાય છે અર્થાત્ સ્વભાવ બદલાય છે. એમ શ્રીહરિને વહાલા શ્રીમદ્ વલ્લભાચાર્યજી કહે છે.

**॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતો શ્રીયમુનાષ્ટકમ્ સમ્પૂર્ણ ॥.**

*

# બાલબોધ

**નત્વા હરિં સદાનંદં, સર્વસિદ્ધાંતસંગ્રહમ્ ।**
**બાલપ્રબોધનાર્થાય, વદામિ સુવિનિશ્ચિતમ્ ॥૧॥**

**નત્વા** = નમન કરીને, **હરિં સદાનંદં** = સદાનંદ સ્વરૂપ શ્રીહરિને, **સર્વસિદ્ધાંતસંગ્રહમ્** = સર્વ સિદ્ધાંતોનો સંગ્રહ (સારરૂપ), **બાલપ્રબોધનાર્થાય** = બાળકોને સારી રીતે બોધ થાય તે માટે, **વદામિ** = હું (શ્રીમદ્વલ્લભાચાર્યજી) કહું છું, **સુનિશ્ચિતમ્** = સારી રીતે નિશ્ચયપૂર્વક

**ભાવાર્થ–** સદાનંદ સ્વરૂપ શ્રીહરિ એટલે ભગવાન શ્રીકૃષ્ણને નમન કરીને, બાળકોને અર્થાત્ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત જાણવામાં જેઓની હજુ અલ્પ સમજ છે એવા જીવોને સારી રીતે બોધ (જ્ઞાન) થાય તે માટે સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંતરૂપ સારસંગ્રહ હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) સારી રીતે નિશ્ચયપૂર્વક કહું છું.

**ધર્માર્થકામમોક્ષાખ્યા, શ્ચત્વારોર્થા મનીષિણામ્ ।**
**જીવેશ્વર વિચારેણ, દ્વિધા તે હિ વિચારિતાઃ ॥૨॥**

**ધર્મ અર્થ કામ મોક્ષ આખ્યાઃ** = ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, **નામના ચત્વારઃ અર્થઃ** = ચાર પુરુષાર્થો (છે), **મનીષિણામ્** = બુદ્ધિમાન મનુષ્યોના, **જીવ ઈશ્વર વિચારેણ** = જીવ અને ઈશ્વર દ્વારા વિચારિત, **દ્વિધા** = બે પ્રકારે, **તે હિ વિચારિતાઃ** = તે નિશ્ચય વિચારેલા છે.

**ભાવાર્થ–** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - એ નામે ચાર પુરુષાર્થો બુદ્ધિમાન મનુષ્યોના છે. તે જીવ વિચારિત અને ઈશ્વર વિચારિત એમ બે પ્રકારથી નિશ્ચય વિચારેલા છે.

**અલૌકિકાસ્તુ વેદોકતાઃ સાધ્યસાધનસંયુતાઃ ।**
**લૌકિકા ઋષિભિઃ પ્રોકતાસ્તથૈવેશ્વર શિક્ષયા ।।૩।।**

**અલૌકિકાઃ** = (ઈશ્વરે વિચારેલ) અલૌકિક (પુરુષાર્થો), **તુ** = તો, **વેદ ઉકતાઃ** = વેદમાં કહેલા છે, **સાધ્યસાધન સંયુતાઃ** = સાધ્ય અને સાધનથી યુક્ત એવા, **લૌકિકા** = (જીવે વિચારેલ) લૌકિક (પુરુષાર્થો), **ઋષિભિઃ** = ઋષિઓએ, **પ્રોકતાઃ** = સારી રીતે કહ્યા છે, **તથા એવ** = તેમ જ, **ઈશ્વર શિક્ષયા** = ઈશ્વરની આજ્ઞાથી (પ્રેરણાથી)

**ભાવાર્થ–** સાધ્ય અને સાધનથી યુક્ત એવા ઈશ્વરે વિચારેલ અલૌકિક પુરુષાર્થો વેદમાં કહેલા છે. ઈશ્વરની આજ્ઞાથી (પ્રેરણાથી) જીવે વિચારેલ લૌકિક પુરુષાર્થો ઋષિમુનિઓએ સ્મૃતિ આદિ શાસ્ત્રોમાં કહેલા છે.

**લૌકિકાંસ્તુ પ્રવક્ષ્યામિ, વેદાદાદ્યા યતઃ સ્થિતાઃ ।**
**ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ, કામશાસ્ત્રાણિ ચ ક્રમાત્ ।।૪।।**
**ત્રિવર્ગસાધકાનીતિ, ન તન્નિર્ણય ઉચ્યતે ।।૪-૧/૨।।**

**લૌકિકાં** = લૌકિક પુરુષાર્થો, **તુ** = તો, **પ્રવક્ષ્યામિ** = સારી રીતે હું (શ્રીમદ્‌વલ્લભાચાર્યજી) કહું છું, **વેદાત્ આદ્યા** = પ્રથમ (અલૌકિક પુરુષાર્થો) વેદોમાં, **યતઃ** = તેથી, **સ્થિતાઃ** = રહેલા છે, **ધર્મ શાસ્ત્રાણિ** = ધર્મશાસ્ત્રો, **નીતિ ચ** = અને નીતિશાસ્ત્રો, **કામશાસ્ત્રાણિ** = કામશાસ્ત્રો, **ચ ક્રમાત્** = એ ક્રમથી છે, **ત્રિવર્ગ સાધકાન્ ઈતિ** = તેથી ત્રિવર્ગ (ધર્મ, અર્થ અને કામ) ને સાધનારા, **ન તન્નિર્ણય ઉચ્યતે** = તેમનો નિર્ણય કહેવામાં આવ્યો નથી

**ભાવાર્થ–** પ્રથમના અલૌકિક પુરુષાર્થો તો વેદમાં કહેલા છે એટલે કે વેદોમાં

સ્થિત (રહેલા) છે. તેથી લૌકિક પુરુષાર્થો હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) સારી રીતે કહું છું. ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામને સાધનારા એટલે પ્રાપ્ત કરાવનારા લૌકિક પુરુષાર્થો ધર્મશાસ્ત્રો, નીતિશાસ્ત્રો અને કામશાસ્ત્રોમાં અનુક્રમે કહેલા હોવાથી, તેમનો નિર્ણય કહેવામાં આવતો નથી.

**મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ, લૌકિકે પરતઃ સ્વતઃ ||૫||**
**દ્વિધા દ્વે દ્વે સ્વતસ્તત્ર, સાંખ્યયોગૌ પ્રકીર્તિતૌ |**
**ત્યાગાત્યાગ વિભાગેન સાંખ્યે ત્યાગઃ પ્રકીર્તિતઃ ||૬||**

**મોક્ષે** = મોક્ષમાં, **ચત્વારિ શાસ્ત્રાણિ** = ચાર શાસ્ત્રો છે, **લૌકિકે** = લૌકિક (જીવ વિચારિત), **પરતઃ સ્વતઃ** = બીજા દ્વારા અને પોતાનાથી થતો (મોક્ષ), **દ્વિધા** = બે પ્રકારનો છે, **દ્વે દ્વે** = (તેમાં પણ એક એક મોક્ષમાં) બે બે શાસ્ત્રો છે, **સ્વતઃ તત્ર** = તેમાં સ્વતઃ એટલે પોતાનાથી થતા મોક્ષમાં, **સાંખ્યયોગૌ** = સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્ર, **પ્રકીર્તિતો** = સારી રીતે કહેલા છે, **ત્યાગ અત્યાગ વિભાગેન** = ત્યાગ અને અત્યાગના વિભાગથી, **સાંખ્યે** = સાંખ્યશાસ્ત્રમાં, **ત્યાગઃ પ્રકીર્તિતઃ** = ત્યાગ સારી રીતે કહેલો છે

**ભાવાર્થ–** જીવ વિચારિત લૌકિક પુરુષાર્થો પૈકી મોક્ષ સંબંધી ચાર શાસ્ત્રો છે. તેમાં પરતઃ એટલે બીજા દ્વારા મળતો મોક્ષ અને સ્વતઃ એટલે પોતાનાથી મળતો મોક્ષ–એમ બે પ્રકાર છે. વળી આ દરેકના બે બે શાસ્ત્રો છે. સ્વતઃ એટલે પોતાનાથી થતા મોક્ષના બે વિભાગ છે : (૧) ત્યાગથી અને (૨) અત્યાગથી, તેનું નિરૂપણ સાંખ્ય અને યોગ એમ બે શાસ્ત્રોમાં કરેલું છે. તેમાં સાંખ્યશાસ્ત્રમાં ત્યાગ વડે પોતાના દ્વારા થતા મોક્ષનું નિરૂપણ છે.

**અહંતામમતાનાશે, સર્વથા નિરહંકૃતૌ |**
**સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે ||૭||**

**અહંતા મમતા નાશે** = અહંતા અને મમતાનો નાશ થતાં, **સર્વથા** = સર્વ પ્રકારે, **નિરહંકૃતૌ** = અહંકાર નિવૃત્ત થતાં, **સ્વરૂપસ્થઃ** = સ્વરૂપમાં સ્થિતિ કરનારો થાય છે, **યદા જીવઃ** = જ્યારે જીવ, **કૃતાર્થઃ** = કૃતાર્થ, **સ નિગદ્યતે** = તે કહેવાય છે

**ભાવાર્થ :** જ્યારે સાંખ્યશાસ્ત્રના જ્ઞાન દ્વારા જીવની અહંતા અને મમતાનો નાશ થતાં, અહંકાર નિવૃત્ત થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરનારો થાય

છે અને ત્યારે તે કૃતાર્થ કહેવાય છે.

**તદર્થં પ્રક્રિયા કાચિત્, પુરાણેપિ નિરૂપિતા ।**
**ઋષિભિર્બહુધા પ્રોક્તા, ફલમેકમબાહ્યતઃ ॥૮॥**

**તદર્થં** = તે માટે, **પ્રક્રિયા કાચિત્** = કોઈ કોઈ પ્રક્રિયા, **પુરાણે અપિ નિરૂપિતા** = પુરાણોમાં પણ નિરૂપિત કરેલી છે, **ઋષિભિઃ** = ઋષિઓએ, **બહુધા પ્રોકતા** = ઘણા પ્રકારે કહી છે, **ફલમ્ એકમ્ અબાહ્યત** = શાસ્ત્ર વિરુધ્ધ ન હોય એવા પ્રકારથી એકસરખું જ ફળ (મળે છે)

**ભાવાર્થ–** સાંખ્યશાસ્ત્રમાં કહેલા મોક્ષ માટે ઋષિઓએ ઘણા પ્રકારે કોઈ કોઈ પ્રક્રિયાનું પુરાણોમાં નિરૂપણ કરેલું છે. તે બધામાં અનીશ્વર સાંખ્યને છોડીને સેશ્વર સાંખ્ય (ઈશ્વરનું સર્વ કર્તાપણું માનનાર) થી એક સમાન જ ફળ મળે છે.

**અત્યાગે યોગમાર્ગો હિ, ત્યાગોપિ મનસૈવ હિ ।**
**યમાદયસ્તુ કર્તવ્યાઃ સિદ્ધે યોગે કૃતાર્થતા ॥૯॥**

**અત્યાગે** = અત્યાગમાં, **યોગમાર્ગઃ હિ** = નિશ્ચિતરૂપે યોગમાર્ગ કહ્યો છે, **ત્યાગઃ અપિ** = ત્યાગ પણ, **મનસા એવ હિ** = મન વડે જ, **યમ આદયઃ** = યમ આદિ, **તુ કર્તવ્યાઃ** = તો કરવા, **સિદ્ધ** = સિદ્ધ થતાં, **યોગે કૃતાર્થતા** = યોગમાં કૃતાર્થતા થાય છે.

**ભાવાર્થ–** અત્યાગ (ત્યાગ વિના) થી મોક્ષ માટે નિશ્ચયપૂર્વક યોગમાર્ગ કહ્યો છે. તેમાં મન વડે જ ત્યાગ કરવો પડે છે. યોગમાર્ગમાં યમ, નિયમ વગેરે સાધનો અવશ્ય કરવા. એમ કરવાથી યોગ સિદ્ધ થતાં જીવ કૃતાર્થ થાય છે.

**પરાશ્રયેણ મોક્ષસ્તુ, દ્વિધા સોપિ નિરૂપ્યતે ।**
**બ્રહ્મા બ્રાહ્મણતાં યાતસ્તદ્રૂપેણ સુસેવ્યતે ॥૧૦॥**

**પરાશ્રયેણ** = બીજાઓના આશ્રયથી મળતો, **મોક્ષઃ તુ** = મોક્ષ પણ, **દ્વિધા** = બે પ્રકારનો (છે), **સઃ અપિ નિરૂપ્યતે** = તેપણ નિરૂપિત કરાય છે, **બ્રહ્મા બ્રાહ્મણતાં** = બ્રહ્માજી બ્રાહ્મણપણાને, **યાતઃ** = પામેલા છે, **તદ્રુપેણ સુસેવ્યતે** = તે રૂપે જ સેવાય છે

**ભાવાર્થ–** બીજાના આશ્રયે મળતો મોક્ષ પણ બે પ્રકારનો છે તે પણ નિરૂપિત

કરાય છે. બ્રહ્માજી બ્રાહ્મણપણાને પામેલા છે. તેથી વેદોનું અધ્યયન કરવા માટે તેમનું બ્રાહ્મણરૂપે સેવન થાય છે. (બ્રહ્માજી સૃષ્ટિના સર્જનનું કાર્ય કરતા હોવાથી, પોતાના કાર્યથી વિરુદ્ધ એવો મોક્ષ કોઈને આપતા નથી.)

**તે સર્વાર્થા ન ચાદ્યેન, શાસ્ત્રં કિંચિદુદીરિતમ્ ।**
**અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ, જગતો હિતકારકૌ ॥૧૧॥**
**વસ્તુનઃ સ્થિતિસંહારૌ, કાર્યૌ શાસ્ત્રપ્રવર્તકૌ ।**
**બ્રહ્મૈવ તાદૃશં યસ્માત્, સર્વાત્મકતયોદિતૌ ॥૧૨॥**

**તે સર્વાર્થા** = આગળ કહેલા સર્વ પુરુષાર્થો, **ન ચ આદ્યેન** = બ્રહ્માજી દ્વારા સિદ્ધ થતા નથી., **શાસ્ત્ર** = (વૈખાનસ નામે) શાસ્ત્ર, **કિંચિત્ ઉદીરિતમ્** = કોઈક કહ્યું છે, **અતઃ** = આથી, **શિવઃ ચ વિષ્ણુઃ ચ** = શિવ અને વિષ્ણુ, **જગતઃ** = જગતનું, **હિતકારકૌ** = હિત કરનારા છે, **વસ્તુનઃ** = વસ્તુમાત્રની, **સ્થિતિસંહારૌ કાર્યૌ** = સ્થિતિ (પાલન) અને સંહાર કરે છે, **શાસ્ત્ર પ્રવર્તકૌ** = (તે બંને દેવ) શાસ્ત્રોના પ્રવર્તક છે, **બ્રહ્મ એવ તાદશ** = બ્રહ્મ જ તેવું છે, **યસ્માત્** = તેથી, **સર્વાત્મક તયા** = સર્વાત્મકરૂપે, **ઉદિતૌ** = કહેલા છે

**ભાવાર્થ–** આગળ કહેલા સર્વ પુરુષાર્થો બ્રહ્માજી દ્વારા સિદ્ધ થતા નથી. બ્રહ્માજીએ મોક્ષસંબંધી 'વૈખાનસ' જેવું કોઈક શાસ્ત્ર રચ્યું છે. આથી મોક્ષ આપવા માટે શિવજી અને વિષ્ણુ જગતનું હિત કરનારા છે. વસ્તુમાત્રની સ્થિતિ એટલે પાલન વિષ્ણુ કરે છે અને સંહાર એટલે નાશ શિવજી કરે છે. તે બંને એટલે શિવજી અને વિષ્ણુ પોતપોતાના શાસ્ત્રોના પ્રવર્તક છે. તેથી બ્રહ્મ (પરમાત્મા) જ શિવજી અને વિષ્ણુરૂપે થયા છે. આથી આ બંનેને તે તે શાસ્ત્રમાં સર્વાત્મકરૂપે કહેલા છે.

**નિર્દોષપૂર્ણગુણતા, તત્તચ્છાસ્ત્રે તયોઃ કૃતા ।**
**ભોગ મોક્ષફલે દાતું, શક્તૌ દ્વાવપિ યદ્યપિ ॥૧૩॥**
**ભોગ શિવેન મોક્ષસ્તુ, વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ ।**

**નિર્દોષપૂર્ણગુણતા** = નિર્દોષ અને પૂર્ણ ગુણ પણું, **તત્ શાસ્ત્રે** = તે તે શાસ્ત્રોમાં, **તયોઃ કૃતા** = તેમનું દર્શાવ્યું છે, **ભોગ મોક્ષ ફલે** = ભોગ અને મોક્ષરૂપી ફળ, **દાતું** = આપવાને, **શકતો** = સમર્થ છે, **દ્વૌ અપિ** = બંને પણ, **યદ્યપિ** = છતાં પણ, **ભોગઃ શિવેન** = ભોગશિવથી, **મોક્ષઃ તુ વિષ્ણુના** =

મોક્ષ તો વિષ્ણુથી, **ઈતિ વિનિશ્ચયઃ** = એ પ્રકારે સારી રીતે નિશ્ચય થયેલો છે.

**ભાવાર્થ–** (શિવજી અને વિષ્ણુનું) નિર્દોષ અને પૂર્ણગુણપણું તેમના શાસ્ત્રોમાં દર્શાવેલું છે. તેથી બંને ભોગ અને મોક્ષરૂપ ફળ આપવા સમર્થ છે. છતાં પણ શિવજી દ્વારા ભોગ અને વિષ્ણુ દ્વારા મોક્ષ મળે છે. એવો વિશેષ પ્રકારે નિશ્ચય (નિર્ણય) થયેલો છે.

**લોકેપિ યત્ પ્રભુર્ભુંક્તે, તન્ન યચ્છતિ કર્હિચિત્ ।।૧૪।।**
**અતિપ્રિયાય તદપિ, દીયતે કવચિદેવ હિ ।**
**નિયતાર્થ-પ્રદાનેન, તદીયત્વં તદાશ્રયઃ ।।૧૫।।**
**પ્રત્યેકં સાધનં ચૈતદ્ દ્વિતીયાર્થે મહાન્ શ્રમઃ।।૧૫૧/૨।।**

**લોકે અપિ** = લોકમાં પણ, **યત્ પ્રભુઃ ભુંક્તે** = પ્રભુ (સ્વામી) જે ભોગવે છે, **તત્ ન યચ્છતિ** = તે (બીજાને) આપતા નથી, **કર્હિચિત્** = કોઈ પણ વખતે, **અતિ પ્રિયાય** = અતિ પ્રિયભક્તને, **તત્ અપિ દીયતે** = તો પણ આપે છે, **કવચિત્ એવ હિ** = ક્યારેક જ ચોક્કસ, **નિયત અર્થપ્રદાનેન** = નિયત પદાર્થના દાનથી, **તદીયત્વમ્** = તદીયતા, **તત્ આશ્રયઃ** = તેમનો આશ્રય-તદાશ્રય (સિધ્ધ થાય છે), **પ્રત્યેકં** = પ્રત્યેક ફલનું, **સાધનં** = સાધન છે, **ચ એતત્** = અને આ (બંનેના ફળના), **દ્વિતીય અર્થે** = બીજાનો પુરુષાર્થ આપવામાં, **મહાન્ શ્રમઃ** = મહાન શ્રમ છે.

**ભાવાર્થ–** લોકમાં પણ સ્વામી જે ભોગવે છે તે કોઈ પણ વખતે બીજાને આપતા નથી. તો પણ પોતાના અતિ પ્રિય ભક્તને ક્યારેક ચોક્કસ આપે પણ છે. એટલે કે ક્યારેક શિવજી મોક્ષ આપે છે અને વિષ્ણુ ભોગ આપે છે. નિયત પદાર્થના દાનથી તે દેવની તદીયતા અને તેમનો આશ્રય (તદાશ્રય) સિધ્ધ થાય છે. પ્રત્યેક દેવ બંને ફળ આપવા માટે સાધનરૂપ છે, પરંતુ બીજાનું ફળદાન કરવામાં મહાન શ્રમ પડે છે અર્થાત્ શિવજીને મોક્ષ આપવામાં અને વિષ્ણુને ભોગ આપવામાં અત્યંત શ્રમ પડે છે.

**જીવાઃ સ્વભાવતો દુષ્ટાઃ દોષાભાવાય સર્વદા ।।૧૬।।**
**શ્રવણાદિ તતઃ પ્રેમ્ણા, સર્વં કાર્યં હિ સિદ્ધ્યતિ ।**
**મોક્ષસ્તુ સુલભો વિષ્ણોર્ભોગશ્ચ શિવતસ્તથા ।।૧૭।।**

**જીવાઃ** = જીવો, **સ્વભાવતઃ દુષ્ટાઃ** = સ્વભાવથી દોષવાળા છે, **દોષ અભાવાય** = દોષોને દૂર કરવામાં, **સર્વદા** = સદા, **શ્રવણ આદિ** = શ્રવણ વગેરે ભક્તિ, **તતઃ પ્રેમ્ણા** = તેથી પ્રેમથી કરવી, **સર્વં કાર્યમ્** = સર્વ કાર્યો, **હિ સિદ્ધ્યતિ** = ચોક્કસ સિદ્ધ થાય છે, **મોક્ષઃ તુ** = મોક્ષ તો, **સુલભઃ વિષ્ણો** = વિષ્ણુથી સુલભ છે, **ભોગઃ ચ** = અને ભોગ, **શિવતઃ તથા** = તથા શિવજીથી (સુલભ છે)

**ભાવાર્થ–** જીવો સ્વભાવથી દોષવાળા છે. તેથી દોષોને દૂર કરવા માટે શ્રવણ આદિ ભક્તિ પ્રેમપૂર્વક કરવી. તેથી (આલોક અને પરલોક સંબંધી) સર્વ કાર્યો ચોક્કસ સિધ્ધ થાય છે. મોક્ષ વિષ્ણુથી અને ભોગ શિવજી થી સુલભ છે અર્થાત્ સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

**સમર્પણેનાત્મનો હિ, તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ ।**
**અતદીયતયા ચાપિ, કેવલશ્ચેત્ સમાશ્રિતઃ ॥૧૮॥**

**સમર્પણેન હિ** = સમર્પણથી જ, **આત્મનઃ** = જીવને, **તદીયત્વમં** = તદીયતા, **ભવેદ્ ધ્રુવમ્** = નિશ્ચય થાય છે, **અતદીયતયા** = તદીયતાના અભાવમાં, **ચ અપિ** = અને પણ, **કેવલ ચેત્** = જો કેવળ, **સમાશ્રિતઃ** = સારી રીતે આશ્રય રાખવો

**ભાવાર્થ–** સર્વ પદાર્થોનું પ્રભુને સમર્પણ કરવાથી જ જીવને તદીયતા નિશ્ચય થાય છે. તદીયતાના અભાવમાં પણ કેવળ પ્રભુનો સારી રીતે આશ્રય રાખવો.

**તદાશ્રય તદીયત્વ બુદ્ધ્યૈ કિંચિત્ સમાચરેત્ ।**
**સ્વધર્મમનુતિષ્ઠન્ વૈ ભાર દ્વૈ ગુણ્યમ્ અન્યથા ॥૧૯॥**
**ઈત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ॥૧૯–$^1/_2$॥**

**તદાશ્રય** = તેમનો (પ્રભુનો) આશ્રય, **તદીયત્વ** = તદીયતા, **બુદ્ધ્યૈ** = જાણવા માટે, **કિંચિત્** = યથાશક્તિ, **સમાચરેત્** = સારી રીતે આચરણ કરવું, **સ્વધર્મમ્** = પોતાના ધર્મનું, **અનુતિષ્ઠન્** = અનુષ્ઠાન (પાલન) કરતાં, **વૈ** = નિશ્ચય, **ભાર દ્વૈ** = બમણો ભાર, **ગુણ્યમ્ અન્યથા** = નહિતો થાય છે, **ઈતિ એવં** = આ પ્રકારે, **કથિતં સર્વમ્** = સર્વ કહ્યું છે, **એતત્ જ્ઞાને** = આ જાણ્યા પછી, **ભ્રમઃ પુનઃ** = ફરીથી ભ્રમ (સંદેહ), **ન** = થતો નથી

**ભાવાર્થ–** તદાશ્રય અને તદીયતાને જાણવા માટે યથાશક્તિ સ્વધર્મનું સારી રીતે આચરણ અને પાલન કરવું, નહિતો બંને સાધન ન કરવાથી બમણો ભાર (અધર્મ) થાય છે. અર્થાત્ જીવનો ઉદ્ધાર કરવામાં પ્રભુને બહુ જ શ્રમ પડે છે. આ પ્રકારે સર્વ સિદ્ધાંતોનો સાર કહ્યો છે. તે જાણ્યા પછી ફરીથી કોઈ પણ પ્રકારનો ભ્રમ (સંદેહ) રહેતો નથી.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં બાલબોધ સમ્પૂર્ણ ।।**

*

# સિદ્ધાંતમુક્તાવલી

**નત્વા હરિં પ્રવક્ષ્યામિ, સ્વસિદ્ધાંત વિનિશ્ચયમ્ ।**
**કૃષ્ણસેવા સદા કાર્યા, માનસી સા પરા મતા ।।૧।।**

**નત્વા હરિમ્** = શ્રીહરિને નમન કરીને, **પ્રવક્ષ્યામિ** = હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) સારી રીતે કહું છું, **સ્વસિદ્ધાંત** = સ્વ સિદ્ધાંત (પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત), **વિનિશ્ચયમ્** = વિશેષરૂપથી નિશ્ચય કરીને, **કૃષ્ણસેવા** = ભગવાન શ્રીકૃષ્ણની સેવા, **સદા કાર્યા** = સદા કરવી, **માનસી** = માનસી સેવા, **પરા મતા** = ઉત્તમ (ફલરૂપ) માનેલી છે

**ભાવાર્થ–** શ્રીહરિને નમન કરીને હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) સ્વ (પુષ્ટિમાર્ગીય) સિદ્ધાંતને સારી રીતે નિશ્ચયપૂર્વક કહું છું. ભગવાન શ્રીકૃષ્ણની સેવા સદા (નિત્ય) કરવી. તેમાં માનસી સેવાને ઉત્તમ ફલરૂપ માનેલી છે.

**ચેતસ્તત્પ્રવણં સેવા, તત્ સિદ્ધયૈ તનુવિત્તજા ।**
**તતઃ સંસાર દુઃખસ્ય, નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્ ।।૨।।**

**ચેતસ્** = ચિત્તનું, **તત્ પ્રવણં સેવા** = તેમાં (ભગવાન શ્રીકૃષ્ણમાં) પ્રવણ થવું એકતાન થવું તે સેવા છે, **તત્ સિધ્ધયૈ** = તેની સિદ્ધિ માટે, **તનુવિત્તજા** = (પોતાના) તનથી અને (પોતાના) વિત્તથી (સેવા કરવી), **તત્** = તેનાથી, **સંસાર દુઃખસ્ય** = સંસારના દુખોની, **નિવૃત્તિઃ** = નિવૃત્તિ થાય છે, **બ્રહ્મ બોધનમ્** = બ્રહ્મનો બોધ થાય છે

**ભાવાર્થ :** ભગવાન શ્રીકૃષ્ણમાં ચિત્તનું પ્રવણ થવું/પરોવાવું અર્થાત્ એકતાન થઈ જવું તેનું નામ સેવા છે. તેની સિદ્ધિ માટે પોતાના જ તન (શરીર) થી અને પોતાના જ વિત્ત (દ્રવ્ય) થી સેવા કરવી જોઈએ. તેનાથી સંસારના દુખોની નિવૃત્તિ થાય છે અને બ્રહ્મનો બોધ (જ્ઞાન) થાય છે.

**પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ, સચ્ચિદાનંદકં બૃહત્ ।**
**દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્વાદેકં તસ્માદ્ વિલક્ષણમ્ ॥૩॥**

**પરમ્ બ્રહ્મ** = પરબ્રહ્મ, **તુ કૃષ્ણઃ હિ** = તો ભગવાન શ્રીકૃષ્ણ જ છે, **સત્ ચિત્ આનંદ કમ્** = સત્, ચિત્ અને આનંદ અલ્પ છે, **બૃહત્** = અક્ષર બ્રહ્મ, **દ્વિરૂપં** = બે રૂપવાળું છે, **તત્ હિ સર્વમ્** = તે (અક્ષરબ્રહ્મ) જ સર્વ (જગતરૂપ), **સ્યાત્ એકમ** = એક જ છે, **તસ્માત્** = તેનાથી, **વિલક્ષણમ્** = વિલક્ષણ (જુદું) છે

**ભાવાર્થ–** પરબ્રહ્મ તો ભગવાન શ્રીકૃષ્ણ જ છે. અક્ષરબ્રહ્મ સત્, ચિત્ અને અલ્પ આનંદવાળું એટલે આનંદની ગણના થઈ શકે એવું ગણિતાનંદ છે. તે અક્ષરબ્રહ્મ બે રૂપવાળું છે. એક સર્વ જગતરૂપ છે, બીજું તેનાથી વિલક્ષણ (જુદું) છે, (જેની જ્ઞાની પુરુષો ઉપાસના કરે છે).

**અપરં તત્ર પૂર્વસ્મિન્, વાદિનો બહુધા જગુઃ ।**
**માયિકં સગુણં કાર્યં, સ્વતંત્રં ચેતિ નૈકધા ॥૪॥**

**અપરં તત્ર** = તેમાં બીજા, **પૂર્વસ્મિન્** = પહેલાં કહેલા (જગત વિશે), **વાદિનો** = વિવાદ કરનારા, **બહુધા જગુઃ** = બહુ પ્રકારે કહે છે, **માયિકં** = (માયાવાદીઓ) માયાથી થયેલું (કહે છે), **સગુણં કાર્યમ્** = (સાંખ્યવાદીઓ) ગુણોનું અને (નૈયાયિકો) ઈશ્વરનું કાર્ય (કહે છે), **સ્વતંત્રં** = મીમાંસકો (આ જગત) અનાદિ કાળથી આવું જ છે (એમ કહે છે), **ચ ઈતિ** = અને આમ, **ન એકધા** = એક પ્રકારે ન કહેતાં, અનેક પ્રકારે (કહે છે)

**ભાવાર્થ–** પહેલાં કહેલા જગત વિશે વિવાદ કરનારા તેની ઉત્પત્તિ સંબંધી ઘણા પ્રકારથી સમજાવે છે. માયાવાદીઓ જગતને માયાનું કાર્ય (માયિક) કહે છે. સાંખ્યવાદીઓ સત્વ, રજ અને તમ–આ ત્રણ ગુણોનું અને નૈયાયિકો ઈશ્વરનું કાર્ય કહે છે. મીમાંસકો તો કહે છે કે આ જગત અનાદિ કાળથી આવું જ છે. અર્થાત્ તેનો કોઈ કર્તા નથી. આમ જુદા જુદા મતવાળા જગતને એક પ્રકારે ન

કહેતાં, અનેક પ્રકારે કહે છે.

**તદેવૈતત્ પ્રકારેણ, ભવતીતિ શ્રુતેર્મતમ્ ।**
**દ્વિરૂપં ચાપિ ગંગાવજ્જ્ઞેયં સા જલરૂપિણી ।।૫।।**
**માહાત્મ્યસંયુતા નૃણાં સેવતાં ભુક્તિમુક્તિદા ।**
**મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્ ।।૬।।**

**તત્ એવ એતત્ પ્રકારેણ** = તે (અક્ષરબ્રહ્મ) જ આ પ્રકારે, **ભવતિ ઈતિ** = (જગતરૂપે) થાય છે એવો, **શ્રુતેઃ મતમ્** = શ્રુતિનો મત છે, **દ્વિરૂપં ચ** = અને બે રૂપવાળા (અક્ષરબ્રહ્મને), **અપિ** = પણ, **ગંગાવત્ જ્ઞેયમ્** =ગંગાજીની જેમ જાણવું, **સા જલરૂપિણી** = તે જલરૂપા છે, **માહાત્મ્ય સંયુતા** = માહાત્મ્યથી સારી રીતે યુક્ત એવા (તીર્થરૂપા ગંગાજી), **નૃણાં** = મનુષ્યોને, **સેવતાં** = સેવા કરનારા, **ભુક્તિમુક્તિદા** = ભોગ અને મુક્તિ આપનારા, **મર્યાદામાર્ગ વિધિના** = મર્યાદામાર્ગની વિધિથી, **તથા બ્રહ્મ અપિ** = તેમ અક્ષરબ્રહ્મને પણ, **બુધ્યતામ્** = જાણવું

**ભાવાર્થ–** તે અક્ષરબ્રહ્મજ આ પ્રકારે જગતરૂપે થાય છે એવો શ્રુતિ (વેદ) નો મત છે. બે રૂપવાળા અક્ષરબ્રહ્મને પણ ગંગાજી જેમ જાણવું. એક ગંગાજી જલરૂપા છે અને બીજા માહાત્મ્યથી સારી રીતે યુક્ત એવા તીર્થરૂપા ગંગાજી પણ છે, જે મર્યાદામાર્ગની વિધિથી તેમની સેવા કરનારા મનુષ્યોને ભોગ અને મુક્તિ આપનારા છે. આમ અક્ષરબ્રહ્મને પણ બે પ્રકારે જાણવું.

**તત્રૈવ દેવતામૂર્તિર્ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્ ।**
**ગંગાયાં ચ વિશેષણ પ્રવાહાભેદબુદ્ધયે ।।૭।।**

**તત્ર એવ** = ત્યાં જ, **દેવતામૂર્તિ** = દેવીસ્વરૂપ છે, **ભકત્યા** = ભક્તિથી, **યા દશ્યતે કવચિત્** = જે ક્યારેક દર્શન આપે છે, **ગંગાયાં** = ગંગાજીના પ્રવાહમાં, **ચ વિશેષણ** = અને વિશેષ કરીને, **પ્રવાહ અભેદ બુદ્ધયે** = પ્રવાહમાં અભેદ બુદ્ધિવાળાને

**ભાવાર્થ–** (ગંગાજીના બે સ્વરૂપ - એક આધિભૌતિક જળ સ્વરૂપ અને બીજું આધ્યાત્મિક તીર્થ સ્વરૂપ છે. આ ઉપરાંત ગંગાજીનું ત્રીજું આધિદૈવિક સ્વરૂપ) જે દેવીસ્વરૂપ છે, જે ગંગાજીના પ્રવાહમાં બિરાજે છે અને ગંગાજીના જળપ્રવાહ

અને મૂર્તિસ્વરૂપમાં અભેદ બુદ્ધિવાળાને ભક્તિ દ્વારા ક્યારેક વિશેષ કરીને દર્શન આપે છે.

**પ્રત્યક્ષા સા ન સર્વેષાં, પ્રાકામ્યં સ્યાત્ તયા જલે ।**
**વિહિતાત્ ચ ફલાત્તદ્ધિ, પ્રતીત્યાપિ વિશિષ્યતે ।।૮।।**

**પ્રત્યક્ષા** = પ્રત્યક્ષ, **સા ન સર્વેષાં** = સર્વને તે (દર્શન) નથી, **પ્રાકામ્યં** = ઉત્તમ કામના રાખવાથી, **સ્યાત્ તયા જલે** = તે જળમાં (ફળ) આપે છે, **વિહિતાત્** = શાસ્ત્રમાં કહેલા, **ચ ફલાત્ તત્ હિ** = અને તે ફળથી ચોક્કસ, **પ્રતીત્યા અપિ** = પ્રતીતિ વડે પણ, **વિશિષ્યતે** = અધિક છે

**ભાવાર્થ–** (જળસ્વરૂપે વહેતા ગંગાજીના સૌ દર્શન કરી શકે છે પરંતુ તેની અંદર રહેલા આધિદૈવિક સ્વરૂપ ગંગાજીના) સર્વને પ્રત્યક્ષ દર્શન થતા નથી. છતાં ગંગાજળમાં શ્રદ્ધા રાખવાથી કામના સિદ્ધ થાય છે. ગંગાજળ, શાસ્ત્રમાં કહેલા ફળથી અને પ્રતીતિ વડે પણ બીજા જળ કરતાં અધિક છે. અર્થાત્ પુરાણાદિ શાસ્ત્રોમાં ગંગાજળના પાન, સ્નાન વગેરેનું જે માહાત્મ્ય વર્ણવ્યું છે તે જાણવાથી અને ગંગાજીના ભક્તોના ચરિત્રો પરથી ગંગાજળ અન્ય જળ કરતાં વિશિષ્ટ પ્રકારનું છે તેવો અનુભવ થાય છે.

**યથા જલં તથા સર્વં યથા શક્તા તથા બૃહત્ ।**
**યથા દેવી તથા કૃષ્ણસ્તત્રાપ્યેતદ્ ઈહોચ્યતે ।।૯।।**

**યથા જલં** = જેમ (ગંગાજીનું પ્રવાહરૂપી) જળ, **તથા સર્વમ્** = તેમ સર્વ (જગત), **યથા શક્તા** = જેમ (ગંગાજી) તીર્થશક્તિરૂપા, **તથા બૃહત** = તેમ અક્ષરબ્રહ્મ, **યથા દેવી** = જેમ (ગંગાજીનું) દેવીસ્વરૂપ, **તથા કૃષ્ણઃ** = તેમ ભગવાન શ્રીકૃષ્ણ, **તત્ર અપિ એતત્ઈહ ઉચ્ચતે** = ત્યાં (વેદમાં) પણ જે કહેવાયુંછે તે આ છે

**ભાવાર્થ–** જેમ ગંગાજીનું આધિભૌતિક સ્વરૂપ જળપ્રવાહ છે તેમ પરબ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ આ જગત છે. જેમ ગંગાજીનું આધ્યાત્મિક સ્વરૂપ તીર્થશક્તિરૂપ છે તેમ પરબ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મ છે. જેમ ગંગાજીનું આધિદૈવિક સ્વરૂપ ગંગાદેવીરૂપ છે તેમ પરબ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ છે. વેદમાં જે કહેવાયું છે તે અહીં કહેવાયું છે.

**જગત્ તુ ત્રિવિધં પ્રોક્તં બ્રહ્મવિષ્ણુશિવાસ્તતઃ ।**
**દેવતારૂપવત્ પ્રોકતા, બ્રહ્મણીત્થં હરિર્મતઃ ।।૧૦।।**

**જગત્ તુ** = જગત પણ, **ત્રિવિધં પ્રોકતં** = ત્રણ પ્રકારે કહેલું છે, **બ્રહ્મ વિષ્ણુ શિવાઃ તતઃ** = તેથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી, **દેવતારૂપવત્** = દેવતારૂપે, **પ્રોકતા** = કહેલા છે, **બ્રહ્મણિ ઈત્થં** = આ પ્રમાણે અક્ષરબ્રહ્મમાં, **હરિઃ મતઃ** = શ્રીહરિ (શ્રીકૃષ્ણ) માનેલા છે

**ભાવાર્થ–** જગત સત્વ, રજ અને તમ–ગુણોને લીધે ત્રિવિધ પ્રકારે કહેલું છે. આ ત્રણે ગુણોના દેવતારૂપ વિષ્ણુ, બ્રહ્મા અને શિવજી અનુક્રમે કહેલા છે. અર્થાત્ રજોગુણના દેવ બ્રહ્માજી જગતની ઉત્પત્તિ કરે છે, સત્વગુણના દેવ વિષ્ણુ જગતનું પાલન કરે છે અને તમોગુણના દેવ શિવજી જગતનો સંહાર કરે છે. આ સર્વ દેવો સ્વતંત્ર નથી અને લોકમાં પૂજા/ઉપાસના કરવા યોગ્ય છે. આ સૌના નિયામક ભગવાન શ્રીકૃષ્ણ છે અને એ જ સેવા કરવા યોગ્ય છે.

**કામચારસ્તુ લોકેસ્મિન્ બ્રહ્માદિભ્યો ન ચાન્યથા ।**
**પરમાનંદરૂપે તુ કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ ।।૧૧।।**

**કામચારઃ તુ** = ઈચ્છા પ્રમાણેનો ભોગ પણ, **લોકે અસ્મિન્** = આ લોકમાં, **બ્રહ્માદિભ્યઃ** = બ્રહ્માજી આદિથી (મળે છે), **ન ચ અન્યથા** = પરંતુ બીજી કોઈ રીતે નહિ, **પરમાનંદરૂપે તુ** = પરમાનંદ તો, **કૃષ્ણે** = ભગવાન શ્રીકૃષ્ણમાં, **સ્વાત્મનિ નિશ્ચયઃ** = પોતાના આત્માના વિષયમાં નિશ્ચય સિદ્ધ થાય છે.

**ભાવાર્થ–** આ લોકમાં ઈચ્છા પ્રમાણેનો ભોગ તો બ્રહ્માજી આદિ દેવોથી મળે છે પરંતુ બીજી કોઈ રીતે મળતો નથી. ભક્તોને પોતાના આત્માના વિષયમાં પરમાનંદનું દાન તો ભગવાન શ્રીકૃષ્ણમાં નિશ્ચય સિદ્ધ થાય છે.

**અતસ્તુ બ્રહ્મવાદેન, કૃષ્ણે બુદ્ધિર્ વિધીયતામ્ ।**
**આત્મનિ બ્રહ્મરૂપે હિ, છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ ।।૧૨।।**

**અતઃ તુ** = તેથી તો, **બ્રહ્મવાદેન** = સર્વ કંઈ બ્રહ્મ જ છે એવા બ્રહ્મવાદથી સમજીને, **કૃષ્ણે બુદ્ધિ** = શ્રીકૃષ્ણમાં બુદ્ધિ, **વિધીયતામ્** = સારી રીતે રાખવી, **આત્મનિ** = આત્મામાં, **બ્રહ્મરૂપે હિ** = બ્રહ્મના અંશરૂપે જ, **છિદ્રાઃ**= છિદ્રો, **વ્યોમ્ની ઈવ** = આકાશમાં જેમ, **ચેતના** = ચેતના (અંતકરણની વૃત્તિઓ)

**ભાવાર્થ–** તેથી સર્વ કંઈ બ્રહ્મ છે એમ બ્રહ્મવાદથી સમજીને, ભગવાન શ્રીકૃષ્ણમાં બુદ્ધિ સારી રીતે રાખવી. જેમ ચાળણીના છિદ્રો દ્વારા આકાશને જોતાં, તે ઘણા છિદ્રોવાળું દેખાય છે તેમ જીવ, બ્રહ્મનો અંશ છે એમ ન જાણવાથી અનેક પ્રકારથી ભિન્ન બુદ્ધિ થાય છે.

**ઉપાધિનાશે વિજ્ઞાને બ્રહ્માત્મત્વાવબોધને ।**
**ગંગાતીરસ્થિતો યદ્ વદ્ દેવતાં તત્ર પશ્યતિ ।।૧૩।।**
**તથા કૃષ્ણં પરંબ્રહ્મ સ્વસ્મિન્જ્ઞાની પ્રપશ્યતિ ।।૧૩૧/૨।**

**ઉપાધિનાશે** = ઉપાધિ (અવિદ્યા) નો નાશ થતાં, **વિજ્ઞાને** = વિશેષ જ્ઞાન થતાં, **બ્રહ્માત્મત્વ** = બ્રહ્મરૂપતાનો, **અવબોધને** = બોધ થતાં, **ગંગાતીર સ્થિતઃ** = ગંગાજીના તટે રહેલો (જ્ઞાની ભક્ત), **યદ્ વદ્ દેવતાં** = જેમ દેવીસ્વરૂપને, **તત્ર પશ્યતિ** = ત્યાં જુએ છે, **તથા કૃષ્ણ પરંબ્રહ્મ** =તેમ પરબ્રહ્મ શ્રીકૃષ્ણને, **સ્વસ્મિન્** = પોતાનામાં, **જ્ઞાની પ્રપશ્યતિ** = જ્ઞાની સારી રીતે જુએ છે

**ભાવાર્થ–** જેમ ગંગાજીના તટે રહેલો જ્ઞાની ભક્ત, ગંગાજીના જળમાં ગંગાજીને દેવીસ્વરૂપે જુએ છે તેમ ઉપાધિ (અવિદ્યા)નો નાશ થતાં, જગતની બ્રહ્મરૂપતાનો બોધ થતાં, તે જ્ઞાની ભક્ત પોતાના આત્મામાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણને સારી રીતે જુએ છે.

**સંસારી યસ્તુ ભજતે સ દૂરસ્થો યથા તથા ।।૧૪।।**
**અપેક્ષિત જલાદીનામભાવાત્ તત્ર દુઃખભાક્।૧૪૧/૨।**

**યઃ** = જે, **સંસારી** = સંસારીજનો, **ભજતે** = (ભગવાન શ્રીકૃષ્ણની) સેવા કરે છે, **તુ** = તો, **સ દૂરસ્થઃ** = તે દૂર દેશમાં રહેનાર, **યથા** = જેવી રીતે, **તથા** = તેવી રીતે, **અપેક્ષિત જલાદીનાં** = અપેક્ષિત જળ વગેરેના, **અભાવાત્** = અભાવમાં, **તત્ર** = ત્યાં, **દુઃખભાક્** = દુખ ભોગવે છે

**ભાવાર્થ–** જેવી રીતે ગંગાજીથી દૂર દેશમાં રહેનારો ગંગાજીનો ભક્ત તે જળના અપેક્ષિત દર્શન–પાન સ્નાન વગેરેના અભાવથી દુખ ભોગવે છે તેવી રીતે સંસારી જન અર્થાત્ અહંતા–મમતામાં બંધાયેલો જીવ પણ જો શ્રીકૃષ્ણ ભક્તિ/સેવા કરે તોપણ ભગવદ્ દર્શનના અભાવમાં દુઃખ ભોગવે છે.

**તસ્માત્ શ્રીકૃષ્ણમાર્ગસ્થો, વિમુક્તઃ સર્વલોકતઃ ।।૧૫।।**
**આત્માનન્દસમુદ્રસ્થં, કૃષ્ણમેવ વિચિન્તયેત્ ।।૧૫૧/૨।।**

**તસ્માત્** = તેથી, **શ્રીકૃષ્ણમાર્ગસ્થ** = ભગવાન શ્રીકૃષ્ણના માર્ગમાં રહેલાએ, **વિમુક્તઃ** = વિશેષ રીતે મુક્ત થઈને, **સર્વલોકતઃ** = સર્વ લોકથી, **આત્માનંદ સમુદ્રસ્થમ્** = આત્માનંદરૂપી સમુદ્રમાં બિરાજેલા, **કૃષ્ણમ્ એવ** = ભગવાન શ્રીકૃષ્ણનું જ, **વિચિન્તયેત્** = વિશેષરૂપથી ચિંતન કરવું

**ભાવાર્થ-** તેથી ભગવાન શ્રીકૃષ્ણના માર્ગમાં રહેલાએ, સર્વ લોકથી વિશેષ રીતે મુક્ત થઈને અર્થાત્ સંસાર-આસક્તિ છોડીને, આત્માનંદરૂપી સમુદ્રમાં બિરાજેલા શ્રીકૃષ્ણનું વિશેષ રૂપથી ચિંતન કરવું.

**લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં, ક્લિષ્ટો ભવતિ સર્વથા ।।૧૬।।**
**કિલષ્ટો પિ ચેદ્ ભજેત્ કૃષ્ણં,લોકો નશ્યતિ સર્વથા ।૧૬૧/૨।**

**લોકાર્થી** = લોકની ઈચ્છાવાળા, **ચેદ્ ભજેત્ કૃષ્ણં** = જો ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરે તો, **કિલષ્ટઃ અપિ** = કલેશયુક્ત થવા છતાં પણ, **ચેદ્ ભજેત્ કૃષ્ણં** = જો શ્રીકૃષ્ણનું ભજન કરે તો, **લોકઃ નશ્યતિ સર્વથા** = સર્વથા (અહંતા મમતાત્મક) લોકનો નાશ થાય છે

**ભાવાર્થ-** લૌકિક કામનાની ઈચ્છા રાખનાર, જો ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરે તો સર્વથા કલેશયુક્ત થાય છે. કલેશયુક્ત થવા છતાં પણ જો તેઓ શ્રીકૃષ્ણનું ભજન કર્યા કરે તો તેમના અહંતા મમતાત્મક સંસારનો સર્વથા નાશ થાય છે.

**જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી, તિષ્ઠેત્ પૂજોત્સવાદિષુ ।।૧૭।।**
**મર્યાદાસ્થસ્તુ ગંગાયાં, શ્રીભાગવત તત્પરઃ ।**
**અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ ।।૧૮।।**

**જ્ઞાન અભાવે** = જ્ઞાનના અભાવમાં, **પુષ્ટિમાર્ગી** = પુષ્ટિ દૈવી જીવે, **તિષ્ઠેત્** = સ્થિતિ કરવી (રહેવું), **પૂજા ઉત્સવ આદિષુ** = જ્યાં પૂજા (સેવા) ઉત્સવ વગેરે થતાં હોય ત્યાં, **મર્યાદાસ્થઃ તુ** =મર્યાદામાર્ગીય જીવે તો, **ગંગાયાં** = ગંગાજીના તટે (રહેવું), **શ્રીભાગવત તત્પરઃ** = શ્રીમદ્ ભાગવતમાં તત્પર થઈને, **અનુગ્રહ :** = અનુગ્રહ (કૃપા), **પુષ્ટિમાર્ગે** = પુષ્ટિમાર્ગમાં, **નિયામક ઈતિ સ્થિતિઃ** = નિયામક છે એવી સ્થિતિ છે

**ભાવાર્થ-** પુષ્ટિમાર્ગીય જીવે જ્ઞાનના અભાવમાં અર્થાત્ સ્વસ્વરૂપ અને ભગવત્સ્વરૂપનું જ્ઞાન ન હોય તો, જ્યાં પૂજા (સેવા) ઉત્સવઆદિ થતાં હોય એવા સ્થાનમાં રહેવું. મર્યાદામાર્ગીય જીવે જ્ઞાનના અભાવમાં ગંગાજીના કિનારે શ્રીમદ્ભાગવતમાં તત્પર થઈને રહેવું.પુષ્ટિમાર્ગમાં ભગવદ્ કૃપાજ નિયામક છે એવી સ્થિતિ (વ્યવસ્થા) છે.

**ઉભયોસ્તુ ક્રમેણૈવ, પૂર્વોક્તૈવ ફલિષ્યતિ ।**
**જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ એવં તસ્માત્ નિરૂપિતઃ ॥૧૯॥**

**ઉભયઃ તુ** = બંને (જ્ઞાની અને ભક્ત) ને તો, **ક્રમેણ એવ** = ક્રમપૂર્વક જ, **પૂર્વોક્ત એવ** = પૂર્વે કહેલી જ, **ફલિષ્યતિ** = ફલ સિદ્ધિ થશે, **જ્ઞાન અધિકઃ** = જ્ઞાનમાર્ગથી અધિક (ઉત્તમ) છે, **ભક્તિમાર્ગ** = ભક્તિમાર્ગ, **એવં** = આ પ્રકારે, **તસ્માત્** = તેથી, **નિરૂપિતઃ** = નિરૂપણ કરેલું છે

**ભાવાર્થ-** ઉપર જણાવેલ પુષ્ટિમાર્ગીય અને મર્યાદામાર્ગીય ભક્તને ક્રમે ક્રમે પૂર્વે કહેલી ફલસિદ્ધિ થશે. આમ જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગ ઉત્તમ છે. તેથી આ પ્રકારે તેનું નિરૂપણ કરેલું છે.

**ભકત્યાભાવે તુ તીરસ્થો, યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ ।**
**અન્યથા ભાવમાપન્નસ્ તસ્માત્સ્થાનાચ્ચ નશ્યતિ ॥૨૦॥**

**ભક્તિ અભાવે તુ** = ભક્તિના અભાવમાં તો, **તીરસ્થઃ** = ગંગાજીના તટે રહેલો, **યથા** = જેવી રીતે, **દુષ્ટઃ સ્વકર્મભિ** = પોતાના દુષ્ટ કર્મોથી, **અન્યથાભાવં** = અન્યથા ભાવ(પાખંડીપણાને), **આપન્નઃ** = પ્રાપ્ત થાય છે, **તસ્માત્** = તેથી, **સ્થાનાત્ ચ** = અને તીર્થસ્થાનથી પણ, **નશ્યતિ** = નાશ પામે છે

**ભાવાર્થ-** જેમ ગંગાજીના તટે રહેલો મનુષ્ય ભક્તિના અભાવમાં જો દુષ્ટ કર્મો કરે તો, તે પાખંડીપણાને પ્રાપ્ત થાય છે, અને તીર્થસ્થાનમાં રહેવા છતાંપણ નાશ પામે છે. એટલે ભગવદ્ સ્થાનમાં રહીને ભક્તિ ન કરનાર મનુષ્યનું પણ પતન થાય છે.

**એવં સ્વશાસ્ત્ર સર્વસ્વં, મયા ગુપ્તં નિરૂપિતમ્ ।**
**એતદ્ બુદ્ધ્વા વિમુચ્યેત, પુરુષઃ સર્વસંશયાત્ ॥૨૧॥**

**એવં** = આ પ્રકારે, **સ્વશાસ્ત્ર સર્વસ્વં** = પોતાના શાસ્ત્રના સર્વસ્વનું, **મયા** = મેં (શ્રીમદ્વલ્લભાચાર્યજીએ), **ગુપ્તમ્** = ગુપ્ત (રહસ્ય), **નિરૂપિતમ્** = નિરૂપણ કર્યું, **એતદ્** = તેને, **બુદ્ધ્વા** = જાણીને, **વિમુચ્યેત** = વિશેષ પ્રકારે મુક્ત થાય છે, **પુરુષ** = પુરુષ (જીવો), **સર્વ સંશયાત્** = સર્વ સંશયોથી

ભાવાર્થ- આ પ્રકારે મેં (શ્રીમદ્વલ્લભાચાર્યજીએ) પોતાના શાસ્ત્રના સર્વસ્વ (ગોપ્ય સેવાસ્વરૂપ સિદ્ધાંત) નું નિરૂપણ કર્યું છે. તેને જાણીને પુરુષ સર્વ સંશયોથી વિશેષ રીતે મુક્ત થાય છે.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં સિધ્ધાંત મુક્તાવલી સમ્પૂર્ણ ।।**

*

# પુષ્ટિ પ્રવાહમર્યાદા ભેદઃ

**પુષ્ટિપ્રવાહમર્યાદા, વિશેષેણ પૃથક્ પૃથક્ ।**
**જીવદેહક્રિયાભેદૈઃ પ્રવાહેણ ફલેન ચ ।।૧।।**
**વક્ષ્યામિ સર્વસંદેહા, ન ભવિષ્યંતિ યત્ શ્રુતેઃ ।।૧ $^{૧}/_{૨}$ ।।**

**પુષ્ટિપ્રવાહ મર્યાદા** = પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદામાર્ગ, **વિશેષણ** = વિશેષ પ્રકારથી, **પૃથક્ પૃથક્** = જુદા જુદા (છે), **જીવ દેહ ક્રિયા ભેદૈઃ** = જીવ, દેહ અને ક્રિયાના ભેદથી, **પ્રવાહેણ** = પ્રવાહ (સૃષ્ટિનીપરંપરા)થી, **ફલેન ચ** = અને ફળથી, **વક્ષ્યામિ** = હું (શ્રીમદ્વલ્લભાચાર્યજી) કહું છું, **સર્વ સંદેહા** = સર્વ પ્રકારના સંદેહ, **ન ભવિષ્યંતિ** = થશે નહિ, **યત્ શ્રુતેઃ** = જે સાંભળવાથી

**ભાવાર્થ-** આ જગતમાં પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એ ત્રણ વિશેષ પ્રકારથી જુદા જુદા માર્ગો છે. તેમના જીવ, દેહ અને ક્રિયાના ભેદથી તેમજ સૃષ્ટિની પરંપરા અને ફળના ભેદથી-વિશેષ પ્રકારથી હું (શ્રીમદ્વલ્લભાચાર્યજી) કહું છું, જે સાંભળવાથી સર્વ પ્રકારના સંદેહ થશે નહિ.

**ભક્તિમાર્ગસ્ય કથનાત્, પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ ।।૨।।**

**ભક્તિમાર્ગસ્ય** = ભક્તિમાર્ગના, **કથનાત્** = કહેવાથી, **પુષ્ટિઃ** = પુષ્ટિમાર્ગ, **અસ્તિ ઈતિ નિશ્ચયઃ** = છે એમ નિશ્ચય (થાય છે)

**ભાવાર્થ–** શાસ્ત્રમાં ભક્તિમાર્ગ કહેલો છે તેથી પુષ્ટિ એટલે ભગવદ્ કૃપાનો માર્ગ – પુષ્ટિમાર્ગ છે એમ નિશ્ચય થાય છે.

**''દ્વૌ ભૂતસર્ગા'' વિત્યુક્તેઃ પ્રવાહોપિ વ્યવસ્થિતઃ ।**
**વેદસ્ય વિદ્યમાનત્વાન્મર્યાદાપિ વ્યવસ્થિતાઃ ।।૩।।**

**''દ્વૌ ભૂતસર્ગા''** = બે પ્રકારની સૃષ્ટિ (ગીતાજી અનુસાર), **ઈતિ ઉક્તે** = એમ કહેવાથી, **પ્રવાહઃ અપિ** = પ્રવાહમાર્ગ પણ, **વ્યવસ્થિતઃ** = વ્યવસ્થિત (રહેલો) છે, **વેદસ્ય** = વેદના , **વિદ્યમાનત્વાત્** = વિદ્યમાન હોવાથી, **મર્યાદાઃ અપિ** = મર્યાદામાર્ગ પણ, **વ્યવસ્થિતાઃ** = વ્યવસ્થિત (રહેલો) છે.

**ભાવાર્થ–** શ્રીમદ્ ભગવદ્ગીતા ૧૬–૬ માં ભગવાન શ્રીકૃષ્ણે બે પ્રકારની સૃષ્ટિ - દૈવી અને આસુરી છે એમ સ્વમુખે કહ્યું હોવાથી, પ્રવાહમાર્ગ પણ રહેલો છે. વેદના વિદ્યમાનપણા (અસ્તિત્ત્વ) થી મર્યાદામાર્ગ પણ રહેલો છે (એમ જાણવું)

**કશ્ચિદેવ હિ ભક્તો હિ, ''યો મદ્ભક્ત'' ઈતીરણાત્ ।**
**સર્વત્રોત્કર્ષકથનાત્, પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ ।।૪।।**

**કશ્ચિદ્ એવ હિ** = કોઈક જ, **ભક્તઃ હિ** = ભક્ત (હોય છે), **''યો મદ્ભક્ત''** = જે મારો ભક્ત (ગીતાજી અનુસાર), **ઈતિ ઈરણાત્** = એમ કહેવાથી, **સર્વત્ર ઉત્કર્ષ કથનાત્** = સર્વત્ર (ભક્તનો) ઉત્કર્ષ કહેવાથી, **પુષ્ટિઃ** = પુષ્ટિમાર્ગ, **અસ્તિ ઈતિ નિશ્ચયઃ** = છે એમ નિશ્ચય (થાય છે)

**ભાવાર્થ–** કોઈક જ ભક્ત થાય છે અર્થાત્ બધા જીવો કંઈ ભક્ત હોતા નથી. આથી શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૨ ના શ્લોક ૧૩ થી ૨૦માં ભક્તના લક્ષણો વર્ણવતાં, ભગવાન શ્રીકૃષ્ણ સ્વમુખે આજ્ઞા કરે છે કે ''જે મારો ભક્ત છે તે મને પ્રિય છે''. એમ સર્વત્ર ભક્તનો ઉત્કર્ષ (શ્રેષ્ઠતા) કહેવાથી પુષ્ટિમાર્ગ છે એમ નિશ્ચય થાય છે.

**ન સર્વોતઃ પ્રવાહાદ્ધિ , ભિન્નો વેદાચ્ચભેદતઃ ।**
**''યદા યસ્યેતિ'' વચનાત્ ''નાહં વેદૈર્'' ઈતીરણાત્ ।।૫।।**

**ન સર્વઃ અતઃ** = તેથી સર્વ જીવો (સમાન નથી), **પ્રવાહાત્ ભિન્નઃ** = પ્રવાહથી જુદા છે, **વેદાત્ ચ ભેદતઃ** = અને વેદથી જુદા છે, **''યદા યસ્ય ઈતિ''** = જ્યારે

જેના ઉપર, **વચનાત્** = (ભાગવતના) વચનથી, **''ન અહં વેદૈ''** = હું વેદોથી (જોઈ શકતો નથી), **ઈતિ ઈરણાત્** = એમ કહેવાથી (ગીતાજીમાં)

**ભાવાર્થ-** શ્રીમદ્ ભાગવત ૪-૨૯-૪૬ અનુસાર ''આત્મા વડે ભાવના કરાયેલા ભગવાન, જ્યારે જેના ઉપર કૃપા કરે છે ત્યારે તે પુરુષ લૌકિક અને વૈદિક કામનાઓનો ત્યાગ કરે છે'' વળી શ્રીમદ્ ભગવદ્ગીતા ૧૧-૫૩માં ભગવાન શ્રીકૃષ્ણ સ્વમુખે આજ્ઞા કરે છે કે ''હું વેદોથી, તપથી, દાનથી કે યજ્ઞોથી જોઈ શકતો નથી એટલે કે મારા (ભગવાનના) દર્શન થતા નથી.'' આ બધા વચનોથી જણાય છે કે આ જગતમાં સર્વ જીવો સમાન નથી. આથી પુષ્ટિમાર્ગ, બીજા બે માર્ગો - પ્રવાહ અને મર્યાદા માર્ગથી જુદો છે.

**માર્ગૈકત્વેપિ ચૈદન્ત્યૌ, તનૂ ભકત્યાગમૌ મતૌ।**
**ન તદ્યુક્તં સૂત્રતો હિ, ભિન્નોયુક્ત્યા હિ વૈદિકઃ ।।૬।।**

**માર્ગૈકત્વે અપિ** = ભક્તિમાર્ગ એક હોવા છતાં પણ, **ચેત્ અન્ત્યૌ** = જો અંતિમ બે માર્ગો (પ્રવાહ અને મર્યાદા માર્ગ), **તનૂ** = (ભક્તિમાર્ગના) અંગરૂપે, **ભકત્યાગમૌ** = ભક્તિ આપવાવાળા, **મતૌ** = માનેલા છે, **ન તત્ યુકતમ્** = (એમ કોઈ કહે તો) તે ઉચિત નથી, **સૂત્રતઃ** = બ્રહ્મસૂત્રોથી, **હિ ભિન્નઃ** = કેમકે જુદા, **યુકત્યા હિ** = યુક્તિથી નિશ્ચય, **વૈદિકઃ** = વૈદિક (મર્યાદામાર્ગ)

**ભાવાર્થ-** ભક્તિમાર્ગ એક હોવા છતાં પણ બીજા બે માર્ગો (પ્રવાહ અને મર્યાદામાર્ગ) ભક્તિ આપવાવાળા (ભક્તિમાર્ગના) અંગરૂપે માનવામાં આવ્યા છે એમ જો કોઈ કહે તો તે ઉચિત નથી, કેમકે બ્રહ્મસૂત્રોથી અને યુક્તિથી પુષ્ટિમાર્ગ, બીજા બે માર્ગો - પ્રવાહ અને મર્યાદામાર્ગથી જુદો છે.

**જીવદેહકૃતિનાં ચ, ભિન્નત્વં નિત્યતા શ્રુતેઃ ।**
**યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે, દ્વયોરપિ નિષેધતઃ ।।૭।।**
**પ્રમાણ ભેદાદ્ ભિન્નો હિ, પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ ।।૭ ½ ।।**

**યથા** = જેવી રીતે, **પુષ્ટિમાર્ગો** = પુષ્ટિમાર્ગમાં, **શ્રુતે** = વેદથી, **જીવ દેહ કૃતિનામ્ ચ** = જીવ, દેહ અને ક્રિયાનું, **ભિન્નત્વમ્** = ભિન્નપણું (છે), **તદ્વત્** = તે પ્રમાણે, **નિત્યતામ્** = નિત્યપણું (પણ છે), **દ્વયો અપિ** = બંને (પ્રવાહ અને મર્યાદામાર્ગ) ના પણ, **નિષેધતઃ** = નિષેધના કારણે, **પ્રમાણ ભેદાત્** =

પ્રમાણના ભેદથી, **ભિન્નઃ હિ** = ભિન્ન જ, **પુષ્ટિમાર્ગઃ** = પુષ્ટિમાર્ગ, **નિરૂપિતઃ** = નિરૂપિત કરેલો છે

**ભાવાર્થ–** જેવી રીતે ત્રણે માર્ગોમાં જીવોના દેહ અને ક્રિયાથી ભિન્નપણું શ્રુતિથી સિદ્ધ છે તેવી રીતે પુષ્ટિમાર્ગમાં જીવનું નિત્યત્વ શ્રુતિથી સિદ્ધ છે. આવી નિત્યતાનો પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગના જીવોને માટે નિષેધ હોવાથી, પ્રમાણના ભેદથી પુષ્ટિમાર્ગ નિશ્ચય આ બંને માર્ગોથી જુદો છે એમ નિરૂપિત કરેલ છે.

**સર્ગભેદં પ્રવક્ષ્યામિ, સ્વરૂપાંગ ક્રિયાયુતમ્ ।।૮।।**
**ઈચ્છામાત્રેણ મનસા, પ્રવાહં સૃષ્ટવાન્હરિઃ ।**
**વચસા વેદમાર્ગં હિ, પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ।।૯।।**

**સર્ગભેદમ્** = સર્ગભેદને, **પ્રવક્ષ્યામિ** = વિશેષ પ્રકારે હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) કહું છું, **સ્વરૂપ અંગ ક્રિયાયુતમ્** = સ્વરૂપ, અંગ અને ક્રિયા સહિત, **ઈચ્છામાત્રેણ** = ઈચ્છામાત્રથી, **મનસા** = મનથી, **પ્રવાહમ્** =પ્રવાહ સૃષ્ટિ, **સૃષ્ટવાન્** = સર્જન કરી છે, **હરિઃ** = શ્રીહરિએ, **વચસા** = વાણીથી, **વેદમાર્ગં હિ** = મર્યાદાસૃષ્ટિ અને, **પુષ્ટિમ્** = પુષ્ટિસૃષ્ટિ, **કાયેન** = કાયા (શ્રીઅંગ) થી, **નિશ્ચય** = એમ નિશ્ચય છે,

**ભાવાર્થ–** જીવોના સ્વરૂપ, અંગ અને ક્રિયા સહિત સર્ગ (સૃષ્ટિ) ભેદને વિશેષ પ્રકારે હું (શ્રીમદ્‌વલ્લભાચાર્યજી) કહું છું. શ્રીહરિએ મનમાંથી પ્રવાહ સૃષ્ટિ, વાણીથી મર્યાદાસૃષ્ટિ અને શ્રીઅંગમાંથી પુષ્ટિસૃષ્ટિનું સર્જન કર્યું છે એ નિશ્ચય છે.

**મૂલેચ્છાતઃ ફલં લોકે, વેદોક્તં વૈદિકેપિ ચ ।**
**કાયેન તુ ફલં પુષ્ટૌ, ભિન્નેચ્છાતોપિ નૈકધા ।।૧૦।।**

**મૂલેચ્છાતઃ** = મૂળ ઈચ્છાથી, **ફલં** = ફળ (થાય છે), **લોકે** = લોક (પ્રવાહ)માં, **વેદ ઉક્તં** = વેદમાં કહેલું, **વૈદિકે અપિ** = વૈદિક (મર્યાદા) માર્ગમાં પણ, **ચ કાયેન** = અને કાયા (શ્રીઅંગ)માંથી, **તુ ફલં** = તો ફલ (થાય છે), **પુષ્ટૌ** = પુષ્ટિમાર્ગમાં, **ભિન્ન ઈચ્છાતઃ અપિ** = ભિન્ન ફળ આપવાની ઈચ્છા પણ, **ન એકધા** = એક પ્રકારની નથી

**ભાવાર્થ–** (ત્રણે પ્રકારના જીવોની સૃષ્ટિના ફળ જુદા જુદા છે) મૂળ ઈચ્છાથી પ્રવાહસૃષ્ટિના જીવોને લૌકિક ફળ, મર્યાદાસૃષ્ટિ ના જીવોને વેદમાં કહેલું ફળ પ્રાપ્ત થાય છે. આમ જુદા જુદા ફળ આપવાની ઈચ્છાથી સૃષ્ટિ એક પ્રકારની નથી.

**''તાનહં દ્વિષતો'' વાક્યાદ્ ભિન્ના જીવાઃ પ્રવાહિણઃ ।**
**અત એવેતરૌ ભિન્નૌ, સાન્તૌ મોક્ષ–પ્રવેશતઃ ।।૧૧।।**

**''તાનહં દ્વિષતો''** = તે દ્વેષ કરનારાઓને હું, **વાક્યાદ્** = (ગીતા) વાક્યથી, **ભિન્ના** = જુદા છે, **જીવાઃ પ્રવાહિણાઃ** = પ્રવાહી જીવો, **અત એવ ઈતરૌ** = એટલા માટે મર્યાદાજીવો અને પુષ્ટિજીવો, **ભિન્નૌ** = જુદા છે, **સાન્તૌ** = અંતસહિત, **મોક્ષ પ્રવેશતઃ** = મોક્ષ અને (લીલા) પ્રવેશ થવાથી

**ભાવાર્થ–** શ્રીમદ્ ભગવદ્ગીતા ૧૬-૧૯માં ભગવાન શ્રીકૃષ્ણ સ્વમુખે આજ્ઞા કરે છે કે ''તે દ્વેષ કરનારા અને અશુભ કર્મ કરનારા ક્રૂર નરાધમોને હું આસુરી યોનિમાં વારંવાર નાખું છું.'' આ વચન અનુસાર પ્રવાહી જીવો, મર્યાદા અને પુષ્ટિજીવોથી જુદા છે. એટલા માટે મર્યાદાજીવોને મોક્ષ અને પુષ્ટિજીવોનો લીલાપ્રવેશ થાય છે. આથી આ બંને જીવો અંતસહિત છે અર્થાત્ તેઓનો જીવભાવ નિવૃત્ત થાય છે.

**તસ્માત્ જીવાઃ પુષ્ટિમાર્ગે, ભિન્ના એવ ન સંશયઃ ।**
**ભગવદ્રૂપ સેવાર્થં, તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્ ।।૧૨।।**

**તસ્માત્** = તેથી, **પુષ્ટિમાર્ગે જીવાઃ** = પુષ્ટિમાર્ગના જીવો, **ભિન્ના** = જુદા છે, **એવ ન સંશયઃ** = એમાં સંશય નથી જ, **ભગવદ્ રૂપ સેવા અર્થે** = ભગવદ્ સ્વરૂપની સેવા માટે, **તત્ સૃષ્ટિઃ** = તે પુષ્ટિજીવોની સૃષ્ટિ (ઉત્પન્ન કરી છે), **ન અન્યથા ભવેત્** = બીજા કોઈ હેતુથી નહિ

**ભાવાર્થ–** તેથી પુષ્ટિમાર્ગીય જીવો, બીજા જીવો કરતાં જુદા છે એમાં સંશય નથી જ. તે પુષ્ટિજીવોની સૃષ્ટિ ભગવદ્ સ્વરૂપની સેવા માટે પ્રકટ કરી છે, બીજા કોઈ હેતુથી નહિ.

**સ્વરૂપેણાવતારેણ, લિંગેન ચ ગુણેન ચ ।**
**તારતમ્યં ન સ્વરૂપે, દેહે વા તત્ ક્રિયાસુ વા ।।૧૩।।**
**તથાપિ યાવતા કાર્યં, તાવત્તસ્ય કરોતિ હિ ।।૧૩૧/૨।।**

**સ્વરૂપેણ** = (પુષ્ટિજીવો) સ્વરૂપથી, **અવતારેણ** = અવતાર (દેહ) થી, **લિંગેન ચ** = અને ચિહ્નથી, **ગુણેન ચ** = ગુણથી પણ, **તારતમ્યં** = (ભગવાનથી) તફાવત, **ન** = નથી, **સ્વરૂપે** = સ્વરૂપમાં, **દેહે વા** = અથવા દેહમાં, **તત્ ક્રિયાસુ વા** = અથવા તેમની ક્રિયામાં, **તથા અપિ** = તો પણ, **યાવતા કાર્યમ્** = જેટલું કાર્ય કરાવવું હોય, **તાવત્ તસ્ય** = તેટલો તેને, **કરોતિ હિ** = ચોક્કસ કરે છે

**ભાવાર્થ–** પુષ્ટિજીવો સ્વરૂપ, દેહ, ચિહ્ન અને ગુણોથી ભગવાનની સમાન છે. આથી ભગવાનના સ્વરૂપ, દેહ અને ક્રિયાથી પુષ્ટિજીવોના સ્વરૂપ, દેહ અને ક્રિયાઓમાં કોઈ તારતમ્ય (તફાવત) નથી. આમ છતાં ભગવાનને જેવી લીલા કરવી હોય તે પ્રમાણે તેટલું તારતમ્ય (ઓછું-અધિક) ભક્તમાં કરે છે.

**તે હિ દ્વિધા શુધ્ધમિશ્રભેદાન્ મિશ્રાસ્ સ્ત્રિધા પુનઃ ।।૧૪।।**
**પ્રવાહાદિ વિભેદેન, ભગવત્ કાર્ય સિદ્ધયે ।**
**પુષ્ટિયાવિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ ।।૧૫।।**
**મર્યાદયા ગુણજ્ઞાસ્તે, શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભાઃ ।।૧૫૧/૨।।**

**તે હિ દ્વિધા** = તે (પુષ્ટિજીવો) પણ બે પ્રકારના (છે), **શુધ્ધ મિશ્ર ભેદાન્** = શુદ્ધ અને મિશ્રના ભેદથી, **મિશ્રા** = મિશ્ર જીવો, **પુનઃ** = ફરીથી, **ત્રિધા** = ત્રણ પ્રકારના (છે), **પ્રવાહ આદિ વિભેદેન** = પ્રવાહ વગેરેના વિશેષ ભેદથી, **ભગવત્ કાર્ય** = ભગવદ્ કાર્ય, **સિદ્ધયે** = સિદ્ધ થાય તે માટે, **પુષ્ટ્યા** = પુષ્ટિ વડે, **વિમિશ્રા** = મિશ્ર જીવો, **સર્વજ્ઞાઃ** = સર્વજ્ઞ (હોય છે), **પ્રવાહેણ** = પ્રવાહથી (મિશ્ર જીવો), **ક્રિયારતઃ** = ક્રિયામાં પ્રેમવાળા (હોય છે), **મર્યાદયા** = મર્યાદાથી (મિશ્ર જીવો), **ગુણજ્ઞા** = ભગવદ્ ગુણોને જાણવાવાળા (હોય છે), **તે શુધ્ધા** = તે શુદ્ધ જીવો, **પ્રેમ્ણા અતિ દુર્લભાઃ** = પ્રેમ વડે અતિ દુર્લભ (હોય છે)

**ભાવાર્થ**– પુષ્ટિ જીવો બે પ્રકારના હોય છેઃ (૧) શુદ્ધ પુષ્ટિજીવો અને (૨) મિશ્ર પુષ્ટિજીવો. ભગવદ્ કાર્યની સિધ્ધિ માટે મિશ્ર પુષ્ટિજીવો પ્રવાહ વગેરેના વિશેષ ભેદથી ત્રણ પ્રકારના છે (૧) **પુષ્ટિ–મિશ્ર પુષ્ટિજીવો–સર્વજ્ઞ** હોય છે. અર્થાત્ ભગવાનના અભિપ્રાયને જાણનારા હોય છે. (૨) **પ્રવાહ–મિશ્ર પુષ્ટિજીવો** ક્રિયામાં પ્રેમવાળા હોય છે. (૩) **મર્યાદા–મિશ્ર પુષ્ટિજીવો–ભગવદ્** ગુણોને જાણવાવાળા હોય છે. શુદ્ધ પુષ્ટિજીવો કેવળ પ્રભુમાં પ્રેમવાળા હોય છે. તેઓ

અતિ દુર્લભ છે.

**એવં સર્ગસ્તુ તેષાં હિ, ફલં ત્વત્ર નિરૂપ્યતે ।।૧૬।।**
**ભગવાનેવ હિ ફલં, સ યથાવિર્ભવેદ્ ભુવિ**
**ગુણસ્વરૂપભેદેન, તથા તેષાં ફલં ભવેત્ ।।૧૭।।**

**એવં સર્ગઃ તુ** = આ પ્રકારે સૃષ્ટિ (છે), **તેષાં હિ** = તેમનું જ, **ફલં તુ અત્ર** = અહીં ફળ પણ, **નિરૂપ્યતે** = નિરૂપણ કરવામાં આવે છે, **ભગવાન એવ હિ ફલં** = ભગવાન જ નિશ્ચય ફળ છે, **સ યથા આવિર્ભવેદ્** = તે જે પ્રકારે પ્રકટ થાય, **ભુવિ** = પૃથ્વી ઉપર, **ગુણસ્વરૂપ ભેદેન** = ગુણ અને સ્વરૂપના ભેદથી, **તથા તેષાં** = તે પ્રકારે તેમનું, **ફલં ભવેત્** = ફળ થાય છે

**ભાવાર્થ-** આ પ્રકારે સૃષ્ટિ (ત્રણે પ્રકારના જીવોના સર્ગભેદ) છે. અહીં તેમનું ફળ પણ નિરૂપણ કરવામાં આવે છે. (પુષ્ટિજીવો માટે) ભગવાન જ નિશ્ચય ફળ છે. તે જે પ્રકારે ગુણ અને સ્વરૂપના ભેદથી પૃથ્વી ઉપર પ્રકટ થાય છે, તે પ્રકારે (પુષ્ટિજીવોને) ફલરૂપ થાય છે.

**આસક્તૌ ભગવાનેવ, શાપં દાપયતિ ક્વચિત્ ।**
**અહંકારેથવા લોકે, તન્માર્ગ સ્થાપનાય હિ ।।૧૮।।**

**આસક્તૌ** = આસક્તિ થવાથી, **ભગવાન એવ** = ભગવાન જ, **શાપં** = શાપ, **દાપયતિ** = અપાવે છે, **ક્વચિત્** = ક્યારેક, **અહંકાર અથવા** = અહંકાર થાય તો અથવા, **લોકે** = લોકમાં, **તત્ માર્ગ** = તે માર્ગની, **સ્થાપનાય હિ** = સ્થાપના માટે નિશ્ચય (હોય છે)

**ભાવાર્થ-** પુષ્ટિજીવો લોકમાં આસક્ત થાય છે ત્યારે ક્યારેક ભગવાન જ તેમને શાપ અપાવે છે અથવા અહંકાર થાય ત્યારે પણ ભગવાન તેમને શાપ અપાવે છે. આ શાપ માર્ગનું સ્થાપન કરવા માટે નિશ્ચય હોય છે.

**ન તે પાષંડતાં યાન્તિ, ન ચ રોગાદ્યુપદ્રવાઃ ।**
**મહાનુભાવાઃ પ્રાયેણ, શાસ્ત્રં શુદ્ધત્વ હેતવે ।।૧૯।।**

**ન** = નથી, **તે** = તે (શાપ પામેલા પુષ્ટિજીવો), **પાષંડતાં** = પાખંડપણાને (પ્રાપ્ત થતા નથી), **ચ રોગઃ ઉપદ્રવા** = અને રોગ વગેરે ઉપદ્રવોને, **યાન્તિ ન** = પ્રાપ્ત

થતા નથી, **મહાન અનુભવાઃ** = મહાનુભાવોની, **પ્રાયેણ** = ઘણું કરીને, **શાસ્ત્રમ્** = શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે, **શુધ્ધત્વ હેતવે** = શુદ્ધિના હેતુ માટે (હોય છે)

**ભાવાર્થઃ-** તે શાપ પામેલા પુષ્ટિજીવો પાખંડીપણાને પ્રાપ્ત થતા નથી અને રોગ વગેરે ઉપદ્રવો તેમને થતા નથી. ઘણું કરીને આ શાપ તે મહાનુભાવી પુષ્ટિજીવોને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તેમની શુદ્ધિના હેતુ માટે હોય છે અર્થાત્ આવો શાપ તેમના માટે શાપરૂપ નહિ પરંતુ ભગવદ્ ઈચ્છાથી ફલરૂપ હોય છે.

**ભગવત્તારતમ્યેન, તારતમ્યં ભજન્તિ હિ**
**લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્તેષુ નાન્યથા ॥૨૦॥**
**વૈષ્ણવત્વં હિ સહજં, તતોન્યત્ર વિપર્યયઃ ॥૨૦[૧]/[૨]॥**

**ભગવત્ તારતમ્યેન** = ભગવદ્ સ્વરૂપના તારતમ્યથી, **તારતમ્યં** = તારતમ્યભાવને, **ભજન્તિ હિ** = સેવે છે જ, **લૌકિકત્વં** = લૌકિકપણું, **વૈદિકત્વં** = વૈદિકપણું, **કાપટયાત્** = કપટ ભાવથી (છે), **તેષુ** = તે (પુષ્ટિજીવોમાં), **ન અન્યથા** = બીજી રીતે નહિ, **વૈષ્ણવત્વં હિ** = વૈષ્ણવતા જ, **સહજમ્** = સહજ (સ્વાભાવિક) છે, **તતઃ અન્યત્ર** = તેથી અન્યત્ર (બીજે), **વિપર્યયઃ** = વિપરીતતા છે

**ભાવાર્થઃ-** (પુષ્ટિજીવો) ભગવદ્ ઈચ્છાના ભેદથી પોતાને જે પ્રકારના ભગવદ્ સ્વરૂપમાં પ્રેમ હોય તે ભગવદ્ સ્વરૂપને સેવે છે. પુષ્ટિજીવોમાં વૈદિકપણું અને લૌકિકપણું કાપટ્ય ભાવથી હોય છે અર્થાત્ લૌકિક અને વૈદિક કાર્યો કેવળ દેખાવ પૂરતા જ આસક્તિ રહિત બનીને કરતા હોય છે, બીજી કોઈ રીતે નહિ. તેમનામાં વૈષ્ણવતા સ્વાભાવિક હોય છે તેથી અન્યત્ર-મર્યાદા અને પ્રવાહી જીવોમાં વિપરીતતા એટલે આનાથી વિરુદ્ધપણું હોય છે અર્થાત્ બીજા જીવોમાં વૈષ્ણવપણું કપટથી અને લૌકિક-વૈદિકપણું સ્વભાવગત હોય છે.

**સંબંધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્તથાપરે ॥૨૧॥**
**ચર્ષણી શબ્દવાચ્યાસ્તે તે સર્વે સર્વવર્ત્મસુ ।**
**ક્ષણાત્સર્વત્વમાયાન્તિ, રુચિસ્તેષાં ન કુત્રચિત્ ॥૨૨॥**
**તેષાં ક્રિયાનુસારેણ, સર્વત્ર સકલં ફલમ્ ॥૨૨[૧]/[૨]॥**

**સમ્બન્ધિનઃ તુ** = (ત્રણે માર્ગના) સંબંધમાં રહેનારા તો, **યે જીવાઃ** = જે જીવો,

**તથા અપરે** = તથા બીજા, **પ્રવાહસ્થા** = પ્રવાહમાર્ગમાં સ્થિત (છે), **ચર્ષણી શબ્દવાચ્યાઃ તે** = તેઓ ચર્ષણી શબ્દ વડે કહેવાય છે, **તે સર્વે** = તેઓ બધા, **સર્વવર્ત્મસુ** = સર્વ માર્ગોમાં, **ક્ષણાત્** = ક્ષણ માટે, **સર્વત્વમ્ આયાન્તિ** = તન્મયતાને પ્રાપ્ત થાય છે, **રુચિઃ તેષાં ન** = તેમની રુચિ હોતી નથી, **કુત્રચિત્** = ક્યાંય, **તેષાં** = તેમની, **ક્રિયા અનુસારેણ** = ક્રિયા અનુસાર, **સર્વત્ર** = સર્વ જગાએ, **સકલં ફલમ્** = સર્વ ફળ મળે છે

**ભાવાર્થઃ-** ત્રણે માર્ગ (પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા) ના સંબંધમાં રહેનારા જે જીવો તથા તેનાથી પણ હીન એવા અન્ય પ્રવાહમાર્ગમાં રહેલા છે તે જીવો, 'ચર્ષણી' શબ્દથી અર્થાત્ આમ તેમ ભટકનારા જીવો તરીકે ઓળખાય છે. તે બધા સર્વ માર્ગોમાં ક્ષણમાત્ર માટે તન્મય બને છે પણ ક્યાંય તેમની રુચિ હોતી નથી. આ પ્રકારે સર્વ સ્થાનોમાં આવા જીવોને તેમના કર્મ અનુસાર સર્વ પ્રકારના ફળ મળે છે.

**પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગ ક્રિયાયુતાન્ ।।૨૩।।**
**જીવાસ્તે હ્યાસુરાઃસર્વે, ''પ્રવૃતિં ચેતિ'' વર્ણિતાઃ ।**
**તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે, હ્યજ્ઞદુર્જ્ઞવિભેદતઃ ।।૨૪।।**
**દુર્જ્ઞાસ્તે ભગવત્પ્રોક્તા, હ્યજ્ઞાસ્તાનનુ યે પુનઃ ।।૨૪ ૧/૨।।**

**પ્રવાહસ્થાન્** = પ્રવાહમાર્ગમાં રહેલા જીવોને, **પ્રવક્ષ્યામિ** = હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી)વિશેષ પ્રકારે કહું છું, **સ્વરૂપ અંગ ક્રિયાયુતાન્** = સ્વરૂપ, અંગ અને ક્રિયાસહિત, **જીવાઃ તે** = તે (પ્રવાહી) જીવો, **હિ આસુરાઃ** = નિશ્ચય આસુરી (છે), **સર્વે** = (તે) બધા, ''**પ્રવૃતિં ચ**'' **ઈતિ વર્ણિતાઃ** = ગીતાજીના અ. ૧૬માં વર્ણવેલા છે, **તે ચ** = અને તેઓ, **દ્વિધા** = બેપ્રકારના, **પ્રકીર્ત્યન્તે** = સારી રીતે કહેવાય છે, **હિ અજ્ઞ દુર્જ્ઞ વિભેદતઃ** = નિશ્ચય અજ્ઞ અને દુર્જ્ઞના વિભેદથી, **દુર્જ્ઞાઃ તે** = તે દુર્જ્ઞ જીવો, **ભગવત્ પ્રોકતા** = ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા (ગીતાજીમાં) કહેલા છે, **તાન્ અનુ યે** = તેમનું જ અનુકરણ કરનાર, **પુનઃ** = ફરીથી, **હિ અજ્ઞાઃ** = નિશ્ચય અજ્ઞ જીવો (કહેવાય છે)

**ભાવાર્થઃ-** સ્વરૂપ, અંગ અને ક્રિયા સહિત જ પ્રવાહમાર્ગમાં રહેનારા જીવો છે તે સંબંધી હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) સારી રીતે કહું છું. તે પ્રવાહી જીવો નિશ્ચય

આસુરી છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૧૬-શ્લોક ૭ થી ૨૦ માં આ બધા આસુરી જીવોનું વર્ણન કરેલું છે. આવા આસુરીજીવો શું કરવું અને શું ન કરવું તે સંબંધી કશું જાણતા નથી અને શાસ્ત્ર વિરુદ્ધ આચરણ કરે છે. આવા આસુરી (પ્રવાહી) જીવો બે પ્રકારના છે. અજ્ઞ અને દુર્જ્ઞ. ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ગીતાજીમાં જે વર્ણવેલા છે તે દુર્જ્ઞ આસુરી જીવો છે. આ દુર્જ્ઞ આસુરી (પ્રવાહી) જીવોનું જે અનુકરણ કરનારા છે તે અજ્ઞ આસુરી (પ્રવાહી) જીવો કહેવાય છે.

**પ્રવાહેપિ સમાગત્ય, પુષ્ટિસ્થસ્તૈર્ન યુજ્યતે ।।૨૫।।**
**સોપિ તૈસ્તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ ।।૨૫[૧]/[૨]।।**

**પ્રવાહ અપિ** = પ્રવાહમાર્ગમાં પણ, **સમાગત્ય** = સારી રીતે આવીને, **પુષ્ટિસ્થઃ** = પુષ્ટિજીવો, **તેઃ ન યુજ્યતે** = તેમની સાથે મિશ્ર થતા નથી, **સઃ અપિ** = તે પણ, **તૈઃ તત્કુલૈ** = તેમની સાથે તેમના કુલમાં, **જાતઃ** = જન્મેલા છે, **યતઃ** = કેમકે, **કર્મણા જાયતે** = કર્મોથી (અસુર) જન્મે છે

**ભાવાર્થ–** પુષ્ટિજીવો જો ભગવાન કે ભક્તનો અપરાધ કરે અથવા વેદનિંદા કરે અથવા શાસ્ત્ર વિરુદ્ધ આચરણ કરે તો તેઓ પ્રવાહમાર્ગમાં આવીને અસુર કુળમાં જન્મે છે. તોપણ તેઓ તેમની સાથે આસુરી થઈને મિશ્ર થઈ જતા નથી.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ સંપૂર્ણઃ ।।**

*

# સિદ્ધાંત રહસ્ય

**શ્રાવણસ્યામલે પક્ષે, એકાદશ્યાં મહાનિશિ ।**
**સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં, તદક્ષરશ ઉચ્યતે ।।૧।।**

**શ્રાવણસ્ય** = શ્રાવણ માસના, **અમલે પક્ષે** = સુદ પક્ષમાં, **એકાદશ્યામ્** = એકાદશીની, **મહાનિશિ** = મધ્યરાત્રિએ (પ્રકટ થઈને), **સાક્ષાદ્ ભગવતા** = સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે, **પ્રોકતમ્** = ઉત્તમ પ્રકારથી (જે) કહ્યું, **તત્** = તે, **અક્ષરશ** = અક્ષરે અક્ષર, **ઉચ્યતે** = કહેવામાં આવે છે.

**ભાવાર્થઃ–** શ્રાવણ માસના સુદ પક્ષની એકાદશીની મધ્યરાત્રિએ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે પ્રકટ થઈને જે વિશેષ પ્રકારે (ઉત્તમ રીતે) કહ્યું તે અક્ષરે-

અક્ષર (આ 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથમાં) કહેવાય છે.

**બ્રહ્મસંબંધકરણાત્, સર્વેષાં દેહજીવયોઃ ।**
**સર્વદોષનિવૃત્તિર્હિ, દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ॥૨॥**

**બ્રહ્મસંબંધ** = બ્રહ્મનો સંબંધ, **કરણાત્** = કરવાથી, **સર્વેષામ્** = સર્વના, **દેહજીવયોઃ** = દેહ અને જીવના, **સર્વદોષ** = સર્વદોષો, **નિવૃત્તિઃ હિ** = નિશ્ચયપૂર્વક નિવૃત્ત થાય છે, **દોષાઃ** = (આ) દોષો, **પંચવિધાઃ** = પાંચપ્રકારના, **સ્મૃતાઃ** = કહ્યા છે

**ભાવાર્થઃ-** બ્રહ્મસંબંધ કરવાથી દેહ અને જીવના સર્વ દોષોની નિવૃત્તિ નિશ્ચયપૂર્વક થાય છે. આ દોષો પાંચ પ્રકારના પ્રસિદ્ધ છે.

**સહજા દેશકાલોત્થા લોકવેદ નિરૂપિતાઃ ।**
**સંયોગજાઃ સ્પર્શજાશ્ચ, ન મન્તવ્યાઃ કથંચન ॥૩॥**

**સહજા** = (સ્થૂળ અને સૂક્ષ્મદેહના) સહજ દોષો, **દેશકાલોત્થા** = દેશ અને કાળથી ઉત્પન્ન થયેલા, **લોકવેદ નિરૂપિતાઃ** = લોક અને વેદમાં નિરૂપણ કરેલા, **સંયોગજાઃ** = સંયોગથી ઉત્પન્ન થયેલા, **સ્પર્શજાઃ ચ** = અને સ્પર્શથી ઉત્પન્ન થયેલા, **ન મંતવ્યાઃ** = માનવા ન જોઈએ, **કથંચન** = કોઈ પણ રીતે

**ભાવાર્થઃ-** સ્થૂળ અને સૂક્ષ્મ દેહના સહજ દોષો, દેશથી અને કાળથી ઉત્પન્ન થયેલા દોષો, સંયોગથી તથા સ્પર્શથી ઉત્પન્ન થયેલા દોષો - આ પાંચ પ્રકારના દોષો લોક અને વેદમાં નિરૂપણ કર્યા છે. બ્રહ્મસંબંધ લીધા પછી આ દોષોને કોઈ પણ રીતે માનવા નહિ અર્થાત્ આ દોષો બાધક થતા નથી.

**અન્યથા સર્વદોષાણાં, ન નિવૃત્તિઃ કથંચન ।**
**અસમર્પિતવસ્તુનાં, તસ્માદ્ વર્જનમાચરેત્ ॥૪॥**

**અન્યથા** = નહિ તો, **સર્વ દોષાણાં** = (અગાઉ કહેલા) સર્વ દોષોની, **ન** = થતી નથી, **નિવૃત્તિઃ** = નિવૃત્તિ, **કથંચન** = કોઈ પણ પ્રકારે, **તસ્માદ્** = તેથી, **અસમર્પિત વસ્તૂનામ્** = અસમર્પિત વસ્તુઓનો, **વર્જનમ** = ત્યાગ, **આચરેત્** = કરવો

**ભાવાર્થઃ-** નહિ તો બ્રહ્મસંબંધ દીક્ષા લીધા વિના અગાઉ કહેલા સર્વ દોષોની નિવૃત્તિ કોઈ પણ પ્રકારે થતી નથી. તેથી બ્રહ્મસંબંધ લેનાર દૈવીજીવે અસમર્પિત પદાર્થોનો ત્યાગ કરવો, અર્થાત્ શ્રીપ્રભુને સમર્પિત પદાર્થોથી જ જીવનનિર્વાહ કરવો.(ભગવસેવા દ્વારા સમર્પિત જીવન જીવવા ઈચ્છતા દૈવીજીવો માટે જ બ્રહ્મસંબંધ છે, દરેકને માટે નહિ.)

**નિવેદિભિઃ સમર્પ્યૈવ, સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ।**
**ન મતં દેવદેવસ્ય, સામિભુક્તસમર્પણમ્ ।।૫।।**

**નિવેદિભિઃ** = આત્મનિવેદન કરનારાઓએ, **સમર્પ્ય એવ** = (શ્રીઠાકોરજીને) સમર્પણ કરીને જ, **સર્વમ્** = બધા (લૌકિક અને વૈદિક કાર્યો), **કુર્યાત્** = કરવા જોઈએ, **ઈતિ સ્થિતિઃ** = આ પ્રમાણે (પુષ્ટિ ભક્તિમાર્ગમાં) વ્યવસ્થા છે, **ન મતમ્** = માનેલું (સંમત) નથી, **દેવદેવસ્ય** = દેવોના દેવ ભગવાન શ્રીકૃષ્ણને, **સામિભુક્ત** = અડધી ભોગવેલી વસ્તુનું, **સમર્પણમ્** = સમર્પણ કરવું

**ભાવાર્થઃ-** આત્મનિવેદન કરનારા જીવોએ, શ્રીઠાકોરજીને સમર્પણ કરીને જ સર્વ લૌકિક અને વૈદિક કાર્યો કરવાં. આ પ્રમાણે પુષ્ટિભક્તિમાર્ગમાં વ્યવસ્થા (મર્યાદા) છે. દેવોના દેવ ભગવાન શ્રીકૃષ્ણને અર્ધભુક્ત (અડધી ભોગવેલી- જીવે પોતાના અને બીજાને માટે ઉપયોગ કરેલ) વસ્તુઓનું સમર્પણ કરવું યોગ્ય નથી.

**તસ્માદ્ આદૌ સર્વકાર્યે, સર્વવસ્તુ સમર્પણમ્।**
**દત્તાપહારવચનં, તથા ચ સકલં હરેઃ ।।૬।।**
**ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ, ભિન્નમાર્ગપરં મતમ્ ।।૬ $^{1}/_{2}$ ।।**

**તસ્માત્ આદૌ** = તેથી સૌપ્રથમ (આરંભમાં), **સર્વ કાર્યે** = સર્વ કાર્યમાં, **સર્વ વસ્તુ** = સર્વ વસ્તુઓનું, **સમર્પણમ્** = (શ્રીઠાકોરજીને) સમર્પણ કરવું, **તથા ચ** = તેમ જ, **સકલં હરેઃ** = સકલ શ્રીહરિને, **દત્તાપહાર વચનં** = આપેલી વસ્તુને પાછી ન લેવા સંબંધી (શ્રીમદ્ભાગવતનું) વચન, **ન ગ્રાહ્યમ્** = ગ્રહણ કરવા યોગ્ય નથી, **વાક્યં** = (એવા પ્રકારનું) વાક્ય, **ભિન્નમાર્ગ પરં મતમ્** = અન્યમાર્ગમાં માનેલું છે.

**ભાવાર્થઃ-** તેથી સૌ પ્રથમ સર્વ કાર્યમાં સર્વ વસ્તુઓનું શ્રીઠાકોરજીને સમર્પણ

કરવું. ''શ્રી પ્રભુને આપેલી વસ્તુઓ પાછી ગ્રહણ કરવી નહિ'' એવા શ્રીમદ્‌ભાગવતના વચનો અન્યમાર્ગ સંબંધી છે, પુષ્ટિમાર્ગમાં નહિ. પુષ્ટિમાર્ગમાં શ્રીપ્રભુને સમર્પિત કર્યા પછી પ્રસાદીરૂપે ભક્તો ઉપયોગ કરી શકે છે.

**સેવકાનાં યથા લોકે, વ્યવહારઃ પ્રસિધ્યતિ ।।૭।।**
**તથા કાર્યં સમર્પ્યૈવ, સર્વેષાં બ્રહ્મતા તતઃ ।।૭$^{1}/_{2}$।।**

**સેવકાનાં** = સેવકોનો, **યથા લોકે** = જેવી રીતે લોકમાં, **વ્યવહાર** = વ્યવહાર, **પ્રસિધ્યતિ** = પ્રસિદ્ધ છે, **તથા** = તેવી રીતે, **કાર્યમ્** = કાર્ય કરવું, **સમર્પ્ય એવ** = સમર્પણ કરીને જ, **તતઃ** = તેથી, **સર્વેષાં** = સર્વ વસ્તુઓનું, **બ્રહ્મતા** = બ્રહ્મપણું (નિર્દોષપણું) થાય છે

**ભાવાર્થઃ-** જેવી રીતે લોકમાં સેવકોનો વ્યવહાર પ્રસિધ્ધ છે તેવી રીતે પુષ્ટિજીવે સમર્પણ કરીને જ કાર્ય કરવું. તેથી સર્વ વસ્તુઓનું બ્રહ્મપણું થાય છે અર્થાત્ સર્વ પદાર્થો દોષરહિત બને છે અને કલિકાળના દોષો બાધક થતા નથી.

**ગંગાત્વં સર્વ દોષાણાં, ગુણ દોષાદિ વર્ણના ।।૮।।**
**ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્,તદ્‌વદત્રાપિ ચૈવ હિ ।।૮$^{1}/_{2}$।।**

**ગંગાત્વં** = ગંગાજીપણું થાય છે, **સર્વ દોષાણાં** = ગંગાજીમાં મળેલા સર્વ અશુદ્ધ જળના દોષોનું, **ગુણદોષાદિ વર્ણના** = ગુણ દોષ આદિનું વર્ણન, **ગંગાત્વેન** = ગંગાજીના રૂપથી જ , **નિરૂપ્યા સ્યાત્** = નિરૂપણ થાય છે, **તદ્ વત્** = એ રીતે, **અત્ર અપિ** = અહીં (બ્રહ્મસંબંધમાં) પણ, **ચ એવ હિ** = એ જ પ્રકારે થાય છે.

**ભાવાર્થઃ-** જેવી રીતે ગંગાજીમાં મળતા બધા જ અશુદ્ધ જળના દોષોનું ગંગાજીપણું થાય છે અને તેમના ગુણ દોષોનું જુદું વર્ણન કરવામાં આવતું નથી, તેવી રીતે બ્રહ્મસંબંધ થવાથી જીવના દોષો નિવૃત્ત થતાં તેને બ્રહ્મપણું - નિર્દોષપણું પ્રાપ્ત થાય છે.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં સિધ્ધાંતરહસ્ય ગ્રંથ સંપૂર્ણઃ ।।**

*

# નવરત્ન

**ચિંતા કાપિ ન કાર્યા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।**
**ભગવાનપિ પુષ્ટિસ્થો, ન કરિષ્યતિ લૌકિકીંચ ગતિમ્ ।।૧।।**

**ચિંતા** = (ભગવદ્સેવા સંબંધી) ચિંતા, **કા અપિ** = કોઈ પણ પ્રકારની, **ન કાર્યા** = કરવી નહિ, **નિવેદિત આત્મભિઃ** = જેમણે આત્મનિવેદન કર્યું છે એવા, **કદાપિ ઈતિ** = ક્યારે પણ, **ભગવાન અપિ** = ભગવાન પણ, **પુષ્ટિસ્થો** = કૃપાળુ હોઈ, **ન કરિષ્યતિ** = કરશે નહિ, **લૌકિકીં ચ ગતિમ્** = લૌકિક ગતિ

**ભાવાર્થઃ-** જેમણે આત્મનિવેદન કર્યું છે એવા પુષ્ટિજીવોએ ક્યારે પણ કોઈ પણ પ્રકારની ભગવદસેવા સંબંધી ચિંતા કરવી નહિ, કેમકે ભગવાન શ્રીકૃષ્ણ કૃપાળુ હોઈ પુષ્ટિજીવની લૌકિક ગતિ કરશે નહિ.

**નિવેદનં તુ સ્મર્તવ્યં, સર્વથા તાદશૈર્જનૈઃ ।**
**સર્વેશ્વરશ્ચ સર્વાત્મા, નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૨।।**

**નિવેદનમ્** = આત્મનિવેદનનું, **તુ સ્મર્તવ્યમ્** = તો સ્મરણ કરવું, **સર્વથા** = સર્વપ્રકારે, **તાદશૈઃ જનૈઃ** = તાદ્રશીજનો સાથે **સર્વેશ્વરઃ** = સર્વના ઈશ્વર, **ચ** = અને, **સર્વાત્મા** = સર્વના આત્મા, **નિજેચ્છાતઃ** = પોતાની ઈચ્છાથી, **કરિષ્યતિ** = કરશે

**ભાવાર્થઃ-** સર્વ પ્રકારે તાદશીજનો સાથે મળીને આત્મનિવેદન (બ્રહ્મસંબંધ મંત્ર) નું સ્મરણ કરવું. ભગવાન શ્રીકૃષ્ણ સર્વના ઈશ્વર અને સૌના આત્મા છે. તેથી તે પોતાની ઈચ્છા પ્રમાણે જ સર્વ કંઈ કરશે. આમ માનીને ચિંતા કદાપિ કરવી નહિ.

**સર્વેષાં પ્રભુસંબંધો, ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।**
**અતોન્ય વિનિયોગેપિ, ચિંતા કા સ્વસ્ય સોપિ ચેત્ ।।૩।।**

**સર્વેષાં** = સર્વનો, **પ્રભુ સંબંધો** = પ્રભુ સાથે સંબંધ છે, **ન પ્રત્યેકમ્** = મુખ્યત્વે એકનો નથી, **ઈતિ સ્થિતિઃ** = એવી (પુષ્ટિમાર્ગની) મર્યાદા છે, **અતઃ** = તેથી, **અન્યવિનિયોગઃ અપિ** = અન્યના વિનિયોગમાં પણ, **ચિંતા કા** = ચિંતા શાની? **સ્વસ્ય** = પોતાનો, **સ અપિ ચેત્** = થાય તો પણ (ચિંતા કરવી

નહિ)

**ભાવાર્થ:–** આત્મનિવેદન કરતી વખતે નિવેદન કરનારની સાથે સંબંધ ધરાવતા સર્વનો પ્રભુ સાથે સંબંધ થાય છે, મુખ્યત્વે એકલા નિવેદન કરનારનો નહિ. એવી પુષ્ટિમાર્ગની મર્યાદા (સ્થિતિ) છે. તેથી તેમાંના કોઈ પણ પદાર્થનો અન્ય વિનિયોગ થાય તો પણ ચિંતા શા માટે કરવી? પોતાનો પણ અન્ય વિનિયોગ થાય તો પણ ચિંતા શાની? કારણકે નિવેદન દ્વારા એ સૌ પ્રભુના જ થયા છે.

**અજ્ઞાનાદથવા જ્ઞાનાત્, કૃતમાત્મનિવેદનમ્ ।**
**યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ।।૪।।**

**અજ્ઞાનાત્** = અજ્ઞાનથી, **અથવા જ્ઞાનાત્** = અથવા જ્ઞાનથી, **કૃતમ્** = કર્યું છે, **આત્મનિવેદનમ્** = આત્મનિવેદન, **યૈઃ** = જેમણે, **કૃષ્ણસાત્** = કૃષ્ણમય, **કૃતપ્રાણૈઃ** = પ્રાણ કર્યા છે, **તેષાં** = તેઓએ, **કા** = શી, **પરિદેવના** = ચિંતા

**ભાવાર્થ:–** જેમણે અજ્ઞાનથી અથવા જ્ઞાનથી આત્મનિવેદન કર્યું છે અને પોતાના પ્રાણ શ્રીકૃષ્ણમય અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણને આધીન કર્યા છે તેઓએ ચિંતા શાની કરવાની હોય?

**તથા નિવેદને ચિંતા, ત્યાજ્યા શ્રીપુરુષોતમે ।**
**વિનિયોગેપિ સા ત્યાજ્યા, સમર્થો હિ હરિઃ સ્વતઃ ।।૫।।**

**તથા** = તેવી રીતે, **નિવેદને** = નિવેદન સંબંધી, **ચિંતા** = ચિંતાનો, **ત્યાજયા** = ત્યાગ કરવો, **શ્રીપુરુષોત્તમે** =શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં, **વિનિયોગઃ** = વિનિયોગ સંબંધી, **અપિ** = પણ, **સા ત્યાજ્યા** = તે (ચિંતા) ત્યજી દેવી, **સમર્થો હિ** = કારણકે સમર્થ છે, **હરિઃ** = શ્રીહરિ, **સ્વતઃ** = પોતે

**ભાવાર્થ:–** જેમણે પૂર્ણ શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણને આત્મનિવેદન કર્યું છે તેમણે નિવેદન સંબંધી (મારો અંગીકાર કર્યો છે કે નહિ એવી) ચિંતાનો ત્યાગ કરવો તેમજ અન્ય વિનિયોગ સંબંધી પણ ચિંતા ત્યજી દેવી, કારણકે શ્રીહરિ સ્વયં સર્વ સમર્થ છે.

**લોકે સ્વાસ્થ્યં તથા વેદે, હરિસ્તુ ન કરિષ્યતિ ।**
**પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્, સાક્ષિણો ભવતાખિલાઃ ।।૬।।**

**લોકે** = લોક (લૌકિક કાર્યો) માં, **સ્વાસ્થ્યમ્** = સ્વસ્થતા (સુખપૂર્વક સ્થિતિ), **તથા** = તથા, **વેદે** = વેદ (વૈદિક કાર્યો) માં, **હરિઃ** = શ્રીહરિ, તુ = તો, **ન કરિષ્યતિ** = કરશે નહિ, **પુષ્ટિમાર્ગ સ્થિતઃ** = (ભગવાન અને જીવ બંને) પુષ્ટિમાર્ગમાં રહેલા છે, **યસ્માત્** = કારણકે, **સાક્ષિણઃ** = સાક્ષીરૂપ, **ભવતા અખિલાઃ** = તમે બધા થાઓ

**ભાવાર્થઃ-** શ્રીહરિ - ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભક્તોને લૌકિક અને વૈદિક કાર્યોમાં સ્વસ્થતા (સુખપૂર્વક સ્થિતિ) કરશે નહિ, કારણકે (ભગવાન અને જીવ બંને) પુષ્ટિમાર્ગમાં રહેલા છે તેથી તમે બધા સાક્ષીરૂપ થાઓ.

**સેવાકૃતિર્ગુરોરાજ્ઞા, બાધાનં વા હરીચ્છયા ।**
**અતઃ સેવાપરં ચિત્તં, વિધાય સ્થીયતાં સુખમ્ ।।૭।।**

**સેવા કૃતિઃ** = સેવા કાર્યો, **ગુરોઃ આજ્ઞા** = ગુરુની આજ્ઞા પ્રમાણે, **બાધનં વા** = અથવા બાધ ન થાય તે મુજબ, **હરિ ઈચ્છયા** = શ્રીહરિની ઈચ્છા પ્રમાણે (કરવાં), **અતઃ** = તેથી, **સેવાપરમ્** = સેવા પરાયણ, **ચિત્તમ્** = ચિત્તને, **વિધાય** = રાખીને, **સ્થીયતામ્** = સ્થિર રહેવું, **સુખમ્** = સુખપૂર્વક

**ભાવાર્થઃ-** શ્રીગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કાર્યો, અથવા શ્રીહરિની વિશેષ ઈચ્છા/આજ્ઞા થાય તો તે પ્રમાણે કરવાં. આમ કરવામાં શ્રીગુરુની આજ્ઞા નો બાધ થતો નથી. ચિત્તને સેવા પરાયણ રાખીને સુખપૂર્વક રહેવું.

**ચિત્તોદ્વેગં વિધાયાપિ, હરિર્ યદ્-યત્ કરિષ્યતિ ।**
**તથૈવ તસ્ય લીલેતિ, મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ ।।૮।।**

**ચિત્તઃ ઉદ્વેગમ્** =ચિત્તમાં ઉદ્વેગ, **વિધાય અપિ** = થાય તોપણ, **હરિઃ** = શ્રીહરિ, **યત્ યત્** = જે જે, **કરિષ્યતિ** = કરશે, **તથા એવ** = તે બધું જ, **તસ્ય** = તેમની, **લીલા ઈતિ** = લીલા છે એમ, **મત્વા** = માનીને, **ચિંતામ્** = ચિંતાનો, **દ્રુતમ્** = જલદીથી , **ત્યજેત્** = ત્યાગ કરવો

**ભાવાર્થઃ-** ચિત્તમાં ઉદ્વેગ થાય તો પણ, ભગવાન શ્રીકૃષ્ણ જે કંઈ કરશે તે બધી આપની લીલા છે એમ માનીને ચિંતાનો જલદીથી ત્યાગ કરવો.

**તસ્માત્ સર્વાત્મના નિત્યં, શ્રીકૃષ્ણઃ શરણં મમ ।**
**વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ।।૯।।**

**તસ્માત્** = તેથી, **સર્વાત્મના** = સર્વાત્મભાવથી, **નિત્યમ્** = સદા, **શ્રીકૃષ્ણઃ શરણં મમ** = શ્રીકૃષ્ણ મારું શરણ છે (અષ્ટાક્ષર મહામંત્ર), **વદદ્ભિઃ એવ** = એ જ બોલતા, **સતતમ્** = સતત, **સ્થેયમ્** = રહેવું, **ઈતિ એવ** = એમ જ, **મે મતિઃ** = મારી (શ્રીમહાપ્રભુજીની) મતિ (અભિપ્રાય) છે

**ભાવાર્થઃ-** તેથી સર્વાત્મભાવથી સદા 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષર મહામંત્ર સતત બોલતા રહેવું એટલેકે તેનું જપ-રટણ કરવું, એવી મારી (શ્રીમહાપ્રભુજીની) મતિ છે.

**। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં નવરત્ન સંપૂર્ણઃ ।**

*

## અંતઃકરણપ્રબોધ

**અંતઃકરણ મદ્ વાક્યં, સાવધાનતયા શૃણુ ।**
**કૃષ્ણાત્ પરં નાસ્તિ, દૈવં વસ્તુતો દોષવર્જિતમ્ ।।૧।।**

**અંતઃકરણ** = હે અંતઃકરણ !, **મદ્ વાક્યમ્** = મારું વચન, **સાવધાનતયા** = સાવધાનીપૂર્વક, **શૃણુ** = સાંભળ, **કૃષ્ણાત્** = શ્રીકૃષ્ણથી, **પરમ** = શ્રેષ્ઠ, **ન અસ્તિ દૈવમ્** = (બીજો) કોઈ દેવ નથી, **વસ્તુતઃ** = વસ્તુતઃ (ખરી રીતે), **દોષવર્જિતમ્** = દોષરહિત

**ભાવાર્થ :** હે અંતઃકરણ ! મારું (શ્રીમહાપ્રભુજીનું) વચન સાવધાનીપૂર્વક સાંભળ. ખરી રીતે ભગવાન શ્રીકૃષ્ણથી શ્રેષ્ઠ અને દોષરહિત બીજો કોઈ દેવ (દૈવી તત્ત્વ) નથી. અર્થાત્ શ્રીકૃષ્ણજ એકમાત્ર પરમ તત્ત્વ છે.

**ચાણ્ડાલી ચેદ્ રાજપત્ની, જાતા રાજ્ઞા ચ માનિતા ।**
**કદાચિદ્ અપમાનેપિ, મૂલતઃ કા ક્ષતિર્ ભવેત્ ।।૨।।**

**ચાંડાલી** = ચાંડાલ જાતિની સ્ત્રી, **ચેદ્** = કદાચ, **રાજપત્ની** = રાજાની રાણી, **જાતા** = થઈ, **રાજ્ઞા ચ માનિતા** = અને રાજાએ (બીજી રાણીઓ કરતાં તેને

અધિક) માનીતી કરી, **કદાચિત્** = (અને પછી) કોઈ સમયે, **અપમાને અપિ** = (રાજા દ્વારા) અપમાન પણ થાય, **મૂલતઃ** = મૂળ સંબંધમાં, **કા ક્ષતિ** = શું ક્ષતિ (દોષ), **ભવેત્** = થાય?

**ભાવાર્થઃ-** ચાંડાલ જાતિની કોઈ સ્ત્રી કદાચ રાજાની રાણી થઈ અને રાજાએ તેને બીજી રાણીઓ કરતાં અધિક માનીતી કરી અને પછી કોઈ સમયે રાજા દ્વારા અપમાનિત પણ થાય તો તેના મૂળ સંબંધમાં શું ક્ષતિ (ખામી) આવશે? અર્થાત તે રાજાની રાણી મટી જતી નથી.

**સમર્પણાદહં પૂર્વમુત્તમઃ કિં સદા સ્થિતઃ ।**
**કા મમાધમતા ભાવ્યા, પ્રશ્ચાત્તાપો યતો ભવેત્ ।।૩।।**

**સમર્પણાત્** = સમર્પણ થયાથી, **અહં** = હું, **પૂર્વમ્** = પહેલાં, **ઉત્તમ** = ઉત્તમ, **કિમ્** = શું, **સદા સ્થિતઃ** = સદા હતો?, **કા** = શું, **મમ અધમતા** = મારી અધમતા, **ભાવ્યા** = વિચાર કરીને, **પશ્ચાત્તાપઃ** = પશ્ચાતાપ, **યતઃ ભવેત્** = જે કારણથી થાય

**ભાવાર્થઃ-** સમર્પણ થયાના પહેલાં શું હું સદા ઉત્તમ હતો? તો પછી હવે મારી અધમતાનો વિચાર કરીને, શા માટે પશ્ચાતાપ કરવો? અર્થાત્ અંગીકૃત જીવ ઉપર પ્રભુ અપ્રસન્ન થાય તો પણ ચિંતા કરવી નહિ.

**સત્યસંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ ।**
**આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિ દ્રોહોન્યથા ભવેત્ ।।૪।।**
**સેવકસ્ય તુ ધર્મોયં, સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ।।૪$^{1}/_{2}$।।**

**સત્ય સંકલ્પતઃ** = સત્ય સંકલ્પવાળા, **વિષ્ણુઃ** = ભગવાન શ્રીકૃષ્ણ, **અન્યથા તુ** = અન્યથા તો, **ન કરિષ્યતિ** = કરશે નહિ, **આજ્ઞા એવ** = આજ્ઞા જ, **કાર્યા સતતં** = સતત પાલન કરવી, **સ્વામિદ્રોહઃ** = સ્વામિનો દ્રોહ, **અન્યથા ભવેત્** = નહિ તો થાય, **સેવકસ્ય** = સેવકનો, **તુ ધર્મઃ** = તો ધર્મ, **અયમ્** = આ (છે), **સ્વામી** = સ્વામિ (ભગવાન શ્રીકૃષ્ણ), **સ્વસ્ય** = પોતાના (નિજ ભક્તોનું), **કરિષ્યતિ** = (કાર્ય) કરશે

**ભાવાર્થઃ-** ભગવાન શ્રીકૃષ્ણ સત્ય સંકલ્પવાળા છે. તેઓ અન્યથા નહિ જ કરે અર્થાત્ બીજું કંઈ ફળ નહિ આપે. માટે તેઓની આજ્ઞાનું જ સતત પાલન કરવું,

નહિતર સ્વામી શ્રીકૃષ્ણનો દ્રોહ ગણાશે. સેવકનો તો આ જ ધર્મ (શ્રીહરિની આજ્ઞા અનુસાર કાર્ય કરવું.) છે. શ્રીપ્રભુ પોતાના ભક્તોના સર્વ કાર્યો કરશે.

**આજ્ઞા પૂર્વં તુ યા જાતા, ગંગાસાગર સંગમે ।।૫।।**
**યાપિ પશ્ચાન્મધુવને, ન કૃતં તદ્ દ્વયં મયા ।**
**દેહદેશપરિત્યાગઃ, તૃતીયો લોકગોચરઃ ।।૬।।**
**પશ્ચાત્તાપઃ કથં તત્ર, સેવકોહં ન ચાન્યથા ।।૬-૧/૨।।**

**આજ્ઞા** = આજ્ઞા, **પૂર્વમ્ તુ** = પહેલાં તો, **યા જાતા** = જે થઈ, **ગંગાસાગર સંગમે** = ગંગાજી અને સાગરના સંગમ ઉપર, **યા અપિ** = જે (આજ્ઞા) પણ, **પશ્ચાત્** = પાછળથી, **મધુવને** = મધુવનમાં (થઈ), **ન કૃતમ્** = પાલન ન કર્યુ, **તદ્ દ્વયમ્** = તે બંને (આજ્ઞા) નું, **મયા** = મેં, **દેહ દેશ પરિત્યાગઃ** = દેહ અને દેશના પરિત્યાગની , **તૃતીયો** = ત્રીજી (આજ્ઞા), **લોકગોચરઃ** = લોકમાં જાણીતા (સંન્યાસ લેવાની), **તત્ર પશ્ચાત્તાપ** = તે વિષયમાં પશ્ચાત્તાપ, **કથં** = શા માટે (થાય), **સેવકઃ અહમ્** = હું સેવક છું, **ન ચ અન્યથા** = અને અન્યથા નહિ.

**ભાવાર્થઃ-** પહેલાં જે ભગવદ્ આજ્ઞા થઈ હતી તે ગંગાસાગરના સંગમ ઉપર અને ત્યારપછી બીજી આજ્ઞા મધુવનમાં થઈ હતી. દેહ અને દેશના પરિત્યાગની આ બંને આજ્ઞાઓનું મેં પાલન કર્યું નહિ. ત્રીજી ભગવદ્ આજ્ઞા લોકમાં જાણીતા સંન્યાસ સંબંધી હતી. પહેલી બે આજ્ઞાઓ ન પાળી તેનો પશ્ચાત્તાપ શા માટે કરવો? કારણ કે હું સેવક છું, અન્યથા એટલે બીજો કોઈ નથી. (જો પ્રભુ તેમનો સેવક ન માનતા હોત અને પ્રથમની બે આજ્ઞા ન સ્વીકારવાનો અપરાધ ગણતા હોત, તો ત્રીજી વખત આજ્ઞા ન જ કરત. ત્રીજી સંન્યાસ લેવાની આજ્ઞા મેં સ્વીકારી તેથી પ્રથમ થયેલી બે આજ્ઞાઓ પણ સિદ્ધ થઈ ગઈ.)

**લૌકિક પ્રભુવત્કૃષ્ણો ન દ્રષ્ટવ્યઃ કદાચન ।।૭।।**
**સર્વં સમર્પિતં ભક્ત્યા, કૃતાર્થોસિ સુખીભવ ।।૭$^{૧}/_{૨}$।।**

**લૌકિક પ્રભુવત્** = લૌકિક સ્વામીની જેમ, **કૃષ્ણઃ** = શ્રીકૃષ્ણને, **ન દ્રષ્ટવ્યઃ** = જાણવા નહિ, **કદાચન** = ક્યારે પણ, **સર્વમ્** = બધું જ, **સમર્પિતમ્** = સમર્પીને, **ભક્ત્યા** = ભક્તિપૂર્વક, **કૃતાર્થઃ અસિ** = (માટે તું) કૃતાર્થ છે, **સુખી ભવ** = સુખી થા

**ભાવાર્થઃ-** ભગવાન શ્રીકૃષ્ણને લૌકિક સ્વામીની જેમ ક્યારે પણ જાણવા નહિ. તેમને ભક્તિપૂર્વક સમર્પણ કર્યું છે તેથી તું કૃતાર્થ છે. હવે ભગવદ્ આજ્ઞા પ્રમાણે વર્તીને સુખી થા.

**પ્રૌઢાપિ દુહિતા યદ્ વત્, સ્નેહાન્ન પ્રેષ્યતે વરે ।।૮।।**
**તથા દેહે ન કર્તવ્યં, વરસ્તુષ્યતિ નાન્યથા ।।૮½।।**

**પ્રૌઢા અપિ** = ઉંમર લાયક થયા પછી પણ, **દુહિતા** = પુત્રીને, **સ્નેહાત્** = સ્નેહવશ થઈ, **યદ્ વત્** = જેવીરીતે, **ન પ્રેષ્યતે વરે** = તેના પતિ પાસે મોકલવામાં ન આવે, **તથા** = તેવી રીતે, **દેહે ન કર્તવ્યમ્** = દેહ સાથે કરવું નહિ, **વરઃ તુષ્યતિ** = (પુત્રીને મોકલીએ તો જ) વર સંતોષ પામે છે, **ન અન્યથા** = બીજી કોઈ રીતે (વર પ્રસન્ન થતો નથી)

**ભાવાર્થઃ-** જેવી રીતે ઉંમર લાયક થયા પછી પણ પુત્રીને સ્નેહવશ થઈ, માતાપિતા તેના પતિ પાસે ન મોકલે, તો તેનો પતિ સંતુષ્ટ થતો નથી તેવી રીતે દેહ, પ્રાણ, ઈન્દ્રિય વગેરે શ્રીપ્રભુને સમર્પણ કર્યા પછી તેનો વિનિયોગ ભગવદ્ સેવામાં ન કરીએ તો શ્રીપ્રભુ પ્રસન્ન થતા નથી

**લોકવચ્ચેત્ સ્થિતિર્મેસ્યાત્, કિં સ્યાદિતિ વિચારય ।।૯।।**
**અશક્યે  હરિરેવાસ્તિ, મોહં મા ગાઃ કથંચન ।।૯½।।**

**લોકવત્** = લોકની જેમ, **ચેત્** = જો, **સ્થિતિઃ મે** =મારી સ્થિતિ, **સ્યાત્** = થાય, **કીમ્ સ્યાત્** = શું થાય, **ઈતિ વિચારય** = એમ (તું) વિચાર કર, **અશક્યે** = અશક્ય સ્થિતિમાં, **હરિઃ એવ** = શ્રીહરિ જ, **અસ્તિ** = (રક્ષક) છે, **મોહં** = મોહને, **મા ગાઃ** = પ્રાપ્ત થઈશ (કરીશ) નહિ, **કથંચન** = કોઈપણ પ્રકારે

ભાવાર્થ- જો લોકની જેમ મારી સ્થિતિ થાય તો શું થાય? એમ હે અંતઃકરણ ! તું વિચાર કર. અશક્ય સ્થિતિમાં શ્રીહરિ જ રક્ષક છે. માટે કોઈપણ પ્રકારે મોહ કરીશ નહિ.

**ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય, વલ્લભસ્ય હિતં વચઃ ।।૧૦।।**
**ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય, ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્ ।૧૦½**

**ઈતિ** = આ પ્રમાણે, **શ્રીકૃષ્ણદાસસ્ય** = શ્રીકૃષ્ણના દાસ, **વલ્લભસ્ય** = શ્રીવલ્લભના, **હિતં વચઃ** = હિતકારી વચનો, **ચિતમ્ પ્રતિ** = ચિત્ત પ્રતિ, **યદ્**

**આકર્ણ્ય** = જે સાંભાળીને, **ભક્તઃ** = ભક્ત, **નિશ્ચિન્તતામ્** = નિશ્ચિન્તપણાને, **વ્રજેત્** = પ્રાપ્ત થાય

**ભાવાર્થઃ-** આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણના દાસ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ (પોતાના અંતકરણને સંબોધીને) કહેલાં હિતકારી વચનો જે ભક્ત ચિત્તમાં સાંભળે છે તે નિશ્ચિતતાને પ્રાપ્ત થાય છે.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં અંતઃકરણપ્રબોધ સંપૂર્ણઃ ।।**

*

# વિવેકધૈર્યાશ્રય

**વિવેક ધૈર્ય સતતં, રક્ષણીયે તથાશ્રયઃ ।**
**વિવેકસ્તુ હરિઃ સર્વં, નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૧।।**

**વિવેક ધૈર્ય** = વિવેક અને ધૈર્ય (ધીરજ), **સતતમ્** = નિરંતર, **રક્ષણીયે** = રક્ષણ કરવા યોગ્ય છે., **તથા આશ્રયઃ** = તથા આશ્રય, **વિવેકઃ તુ** = વિવેક તો (એ છે કે), **હરિઃ** = ભગવાન શ્રીકૃષ્ણ, **સર્વમ્** = સર્વ કંઈ, **નિજેચ્છાતઃ** = નિજ ઈચ્છાથી, **કરિષ્યતિ** = કરશે

**ભાવાર્થઃ-** વિવેક અને ધૈર્ય નિરંતર રક્ષાણ કરવા યોગ્ય છે. તેની સિદ્ધિ માટે ભગવાનનો આશ્રય સર્વદા રાખવો. ભગવાન શ્રીકૃષ્ણ નિજેચ્છાથી સર્વ કંઈ કરશે એમ સમજવું એનું નામ વિવેક છે.

**પ્રાર્થિતે વા તતઃ કિ સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્ ।**
**સર્વત્ર તસ્ય સર્વં હિ, સર્વસામર્થ્યમેવ ચ ।।૨।।**

**સ્વામી અભિપ્રાય** = સ્વામીના અભિપ્રાયમાં, **સંશયાત્** = સંશય હોવાના કારણે, **પ્રાર્થિતે વા** = અથવા પ્રાર્થના કરવામાં, **તતઃ** = પણ, **કિમ્ સ્યાત્** = શું થાય, **સર્વત્ર** = સર્વત્ર, **તસ્ય** = તે (પ્રભુને), **સર્વમ્ હિ** = બધું જ(સિધ્ધ છે), **સર્વ સામર્થ્ય** = સર્વ સામર્થ્ય, **એવ ચ** = પણ છે જ

**ભાવાર્થઃ-** સ્વામીના અભિપ્રાયમાં (શ્રીપ્રભુની ફળદાન કરવાની ઈચ્છા છે કે નહિ) સંશય હોવાના કારણે અથવા પ્રાર્થના કરવાથી પણ શું થાય? માટે પ્રભુ

પાસે પ્રાર્થના કરવી નહિ. પ્રભુને આપવું હશે તો બધું જ તેમની પાસે સિદ્ધ છે, અને સર્વ સિદ્ધ કરવાનું સામર્થ્ય પણ છે જ.

**અભિમાનશ્ચ સંત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્ ।**
**વિશેષતશ્ચેદાજ્ઞા, સ્યાદ્ અન્તઃકરણ ગોચરઃ ।।૩।।**
**તદા વિશેષગત્યાદિ, ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્ ।।૩$^{૧}/_{૨}$।।**

**સ્વામ્યધીનત્વભાવનાત્** = સ્વામીના અધીનપણાની ભાવનાથી, **અભિમાનઃ ચ** = અભિમાનનો પણ, **સંત્યાજ્યઃ** = સારી રીતે ત્યાગ કરવો, **અંતઃકરણ ગોચરઃ** = (ભગવાન ભક્તના) અંતઃકરણમાં બિરાજેલા છે, **વિશેષતઃ ચેત્ આજ્ઞા** = વિશેષ કરીને જો આજ્ઞા, **સ્યાત્** = થાય, **તદા** = ત્યારે (તેમ કરવું), **દૈહિકાત્** =દેહસંબંધી (પુત્ર, સ્ત્રી વગેરેથી), **ભિન્ન** = જુદી (હોય તેમ કરે), **વિશેષગત્યાદિ** = (ભગવદ્ સ્વરૂપ અને લીલા સંબંધી) વિશેષ ગતિ વગેરે સંબંધી (આજ્ઞા કરે તો), **ભાવ્યં** = ભાવના કરવી

**ભાવાર્થઃ-** હું પ્રભુનો દાસ છું અને પ્રભુ મારા સ્વામી છે એવી સ્વામીના અધીનપણાની ભાવનાથી અભિમાનનો સારી રીતે ત્યાગ કરવો. ભગવાન ભક્તના અંતઃકરણમાં બિરાજેલા છે, એટલે જો પ્રભુની વિશેષ આજ્ઞા થાય તો તેમ કરવું. પરતું જો દેહસંબંધી (સ્ત્રી, પુત્ર વગેરે) થી જુદી જુદી હોય અને ભગવદ્ સ્વરૂપ અને લીલા સંબંધી હોય તો તેવી આજ્ઞાની ભાવના કરવી.

**આપદ્ગત્યાદિ કાર્યેષુ, હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ।।૪।।**
**અનાગ્રહશ્ચ સર્વત્ર, ધર્માધર્માગ્રદર્શનમ્ ।**
**વિવેકોયં સમાખ્યાતો, ધૈર્યંતુ વિનિરૂપ્યતે ।।૫।।**

**આપદ્ ગત્યાદિ કાર્યેષુ** = આપત્તિ વગેરે આવી પડે તેવા કાર્યોમાં, **હઠઃ ત્યાજયઃ ચ સર્વથા** = હઠનો પણ સર્વથા ત્યાગ કરવો, **અનાગ્રહઃ ચ સર્વત્ર** = આગ્રહ કરવો નહિ અને સર્વત્ર, **ધર્મ અધર્મ અગ્ર દર્શનમ્** = ધર્મ-અધર્મનું (સૂક્ષ્મ) દર્શન કરવું, **વિવેકઃ અયમ્** = આ વિવેકનું સ્વરૂપ, **સમાખ્યાતઃ** = સારી રીતે કહ્યું, **ધૈર્યમ્ તુ** = હવે ધર્મનું, **વિનિરૂપ્યતે** = વિશેષ રીતે નિરૂપણ કરાય છે

**ભાવાર્થઃ-** આપત્તિ વગેરે આવી પડે તેવા કાર્યોમાં પણ હઠનો સર્વથા ત્યાગ

કરવો. લૌકિક-વૈદિક કાર્યોમાં આગ્રહ કરવો નહિ. સર્વત્ર ધર્મ અને અધર્મનું સૂક્ષ્મ દર્શન એટલે પૂર્વવિચાર કરવો. આ વિવેકનું સ્વરૂપ સારી રીતે કહ્યું. હવે ધૈર્યનું સ્વરૂપ વિશેષ રીતે નિરૂપણ કરાય છે.

**ત્રિદુઃખ સહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા ।**
**તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવદ્ ગોપભાર્યવત્ ।।૬।।**

**ત્રિદુઃખ સહનમ્** = ત્રણે પ્રકારના દુઃખો સહન કરવા, **ધૈર્યમ્** = (તે) ધૈર્ય (કહેવાય છે), **આમૃતેઃ** = મરણપર્યંત, **સર્વતઃ સદા** = સર્વ તરફથી હંમેશાં, **તક્રવત્ દેહવત્** = દેહસંબંધી દુખોમાં છાશની જેમ, **જડવત્** = (ઈન્દ્રિયસંબંધી દુઃખોમાં) જડભરતજીની જેમ, **ગોપભાર્યવત્** = (પ્રારબ્ધભોગમાં કે પરીક્ષાર્થે પ્રભુએ ફળ આપવા સંબંધી કરેલ વિલંબમાં) ગોપ સ્ત્રીની જેમ, **ભાવ્યમ્** = ભાવના કરવી.

**ભાવાર્થઃ-** મરણપર્યંત સર્વ તરફથી હંમેશાં ત્રણ પ્રકારના (આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક) દુઃખો સહન કરવાં તે ધૈર્ય કહેવાય છે. દેહસંબંધી આધિભૌતિક દુખો છાશની જેમ અર્થાત્ માખણ કાઢી લીધા પછી જેમ છાશ સત્વહીન હોય છે તેમ દેહસંબંધી દુખો નાશવંત હોવાથી સહન કરી ભગવાનમાં મન પરોવવું. આધ્યાત્મિક દુખો ભગવદ્ભક્ત જડભરતજીની જેમ સહન કરવાં. પ્રારબ્ધ ભોગવવામાં અથવા પ્રભુએ જીવની પરીક્ષાર્થે ફળદાન કરવા સંબંધી વિલંબમાં થતા આધિદૈવિક દુખો ગોપસ્ત્રીઓની જેમ ભાવના કરીને સહન કરવાં.

**પ્રતિકારો યદચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।**
**ભાર્યાદીનાં તથાન્યેષામસતશ્ચાક્રમં સહેત્ ।।૭।।**

**પ્રતિકારઃ** = પ્રતિકાર (દુખ નિવૃત્તિનો ઉપાય), **યદ્ ઈચ્છાતઃ** = ભગવદ્ ઈચ્છાથી, **સિદ્ધઃ ચેત્** = જો સિદ્ધ થાય તો, **ન આગ્રહી ભવેત્** = (દુખ સહન કરવામાં) આગ્રહી થવું નહિ, **ભાર્યાદીનામ્** = સ્ત્રી વગેરે ના, **તથા અન્વેષામ્** = તથા બીજાઓના, **અસતઃ ચ** = દુષ્ટજનોના અને, **આક્રમં** = તિરસ્કાર (પીડા) ને, **સહેત્** = સહન કરવા

**ભાવાર્થઃ-** જો ભગવદ્ ઈચ્છાથી પ્રતિકાર એટલે દુઃખ નિવૃત્તિનો ઉપાય સિદ્ધ થાય તો દુખ ભોગવવા સંબંધી આગ્રહ રાખવો નહિ. સ્ત્રી, પુત્ર વગેરે તથા બીજા

દુષ્ટજનોના તિરસ્કાર સહન કરવા.

**સ્વયમિન્દ્રિય કાર્યાણિ, કાયવાંગમનસા ત્યજેત્ ।**
**અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય ભાવનાત્ ।।૮।।**

**સ્વયમ્** = પોતે, **ઈન્દ્રિય કાર્યાણિ** = સર્વ ઈન્દ્રિયોના કાર્યોને, **કાય વાંગ મનસા** = કાયા, વાણી અને મન વડે, **ત્યજેત્** = ત્યાગ કરવો, **અશૂરેણ અપિ** = અશૂર પુરુષે પણ, **કર્તવ્યમ્** = કાર્ય કરવું, **સ્વસ્ય** = પોતાના, **અસામર્થ્ય** = અસામર્થ્યનો, **ભાવનાત્** = વિચાર કરીને

**ભાવાર્થઃ-** સ્વયં સર્વ ઈન્દ્રિયોના કાર્યો (વિષયનો) કાયા, વાણી અને મનથી ત્યાગ કરવો. ઈન્દ્રિયો ઉપર સંયમ રાખવાની શક્તિ બધામાં હોતી નથી પરંતુ ભગવઈચ્છાથી સંયમ કેળવી શકાય છે. આમ કરવામાં અશૂર એટલે અશક્ત પુરુષે પોતાના અસામર્થ્યની ભાવના કરીને કાર્ય કરવું અર્થાત્ ધીરજપૂર્વક દુઃખો સહન કરવાં.

**અશકયે હરિરેવાસ્તિ, સર્વમ્ આશ્રયતો ભવેત્ ।**
**એતત્ સહનમત્રોકતમાશ્રયોતો નિરૂપ્યતે ।।૯।।**

**અશકયે** = અશક્ય સ્થિતિમાં, **હરિઃ એવ અસ્તિ** = શ્રીહરિ જ (મારા રક્ષક) છે, **સર્વમ્** = બધું, **આશ્રયતઃ** = (ભગવાનના) આશ્રયથી, **ભવેત્** = થાય છે. **એતત્** = આ (ધૈર્ય), **સહનમ્** = સહન કરવાનું, **અત્ર ઉકતમ્** = અહીં કહ્યું, **આશ્રય** = આશ્રય (નું સ્વરૂપ), **અતઃ** = હવે, **નિરૂપ્યતે** = નિરૂપણ કરવામાં આવે છે

**ભાવાર્થઃ-** અશક્ય સ્થિતિમાં શ્રીહરિ જ મારા રક્ષક છે. તેમના આશ્રયથી બધું સિદ્ધ થાય છે. આ ધૈર્ય સહન કરવાનું અહીં કહ્યું હવે આશ્રયનું સ્વરૂપ નિરૂપણ કરવામાં આવે છે.

**ઐહિકે પારલોકે ચ, સર્વથા શરણં હરિઃ ।**
**દુઃખહાનૌ તથા પાપે, ભયે કામાદ્યપૂરણે ।।૧૦।।**

**ભક્તદ્રોહે ભકત્યભાવે, ભકતૈશ્ચાતિક્રમે કૃતે ।**
**અશક્યે વા સુશકયે વા, સર્વથા શરણં હરિઃ ।।૧૧।।**

**ઐહિકે** = આ લોક સંબંધથી કાર્યોમાં, **પારલોકે ચ** = અને પરલોક સંબંધી કાર્યોમાં, **સર્વથા** = સર્વપ્રકારે, **શરણં હરિઃ** = શ્રીહરિ (મારું) શરણ છે, **દુખહાનૌ** = દુખથી હાનિ થવામાં, **તથા પાપે** = તથા પાપમાં, **ભયે** = ભયમાં, **કામાદ્યપૂરણે** = કામનાઓ પૂર્ણ ન થવામાં, **ભક્તદ્રોહે** = ભક્તના દ્રોહમાં, **ભકત્યભાવે** = ભક્તિના અભાવમાં, **ભક્તૈ ચ** = અને ભક્તોથી, **અતિક્રમે કૃતે** = અતિક્રમ (અપમાન/અનાદર) થાય ત્યારે, **અશક્યે વા** = અથવા અશક્ય, **સુશકયે વા** = અથવા સુશક્ય કાર્યોમાં, **સર્વથા** = સર્વપ્રકારે, **શરણં હરિઃ** = શ્રીહરિ (મારું) શરણ છે.

**ભાવાર્થઃ–** આ લોક અને પરલોક સંબંધી કાર્યોમાં સર્વપ્રકારે શ્રીહરિ મારું શરણ છે. દુખથી હાનિ થવામાં, પાપ થાય ત્યારે અને ભયમાં, કામનાઓ પૂર્ણ ન થવામાં, ભક્તનો દ્રોહ થાય ત્યારે, ભક્તિના અભાવમાં, ભક્તો દ્વારા અતિક્રમ એટલે અપમાન કે અનાદર થાય ત્યારે, અશકય અથવા સુશક્ય અર્થાત્ સારી રીતે શક્ય એવા બધા કાર્યોમાં શ્રીહરિ સર્વપ્રકારે મારું શરણ છે.

**અહંકાર કૃતે ચૈવ, પોષ્ય પોષણ રક્ષણે ।**
**પોષ્યાતિક્રમણે ચૈવ, તથાન્તેવાસ્યતિ ક્રમે ॥૧૨॥**
**અલૌકિક મનઃ સિદ્ધો, સર્વાર્થે શરણં હરિઃ ।**
**એવં ચિત્તે સદા ભાવ્યં, વાચા ચ પરિકીર્તયેત્ ॥૧૩॥**

**અહંકાર કૃતે** = (જીવ સ્વભાવવશ) અહંકાર કર્યો હોય ત્યારે, **ચ એવ** = નિશ્ચયરૂપથી અને, **પોષ્ય પોષણ રક્ષણે** = પોષ્યવર્ગ (પરિવારજનો વગેરે) નું પોષણ અને રક્ષણ કરવામાં, **પોષ્ય અતિ ક્રમણે** = પોષ્યવર્ગ દ્વારા (પોતાનું) અતિક્રમણ (અપમાન/અનાદર) થાય ત્યારે, **ચ એવ** = નિશ્ચિતરૂપથી અને, **તથા અન્તેવાસ્યતિ ક્રમે** = તથા અંતેવાસી (શિષ્યવર્ગ) દ્વારા અતિક્રમણ (અપમાન/અનાદર) થાય ત્યારે, **અલૌકિક** = અલૌકિક, **મનઃ સિદ્ધૌ** = મન સિદ્ધ થવામાં, **સર્વ અર્થે** = સર્વ અર્થોમાં, **શરણં હરિઃ** = શ્રીહરિ (મારું) શરણ છે, **એવં** = આ પ્રકારે, **ચિત્તે સદા** = ચિત્તમાં સદા, **ભાવ્યમ્** = ભાવના કરવી, **વાચા ચ** = અને વાણી વડે, **પરિકીર્તયેત્** = સારી રીતે કીર્તન કરવું

**ભાવાર્થઃ–** જીવસ્વભાવવશ અહંકાર કર્યો હોય ત્યારે, પોષ્યવર્ગ (પરિવારજનો વગેરે) નું પોષણ અને રક્ષણ કરવામાં, પોષ્યવર્ગ દ્વારા પોતાનું અતિક્રમણ

એટલે અપમાન કે અનાદર થાય ત્યારે, પોતાના અંતેવાસી (શિષ્યવર્ગ) દ્વારા અતિક્રમણ થાય ત્યારે તથા અલૌકિક મન સિદ્ધ કરવામાં તેમજ સર્વ અર્થોમાં શ્રીહરિ મારું શરણ છે એવી ભાવના કરવી અને વાણીથી સારી રીતે ભગવદ્ કીર્તન કરવું.

**અન્યસ્ય ભજનં તત્ર, સ્વતો ગમનમેવ ચ ।**
**પ્રાર્થના કાર્યમાત્રેપિ, તતોન્યત્ર વિવર્જયેત્ ॥૧૪॥**

**અન્યસ્ય** = (ભગવાન શ્રીકૃષ્ણ સિવાય) અન્ય દેવ-દેવીઓ નું, **ભજનમ્** = ભજન/સેવન, **તત્ર** = ત્યાં (તે દેવ-દેવીના સ્થાને), **સ્વતઃ એવ** = આપમેળે જ, **ગમનમેવ ચ** = અને ચાલીને જવું, **પ્રાર્થના** = પ્રાર્થના (વિનંતિ કરવી), **કાર્યમાત્ર અપિ** = દરેક કાર્યમાત્રમાં પણ, **તતઃ** = તે તે (ભગવાનથી), **અન્યત્ર** = બીજા (દેવ) ની પાસે, **વિવર્જયેત્** = વિશેષ રીતથી ત્યાગ કરવો

**ભાવાર્થઃ-** ભગવાન શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવ-દેવીઓનું ભજન/સેવન કરવું, આપમેળે અથવા અન્યની પ્રેરણાથી બીજા કોઈ દેવ- દેવીઓના સ્થાને દર્શને જવું અને કોઈ પણ પ્રકારની લૌકિક કામનાઓ પૂર્ણ કરવા માટે તે દેવ-દેવીઓ પાસે કાર્યમાત્ર પૂરતી પણ પ્રાર્થના (વિનંતિ) કરવી (માનતા-બાધા-દોરા-ધાગા-મંત્ર-જપ-તાવીજ- માદળિયું વગેરે રાખવા) આ બધાનો વિશેષ રીતથી ત્યાગ કરવો.

**અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।**
**બ્રહ્માસ્ત્ર ચાતકૌ ભાવ્યૌ, પ્રાપ્તં સેવેત નિર્મમઃ ॥૧૫॥**

**અવિશ્વાસઃ** = (ભગવાન શ્રીકૃષ્ણમાં) અવિશ્વાસ, **ન કર્તવ્યઃ** = ન કરવો, **સર્વથા** = સર્વપ્રકારે, **બાધકઃ તુ સઃ** = તે તો બાધક છે, **બ્રહ્માસ્ત્ર** = (અવિશ્વાસમાં) બ્રહ્માસ્ત્રની જેમ, **ચાતકૌ** = (વિશ્વાસમાં) ચાતક પક્ષીની જેમ, **ભાવ્યૌ** = ભાવના કરવી, **પ્રાપ્તમ્** = પ્રાપ્ત થતી વસ્તુઓનું, **સેવેત** = સેવન કરવું, **નિર્મમઃ** = મમતારહિત થઈને

**ભાવાર્થઃ-** ભગવાન શ્રીકૃષ્ણમાં અવિશ્વાસ કરવો નહિ. તે તો સર્વ પ્રકારે બાધક છે. જેવી રીતે બ્રહ્માસ્ત્રથી બંધાયેલ શ્રીહનુમાનજીના બંધનમાં રાવણને અવિશ્વાસ ઉત્પન્ન થતાં બ્રહ્માસ્ત્રનું બંધન છૂટી ગયું હતું તેવી રીતે ભગવાન

શ્રીકૃષ્ણમાં કદાપિ અવિશ્વાસ કરવો નહિ. જેમ ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રમાં જ થતી વર્ષાના જલનું પાન કરવા અખંડ વિશ્વાસ રાખીને જીવે છે તેમ ભગવાન શ્રીકૃષ્ણમાં અનન્ય વિશ્વાસ રાખવો, આ પ્રકારે અવિશ્વાસ સંબંધી બ્રહ્માસ્ત્રની અને વિશ્વાસ સંબંધી ચાતકપક્ષીના દૃષ્ટાંતની ભાવના કરવી. ભગવદ્ઈચ્છાથી જે કંઈ પ્રાપ્ત થાય તેનું મમતારહિત થઈ સેવન કરવું.

**યથા કથંચિત્ કાર્યાણિ, કુર્યાદુચ્ચાવચાન્યપિ ।**
**કિં વા પ્રોક્તેન બહુના, શરણં ભાવયેદ્ હરિમ્ ।।૧૬।।**

**યથા કથંચિત** = જે કંઈ બને તે રીતે, **કાર્યાણિ** = કાર્યો, **કુર્યાત્ ઉચ્ચ અવચાનિ** = ઉચ્ચ (વૈદિક) અને હલકાં (લૌકિક) કરવાં, **અપિ** = પણ, **કિં વા પ્રોકતેન બહુના** = અથવા ઘણું કહેવાથી શું, **હરિમ્ શરણં** = શ્રીહરિની શરણની, **ભાવયેત્** = ભાવના કરવી

**ભાવાર્થઃ-** જે કંઈ રીતે બને એ પ્રકારે ઉચ્ચ (વૈદિક) અને હલકાં (લૌકિક) કાર્યો ભગવદ્ઈચ્છા માનીને કરવાં. અથવા ઘણું કહેવાથી શું પ્રયોજન છે? દરેક સ્થિતિમાં શ્રીહરિશરણની ભાવના કરવી.

**એવમાશ્રયણં પ્રોકત, સર્વેષાં સર્વદા હિતમ્ ।**
**કલૌ ભકત્યાદિ માર્ગા હિ, દુઃસાધ્યા ઈતિ મે મતિઃ ।।૧૭।।**

**એવમ્ આશ્રયણમ્** = આ પ્રકારે આશ્રયનું સ્વરૂપ, **પ્રોકતમ્** = સારી રીતે કહ્યું, **સર્વેષાં** = (જે) સર્વ જીવોને, **સદા હિતમ્** = સદા હિતકારી છે, **કલૌ** = કલિયુગમાં, **ભકત્યાદિ માર્ગા હિ** = ભક્તિ આદિ માર્ગો નિશ્ચયપૂર્વક, **દુઃસાધ્યા** = દુઃખથી સાધ્ય થાય એવા છે, **ઈતિ** = એ પ્રમાણે, **મે મતિઃ** = મારી (શ્રીમદ્વલ્લભાચાર્યજીની) મતિ છે.

**ભાવાર્થઃ-** આ પ્રકારે આશ્રયનું સ્વરૂપ સારી રીતે કહ્યું, જે સર્વ જીવો માટે સદા હિતકારી છે. કલિયુગમાં ભગવદ્ પ્રાપ્તિના ભક્તિ આદિ માર્ગો નિશ્ચયપૂર્વક દુઃખથી સાધ્ય થાય એવા છે. એ પ્રમાણે મારી (શ્રીમદ્ વલ્લભાચાર્યજીની) મતિ (અભિપ્રાય) છે.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં વિવેકધૈર્યાશ્રયઃ સંપૂર્ણમ્ ।।**

# કૃષ્ણાશ્રય

**સર્વમાર્ગેષુ નષ્ટેષુ, કલૌ ચ ખલધર્મિણિ ।**
**પાષંડ પ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૧॥**

**સર્વમાર્ગેષુ** = (જ્યારે ભગવાપ્તિના) સર્વમાર્ગો, **નષ્ટેષુ** = નષ્ટ થયા છે, **કલૌ ચ** = અને કલિયુગમાં, **ખલધર્મિણિ** = દુષ્ટ ધર્મોવાળા, **પાખંડ પ્રચુરે** = પાખંડ (છળકપટ) પુષ્કળ પ્રસરેલા છે, **લોકે** = (આ) લોકમાં, **કૃષ્ણ એવ** = (ત્યારે) ભગવાન શ્રીકૃષ્ણ જ, **મમ** = મારી, **ગતિઃ** = ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**ભાવાર્થઃ-** જ્યારે દુષ્ટ ધર્મોવાળા આ કલિયુગમાં ભગવદ્ પ્રાપ્તિના બધા જ માર્ગો નષ્ટ થયા છે અને આ લોકમાં પાખંડ પુષ્કળ પ્રમાણમાં પ્રસરેલો છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**મ્લેચ્છાક્રાંતેષુ દેશેષુ, પાપૈક નિલયેષુ ચ ।**
**સત્પીડાવ્યગ્ર લોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૨॥**

**મ્લેચ્છ આક્રાંતેષુ** = (જ્યારે) મ્લેચ્છો (અપવિત્ર મનુષ્યો) વડે ઘેરાયેલા, **દેશેષુ** = (સર્વ) દેશો, **પાપૈક** = એકમાત્ર પાપના, **નિલયેષુ** =ધામ (ઘરરૂપ) થયા છે , **ચ** = અને, **સત્પીડા** = સત્પુરુષોને થતી પીડા થી, **વ્યગ્ર** = વ્યગ્ર (દુખી), **લોકેષુ** = લોક થયા છે, **કૃષ્ણ એવ** = (ત્યારે) ભગવાન શ્રીકૃષ્ણ જ, **મમ** = મારી, **ગતિઃ** = ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે

**ભાવાર્થઃ-** જ્યારે મ્લેચ્છો (અપવિત્ર અને સંસ્કારહીન મનુષ્યો) વડે ઘેરાયેલા સર્વ દેશો એકમાત્ર પાપના ધામરૂપ થયા છે અને સત્પુરુષોને થતી પીડાથી લોક વ્યગ્ર થયા છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**ગંગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।**
**તિરોહિતાધિદૈવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૩॥**

**ગંગા આદિ** = (જ્યારે) ગંગાજી વગેરે, **તીર્થ વર્યેષુ** = ઉત્તમ તીર્થો, **દુષ્ટૈઃ** = દુષ્ટોથી, **એવ** = જ, **આવૃતેષુ** = ચોતરફથી વીંટળાયેલા છે, **ઈહ** = અહીં, **તિરોહિત** = તિરોહિત થયું છે, **આધિદૈવેષુ** = આધિદૈવિક સ્વરૂપ, **કૃષ્ણ એવ** = (ત્યારે) ભગવાન શ્રીકૃષ્ણ જ, **મમ** =મારી, **ગતિઃ** = ગતિ

(આશ્રય/શરણ/રક્ષક) છે.

**ભાવાર્થ:-** જ્યારે અહીં ગંગાજી વગેરે ઉત્તમ તીર્થો દુષ્ટોથી જ ચોતરફ વીંટળાયેલા છે અને તેના કારણે તીર્થોનું આધિદૈવિક સ્વરૂપ તિરોહિત થયું છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**અહંકારવિમૂઢેષુ, સત્સુ પાપાનુવર્તિષુ ।**
**લાભપૂજાર્થયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૪॥**

**અહંકાર** = (જ્યારે) અહંકારથી, **વિમૂઢેષુ** = વિશેષ રીતે મૂઢ થયેલા, **સત્સુ** = સત્પુરુષો, **પાપાનુવર્તિષુ** = પાપને અનુસરનારા છે, **લાભ-પૂજા-અર્થ** = લાભ અને પૂજા ને માટે, **યત્નેષુ** = પ્રયત્નશીલ થયા છે, **કૃષ્ણ એવ** = (ત્યારે) ભગવાન શ્રીકૃષ્ણ જ, **મમ** = મારી, **ગતિઃ** = ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે

**ભાવાર્થ:-** જ્યારે સત્પુરુષો અહંકારથી વિશેષ રીતે મૂઢ થયા છે, પાપને અનુસરનારા અને લાભ-પૂજાને માટે પ્રયત્નશીલ બન્યા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**અપરિજ્ઞાનનષ્ટેષુ, મંત્રેષ્વવ્રતયોગિષુ ।**
**તિરોહિતાર્થદેવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૫॥**

**મંત્રેષુ** = (જ્યારે) મંત્રોનું, **અપરિજ્ઞાન** = પરિજ્ઞાન (તાત્પર્ય, ફળ અને ફળદાતા દેવ સંબંધી જ્ઞાન) ન હોવાથી, **નષ્ટેષુ** = નષ્ટ થયા છે, **અવ્રતયોગિષુ** = વ્રત અને યોગરહિત હોવાથી, **તિરોહિત-અર્થ-દેવેષુ** = (મંત્રના) અર્થ અને દેવ તિરોહિત થવાથી, **કૃષ્ણ એવ** = (ત્યારે) ભગવાન શ્રીકૃષ્ણ જ, **મમ** = મારી, **ગતિઃ** = ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**ભાવાર્થ:-** જ્યારે મંત્રોનું પરિજ્ઞાન (તાત્પર્ય, ફળ અને ફળદાતા દેવ સંબંધી સાચું જ્ઞાન) ન હોવાથી, વ્રત અને યોગરહિત અર્થાત્ વ્રત-નિયમ વગેરેને ન અનુસરવાથી, મંત્રોના અર્થ અને દેવતા તિરોહિત થયા છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ગતિ (આશ્રય/ શરણ/રક્ષક) છે.

**નાનાવાદવિનષ્ટેષુ, સર્વકર્મવ્રતાદિષુ ।**
**પાષંડૈકપ્રયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૬॥**

**નાનાવાદ** = જ્યારે વિવિધ પ્રકારના વાદ (મત/સિદ્ધાંતો), **વિનષ્ટેષુ** = વિશેષ રીતે નષ્ટ થયા છે, **સર્વ-કર્મ-વ્રત-આદિષુ** = બધા પ્રકારના કર્મ, વ્રત, વગેરે (નષ્ટ થયા છે.), **પાષંડૈક** = એકમાત્ર પાખંડ (છળકપટ) માટે જ, **પ્રયત્નેષુ** = સૌ પ્રયત્નશીલ છે, **કૃષ્ણ એવ** = (ત્યારે) ભગવાન શ્રીકૃષ્ણ જ, **મમ** = મારી, **ગતિઃ** = ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે

**ભાવાર્થઃ-** જ્યારે વિવિધ પ્રકારના વાદ (મત/સિદ્ધાંત વગેરે) ને લીધે સર્વ કર્મો, વ્રત વગેરે વિશેષ રીતે નષ્ટ થયા છે અને એકમાત્ર પાખંડ માટે જ સૌ પ્રયત્નશીલ છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**અજામિલાદિ દોષાણાં, નાશકોનુભવે સ્થિતઃ ।**
**જ્ઞાપિતાખિલ માહાત્મ્યઃ, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૭।।**

**અજામિલાદિ** = અજામિલ આદિના, **દોષાણાં** = દોષોને, **નાશકઃ** = નાશ કરનાર, **અનુભવે** = (ભક્તોના) અનુભવમાં, **સ્થિતઃ** = રહેલા એવા, **જ્ઞાપિત** = (ભગવદ્નામ લેવા માત્રથી સર્વ પાપો નિવૃત્ત થાય છે એવું) જણાવેલ છે, **અખિલ** = સંપૂર્ણ, **માહાત્મ્યઃ** = માહાત્મ્ય (જેમણે એવા), **કૃષ્ણ એવ** = ભગવાન શ્રીકૃષ્ણ જ, **મમ** = મારી, **ગતિઃ** = ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે

**ભાવાર્થઃ-** અજામિલ આદિ દુષ્ટોના દોષોનો નાશ કરનાર અને ભગવદ્નામ લેવા માત્રથી સર્વ પાપ નિવૃત્ત થાય છે. એવું સંપૂર્ણ માહાત્મય જેમણે જણાવ્યું છે એવા ભક્તોના અનુભવમાં રહેલા ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**પ્રાકૃતાઃ સકલા દેવા, ગણિતાનન્દકં બૃહત્ ।**
**પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ ।।૮।।**

**પ્રાકૃતાઃ** = પ્રકૃતિને વશ, **સકલા** = બધા, **દેવા** = દેવો (છે), **ગણિત-આનંદકમ્ બૃહત્** = મર્યાદિત આનંદ (ગણતરી થઈ શકે એવા અલ્પ આનંદવાળું) અક્ષરબ્રહ્મ (છે), **પૂર્ણાનંદઃ** = પૂર્ણ આનંદરૂપ, **હરિઃ** = શ્રીહરિ (ભગવાન શ્રીકૃષ્ણ) છે, **તસ્માત્** = તેથી, **કૃષ્ણ એવ** = ભગવાન શ્રીકૃષ્ણ જ, **મમ** = મારી, **ગતિઃ** = ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**ભાવાર્થઃ-** સર્વ દેવો પ્રકૃતિને વશ છે. અક્ષરબ્રહ્મનો આનંદ મર્યાદિત/સીમિત એટલે ગણતરી કરી શકાય તેવો અલ્પ છે. શ્રીહરિ-ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણાનંદ સ્વરૂપવાળા છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**વિવેકધૈર્યભક્ત્યાદિ, રહિતસ્ય વિશેષતઃ ।**
**પાપાસક્તસ્ય દીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૯।।**

**વિવેક-ધૈર્ય-ભક્તિ** = (જ્યારે હું) વિવેક, ધૈર્ય અને ભક્તિ, **આદિ-રહિતસ્ય** = આદિ થી રહિત, **વિશેષતઃ** = વિશેષ કરીને, **પાપ-આસક્તસ્ય** = પાપમાં આસક્ત, **દીનસ્ય** = (સાધનરહિત એવો) દીન (છું), **કૃષ્ણ એવ** = (ત્યારે) ભગવાન શ્રીકૃષ્ણ જ, **મમ** = મારી, **ગતિઃ** = ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**ભાવાર્થઃ-** જ્યારે હું વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેથી રહિત છું, વિશેષ કરીને પાપમાં આસક્ત છું અને ભગવદ્પ્રાપ્તિના કોઈ પણ પ્રકારના સાધનરહિત એવો દીન છું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ગતિ (આશ્રય/શરણ/રક્ષક) છે.

**સર્વસામર્થ્યસહિતઃ, સર્વત્રૈવાખિલાર્થકૃત્ ।**
**શરણસ્થ સમુદ્ધારં, કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ।।૧૦।।**

**સર્વ-સામર્થ્ય-સહિત** = સર્વ સામર્થ્ય સહિત, **સર્વત્ર-એવ-અખિલ-અર્થ-કૃત્** = સર્વત્ર સૌના માટે અખિલ (સંપૂર્ણ) અર્થ (મનોરથ) પૂર્ણ કરનારા, **શરણસ્થ** = શરણે આવેલાને, **સમ્ ઉદ્ધારમ્** = સારી રીતે ઉદ્ધાર કરનારા, **કૃષ્ણમ્** = ભગવાન શ્રીકૃષ્ણને, **વિજ્ઞાપયામિ-અહમ્** = હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) વિજ્ઞપ્તિ કરું છું.

**ભાવાર્થઃ-** ભગવાન શ્રીકૃષ્ણ સર્વ સામર્થ્ય સહિત છે અને સર્વત્ર સર્વ પુષ્ટિજીવોના સંપૂર્ણ અર્થ (મનોરથ) પૂર્ણ કરનારા છે. આથી શરણે આવેલાનો સારી રીતે ઉદ્ધાર કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણને હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) વિજ્ઞપ્તિ કરું છું.

**કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં, યઃ પઠેત્ કૃષ્ણસન્નિધૌ ।**
**તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ, ઈતિ શ્રીવલ્લભોબ્રવીત્ ।।૧૧।।**

**કૃષ્ણ-આશ્રયમ્-ઈદમ્** = આ 'કૃષ્ણાશ્રય' સ્તોત્રનો, **યઃ** = જે, **પઠેત્** = પાઠ

કરે, **કૃષ્ણ સન્નિધૌ** = ભગવાન શ્રીકૃષ્ણની સન્નિધિમાં, **તસ્ય આશ્રયઃ** = તેને આશ્રય, **ભવેત્** = થશે, **કૃષ્ણ** = ભગવાન શ્રીકૃષ્ણનો, **ઈતિ** = એમ, **શ્રીવલ્લભ–અબ્રવીત્** = શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ કહ્યું છે.

**ભાવાર્થઃ–** જે કોઈ આ 'કૃષ્ણાશ્રય' સ્તોત્રનો ભગવાન શ્રીકૃષ્ણની સન્નિધિમાં પાઠ કરે તેને ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય થશે એમ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ કહ્યું છે.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિતં કૃષ્ણાશ્રય સ્તોત્રં સંપૂર્ણમ્ ।।**

*

# ચતુઃશ્લોકી

**સર્વદા સર્વભાવેન, ભજનીયો વ્રજાધિપઃ ।**
**સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન ।।૧।।**

**સર્વદા** = સદા/નિત્ય, **સર્વ ભાવેન** = સર્વભાવથી, **ભજનીયો** = ભજન/સેવા કરવી, **વ્રજ–અધિપઃ** = વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણની, **સ્વસ્ય–અયમ્–એવ** = પોતાનો આ જ, **ધર્મો** = ધર્મ, **હિ** = જ (છે), **ન અન્યઃ** = બીજો નથી, **કવ અપિ** = ક્યાંય પણ, **કદાચન** = ક્યારે પણ

**ભાવાર્થઃ–** સદા સર્વભાવથી વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણની સેવા (ભજન) કરવી. આપણો આ જ ધર્મ છે, આ સિવાય બીજો કોઈ ધર્મ ક્યાંય અને ક્યારે પણ નથી જ.

**એવં સદા સ્મ કર્તવ્યં, સ્વયમેવ કરિષ્યતિ ।**
**પ્રભુઃ સર્વસમર્થો હિ, તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ।।૨।।**

**એવં** = એવી રીતે, **સદા** = સદા/નિત્ય, **સ્મ** = પ્રસિદ્ધ છે, **કર્તવ્યમ્** = કર્તવ્ય (સેવા કરવી), **સ્વયમ્ એવ** = પોતે (ભગવાન શ્રીકૃષ્ણ) જ, **કરિષ્યતિ** = (ફળદાન) કરશે, **પ્રભુઃ** = ભગવાન શ્રીકૃષ્ણ, **સર્વ સમર્થઃ** = સર્વ પ્રકારે સમર્થ છે, **હિ** = નિશ્ચય, **તતઃ** = તેથી, **નિશ્ચિંતતામ્** = નિશ્ચિત પણે, **વ્રજેત્** = રહેવું

**ભાવાર્થઃ–** એવી રીતે ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવી

એ આપણું કર્તવ્ય પ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણ સ્વયં ફળદાન કરશે જ, કારણકે પ્રભુ સર્વ સમર્થ છે. તેથી ભક્તોએ નિશ્ચિત રહેવું.

**યદિ શ્રીગોકુલાધીશો, ધૃતઃ સર્વાત્મના હૃદિ ।**
**તતઃ કિમપરં બ્રૂહિ, લૌકિકૈર્વૈદિકૈરપિ ।।૩।।**

**યદિ** = જો, **શ્રીગોકુલાધીશઃ** = શ્રીગોકુલના અધિપતિ શ્રીકૃષ્ણને, **ધૃતઃ** = ધારણ કરવામાં આવે, **સર્વાત્મના** = સર્વાત્મભાવથી, **હૃદિ** = હૃદયમાં, **તતઃ** = તો પછી, **કિમ અપરમ્** = બીજું ઉત્તમ શું , **લૌકિકઃ વૈદિકઃ અપિ** = લૌકિક અને વૈદિક સુખોથી પણ, **બ્રૂહિ** = કહો

**ભાવાર્થ :-** જો શ્રીગોકુલના અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણને હૃદયમાં સર્વાત્મભાવથી ધારણ કરવામાં આવે તો પછી તેના કરતાં લૌકિક અને વૈદિક વડે બીજું શું ઉત્તમ પ્રાપ્ત કરવાનું રહે છે તે કહો.

**અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયોઃ ।**
**સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજયમિતિ મે મતિઃ ।।૪।।**

**અતઃ** = તેથી, **સર્વાત્મના** = સર્વાત્મભાવથી, **શશ્વદ્** = નિરંતર, **ગોકુલેશ્વર પાદયોઃ** = શ્રીગોકુલના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણના બંને ચરણ કમલોનું, **સ્મરણમ્** = સ્મરણ, **ભજનમ્** =, ભજન અર્થાત્ સેવા, **ચ અપિ** = અને પણ, **ન ત્યાજમ્** = છોડવી નહિ, **ઈતિ મે મતિઃ** = આ પ્રમાણે મારી (શ્રીમદ્ વલ્લભાચાર્યજીની) મતિ (અભિપ્રાય) છે.

**ભાવાર્થઃ-** તેથી સર્વાત્મભાવથી શ્રીગોકુલના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણના બંને ચરણકમલોનું નિરંતર સ્મરણ અને સેવા છોડવી નહિ એવી મારી (શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની) મતિ છે.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિતા ચતુઃશ્લોકી સંપૂર્ણમ્ ।।**

*

# ભક્તિવર્ધિની

**યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્, તથોપાયો નિરૂપ્યતે ।**
**બીજભાવે દઢે તુ સ્યાત્, ત્યાગાત્ શ્રવણકીર્તનાત્ ।।૧।।**

**યથા ભક્તિઃ** = જેવી રીતે ભક્તિ, **પ્રવૃદ્ધા સ્યાત્** = વિશેષ રીતે વૃદ્ધિ પામે, **તથા-ઉપાયઃ** = તેવી રીતે ઉપાય, **નિરૂપ્યતે** = નિરૂપણ કરાય છે, **બીજભાવે** = (ભક્તિમાં) બીજભાવ, **દઢ** = દઢ, **તુ** = તો, **સ્યાત્** = થાય, **ત્યાગાત્ - શ્રવણ-કીર્તનાત્** = ત્યાગથી અને શ્રવણ-કીર્તનથી

**ભાવાર્થઃ-** જેવી રીતે ભક્તિ વિશેષ રીતે વૃદ્ધિ પામે તેવો ઉપાય નિરૂપણ કરવામાં આવે છે. ભક્તિ વિરુદ્ધનો ત્યાગ કરવાથી તથા શ્રવણ-કીર્તનથી બીજભાવ દઢ થાય છે અને ભક્તિની વૃદ્ધિ થાય છે.

**બીજદાઢર્ય પ્રકારસ્તુ, ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।**
**અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં, પૂજ્યા શ્રવણાદિભિઃ ।।૨।।**

**બીજદાઢર્ય** = બીજભાવ દઢ કરવાનો, **પ્રકારઃ તુ** = પ્રકાર તો (એવો છે કે), **ગૃહે** = (પોતાના) ઘરમાં, **સ્થિત્વા** = રહીને, **સ્વધર્મતઃ** = સ્વધર્મ પ્રમાણે, **અવ્યાવૃત્તો** = વ્યાવૃત્તિ કર્યા વિના, **ભજેત્** = સેવા કરવી, **કૃષ્ણમ્** = ભગવાન શ્રીકૃષ્ણની, **પૂજ્યા** =પૂજા વડે, **શ્રવણ-આદિભિઃ** = શ્રવણ વગેરેથી

**ભાવાર્થઃ-** ભક્તિનો બીજભાવ દઢ કરવાનો પ્રકાર તો એવો છે કે કોઈ પણ પ્રકારની વ્યાવૃત્તિ વિના અર્થાત્ વ્યવસાય, ધંધો, અન્ય ઉદ્યમથી નિવૃત્તિપૂર્વક સંગરહિત થઈને પોતાના ઘરમાં રહીને, સ્વધર્મ પ્રમાણે પૂજન અને શ્રવણ વગેરેથી ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવી.

**વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં, શ્રવણાદૌ યતેત્ સદા ।**
**તતઃ પ્રેમ તથાસક્તિઃ વ્યસનં ચ યદા ભવેત્ ।।૩।।**
**બીજં તદુચ્યતે શાસ્ત્રે, દઢં યન્નાપિ નશ્યતિ ।।૩-૧/૨/।।**

**વ્યાવૃત્તઃ અપિ** = (આજીવિકા અર્થે) વ્યાવૃત્તિ (અન્ય સંગ) થાય તો પણ, **હરૌ** = શ્રીહરિ - ભગવાન શ્રીકૃષ્ણમાં, **ચિતમ્** = ચિત્ત રાખીને, **શ્રવણાદૌ** = શ્રવણ - કીર્તન વગેરે માટે, **યતેત્ સદા** = સદા પ્રયત્ન કરવો, **તતઃ પ્રેમ** = તેથી પ્રેમ,

**તથા** = તથા, **આસક્તિઃ** = આસક્તિ, **વ્યસનમ્** = વ્યસન, **ચ** = અને, **યદા ભવેત્** = જ્યારે થાય, **બીજં** = (ત્યારે) બીજ, **તત્-ઉચ્યતે-શાસ્ત્રે-દઢમ્** = શાસ્ત્રમાં તે દઢ કહેવાય છે, **યત્-ન-અપિ-નશ્યતિ** = જે (દઢબીજ લૌકિક કાલ, દુસંગ વગેરેથી) પણ નાશ પામતું નથી

**ભાવાર્થઃ-** વ્યાવૃત્તિ અર્થાત્ અન્ય લૌકિક સંગ થાય તોપણ ભગવાન શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખીને શ્રવણ વગેરે માટે સદા પ્રયત્ન કરવો. તેથી શ્રીપ્રભુમાં ક્રમશ પ્રેમ, આસક્તિ તથા વ્યસન થાય ત્યારે બીજભાવ દઢ થયો એમ શાસ્ત્રમાં કહેવાય છે, જે દઢબીજ લૌકિક કાલ, દુઃસંગ વગેરેથી કદી પણ નાશ પામતું નથી.

**સ્નેહાદ્ રાગવિનાશઃ સ્યાદાસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ ।।૪।।**
**ગૃહસ્થાનાં બાધકત્વં, અનાત્મત્વં ચ ભાસતે ।।**
**યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે, કૃતાર્થઃ સ્યાત્તદૈવ હિ ।।૫।।**

**સ્નેહાદ્** = (ભગવાનમાં) સ્નેહ થવાથી, **રાગ વિનાશઃ** = (લૌકિક) રાગ (પ્રેમ) નો નાશ , **સ્યાત્** = થાય છે, **આસકત્યા** = (ભગવાનમાં) આસક્તિથી, **સ્યાદ્ ગૃહ-અરુચિઃ** = ઘરમાં અરુચિ થાય છે, **ગૃહસ્થાનામ્** = ઘરમાં રહેનારા (ગૃહસ્થીજનો તથા ગૃહના પદાર્થો) માં, **બાધકત્વમ્** = બાધકપણું, **અનાત્મત્વં ચ** = અને અનાત્મપણું (આત્મીય ન હોવાપણું), **ભાસતે** = જણાય છે, **યદા** = જ્યારે, **સ્યાદ્ વ્યસનમ્** = વ્યસન થાય, **કૃષ્ણે** = ભગવાન શ્રીકૃષ્ણમાં, **કૃતાર્થઃ** = કૃતાર્થ , **સ્યાત્ તદા એવ હિ** = ત્યારે જ નિશ્ચય થાય છે.

**ભાવાર્થઃ-** ભગવાનમાં સ્નેહ (પ્રેમ) થવાથી લૌકિક પ્રીતિનો નાશ થાય છે. ભગવાનમાં આસક્તિ થવાથી ઘરમાં અરુચિ (અણગમો) થાય છે અને ઘરમાં રહેનારા તેમજ ઘરના પદાર્થોમાં બાધકપણું અને અનાત્મપણું (આત્મીયતા ન હોવી) જણાય છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણમાં વ્યસન થાય ત્યારે જ ભક્ત નિશ્ચય કૃતાર્થ થાય છે.

**તાદશસ્યાપિ સતતં, ગેહસ્થાનં વિનાશકમ્**
**ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ, તદર્થાર્થૈક માનસઃ ।।૬।।**
**લભતે સુદઢાં ભક્તિં, સર્વતોપ્યધિકાં પરામ્।।૬-૧/૨।।**

**તાદશસ્ય અપિ** = તાદશીજનોએ પણ, **સતતમ્** = સતત (નિરંતર), **ગૃહસ્થાનમ્** = ઘરમાં રહેવું, **વિનાશકમ્** = (તેના ભાવનો) વિશેષ કરીને નાશ કરનાર છે., **ત્યાગમ્** = (માટે ઘર વગેરેનો) ત્યાગ, **કૃત્વા** = કરીને, **યતેત્ યઃ તુ** = ફરીથી (તે ગૃહત્યાગ કર્યા પછી) જે કોઈ પ્રયત્ન કરે, **તદર્થાર્થૈક માનસઃ** = તેમાં (પરમ ફળરૂપ શ્રીકૃષ્ણની ભક્તિમાં જ) મન રાખીને, **લભતે** = પામે છે, **સુદઢામ્ ભક્તિમ્** = સુદઢ ભક્તિ, **સર્વતઃ અપિ–અધિકામ્** = સર્વથી (ચાર પ્રકારની મુક્તિથી) પણ અધિક (ઉત્તમ) એવી, **પરમ્** = ફલરૂપ

**ભાવાર્થઃ–** ભક્તિની આવી સર્વોચ્ચ સ્થિતિરૂપ વ્યસન અવસ્થા પ્રાપ્ત કર્યા પછી તેવા ભક્તો પણ નિરંતર ઘરમાં રહે તો તેથી તેમના ભાવનો વિશેષ કરીને નાશ થાય છે. માટે ઘર વગેરેનો ત્યાગ કરીને પરમ ફલરૂપ ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિમાં જ મન રાખીને ભગવદ્ભાવ વધે તે માટે પ્રયત્ન કરવો. તેથી સર્વથી અધિક અર્થાત્ સાલોક્ય આદિ ચાર મુક્તિથી પણ ઉત્તમ એવી સુદઢ અને પરમ ફલરૂપ ભક્તિને પામે છે.

**ત્યાગે બાધક ભૂયસ્ત્વં, દુઃસંસર્ગાત્તથાન્નતઃ ।।૭।।**
**અતઃ સ્થેયં હરિસ્થાને, તદીયૈઃ સહ તત્પરૈઃ ।**
**અદૂરે વિપ્રકર્ષે વા, યથા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।**

**ત્યાગે** = ત્યાગ કરવામાં, **બાધક ભૂયઃ ત્વમ્** = બાધક (વિધ્ન) ઘણાં થાય છે, **દુઃસંસર્ગાત્** = દુષ્ટજનોના સંસર્ગથી, **તથા અન્નતઃ** = તથા (અસમર્પિત) અન્નનું ભોજન કરવાથી, **અતઃ** = તેથી, **સ્થેયમ્** = રહેવું, **હરિસ્થાને** = શ્રીહરિના સ્થાનમાં, **તદીયૈઃ સહ** = તદીય ભક્તોની સાથે, **તત્પરૈઃ** = તત્પર થઈને, **અદૂરે** = દૂર નહિ અર્થાત્ નજીકમાં, **વા** = અથવા, **વિપ્રકર્ષે** = અતિ દૂર રહીને, **યથા** = જેવી રીતે, **ચિત્તમ્** = ચિત, **ન દુષ્યતિ** = દોષવાળું ન થાય

**ભાવાર્થઃ–** પરંતુ જે ભક્તો વ્યસન દશાએ પહોંચ્યા ન હોય તો તેમના માટે ઘરનો ત્યાગ કરવામાં દુષ્ટજનોના સંસર્ગથી તથા અસમર્પિત અન્નનું ભોજન કરવાથી બાધક (વિઘ્નો) ઘણા ઉત્પન્ન થાય છે. પરિણામે બહિર્મુખ થવાનો પ્રસંગ આવે છે. તેથી આવા સાધન અવસ્થાવાળા ભક્તોએ શ્રીહરિ–ભગવાન શ્રીકૃષ્ણના સ્થાન (વ્રજભૂમિ વગેરે)માં તદીય ભક્તોની સાથે ભગવદ્સેવા–ગુણગાન વગેરેમાં તત્પર રહેવું. જેવી રીતે ચિત્ત દોષવાળું ન થાય તેવી રીતે

નિકટમાં અથવા અતિ દૂર રહીને સેવા-સત્સંગ અને ભગવદ્ ગુણગાન પરાયણ રહેવું.

**સેવાયાં વા કથાયાં વા, યસ્યાસક્તિદઢા ભવેત્ ।**
**યાવજ્જીવં તસ્ય નાશો, ન ક્વાપીતિ મતિર્મમ ॥૯॥**

**સેવાયામ્** = ભગવદ્ સેવામાં, **વા** = અથવા, **કથાયામ્** = ભગવદ્ કથામાં, **વા** = અથવા, **યસ્ય આસક્તિઃ** = જેની આસક્તિ, **દઢા** = દઢ, **ભવેત્** = થાય, **યાવજજીવમ્** = જીવે ત્યાં સુધી, **તસ્ય** = તેનો, **નાશઃ** = નાશ, **ન કવ અપિ** = ક્યારે પણ નથી (એવી), **મતિઃ મમ** = = મારી (શ્રીમદ્ વલ્લભાચાર્યજીની) મતિ (અભિપ્રાય) છે

**ભાવાર્થઃ-** જે ભક્તની ભગવદ્સેવા અથવા ભગવદ્કથામાં જીવે ત્યાં સુધી અર્થાત્ આજીવન દઢ આસક્તિ રહે છે તેવા ભગવદ્ ભક્તનો ક્યારે પણ નાશ થતો નથી એવી મારી (શ્રીમદ્ વલ્લભાચાર્યજીની) મતિ છે.

**બાધસંભાવનાયાં તુ, નૈકાન્તે વાસ ઈષ્યતે ।**
**હરિસ્તુ સર્વતો રક્ષાં, કરિષ્યતિ ન સંશયઃ ॥૧૦॥**

**બાધસંભાવનાયામ્** = બાધ (વિધ્ન) ની સંભાવના હોય ત્યારે, **તુ** = તો, **એકાંતે** = એકાંતમાં, **વાસ** = વાસ (રહેવું), **ન ઈષ્યતે** = ઈચ્છવા યોગ્ય નથી, **હરિઃ તુ** = શ્રીહરિ તો, **સર્વતઃ** = સર્વપ્રકારે, **રક્ષામ્** = રક્ષણ, **કરિષ્યતિ** = કરશે, **ન સંશયઃ** = સંશય નથી

**ભાવાર્થઃ-** બાધ (વિધ્ન) ની સંભાવના હોય ત્યારે ભગવદ્ સેવાનો ત્યાગ કરીને એકાંતવાસ કરવો ઈચ્છવા યોગ્ય નથી પરંતુ સ્વગૃહે જ ભગવદ્સેવા - સ્મરણ પરાયણ રહેવાથી શ્રીહરિ ભગવાન શ્રીકૃષ્ણ, ભક્તનું સર્વ પ્રકારે રક્ષણ કરશે એમાં સંશય નથી.

**ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં, ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ।**
**ય એતત્ સમધીયીત, તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ ॥૧૧॥**

**ઈતિ એવં** = આ પ્રમાણે, **ભગવદ્ શાસ્ત્રમ્** = ભગવાનનું શાસ્ત્ર, **ગૂઢ તત્ત્વમ્** = ગૂઢ તત્ત્વોવાળું, **નિરૂપિતમ્** = નિરૂપણ કર્યું, **ય** = જે, **એતત્** = આનું,

**સમધીયીત** = સારી રીતે અધ્યયન કરે, **તસ્ય અપિ** = તેને પણ, **સ્યાદ્** = થાય, **દૃઢા રતિઃ** = (ભગવાનમાં) દઢ રતિ (પ્રેમ)

**ભાવાર્થઃ–** આ પ્રમાણે ગૂઢ તત્વોવાળું ભગવાનનું શાસ્ત્ર મેં (શ્રીમહાપ્રભુજીએ) નિરૂપણ કર્યું છે. જે કોઈ આનું સારી રીતે અધ્યયન કરે તેને ભગવાનમાં દઢ પ્રેમ થાય છે.

**। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિતં ભક્તિવર્ધિની ગ્રંથ સંપૂર્ણમ્ ।**

*

# જલભેદ

**નમસ્કૃત્ય હરિં વક્ષ્યે, તદ્ગુણાનાં વિભેદકાન્ ।**
**ભાવાન્ વિંશતિધા ભિન્નાન્, સર્વસંદેહવારકાન્ ।।૧।।**

**નમસ્કૃત્ય** = નમન કરીને, **હરિમ્** = શ્રીહરિ - ભગવાન શ્રીકૃષ્ણને, **વક્ષ્યે** = હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) કહીશ, **તદ્** = તેમના, **ગુણાનામ્** = ગુણોનો, **વિભેદકાન્** = વિશેષ પ્રકારે ભેદ કરનારા, **ભાવાન્** = (વક્તાના) ભાવો, **વિંશતિધા** = વીસ પ્રકારના, **ભિન્નાન્** = જુદા જુદા, **સર્વસંદેહવારકાન્** = સર્વ સંદેહ દૂર કરનારા

**ભાવાર્થઃ–** ભગવાન શ્રીકૃષ્ણને નમન કરીને, તેમના ગુણોનો વિશેષ પ્રકારે ભેદ કરનારા તથા સર્વ સંદેહ દૂર કરનારા જુદા જુદા વીસ પ્રકારના વક્તાના ભાવો હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) કહીશ.

**ગુણભેદાસ્તુ તાવન્તો, યાવન્તો હિ જલે મતાઃ ।।૧-૧/૨।।**

**ગુણભેદાઃ** = ગુણના ભેદો, **તુ** = પણ, **તાવન્તો** = તેટલા, **યાવન્તો** = જેટલા, **હિ** = જ, **જલે** = જળમાં, **મતાઃ** = માનેલા છે.

**ભાવાર્થઃ–** (કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં) જેટલા જળના ભેદ વર્ણવ્યા છે તેટલા જ ભેદ ભગવાનનું ગુણગાન કરનારા વક્તાઓના પણ છે.

**ગાયકાઃ કૂપસંકાશા, ગંધર્વા ઈતિ વિશ્રુતાઃ ॥૨॥**
**કૂપ ભેદાસ્તુ યાવન્તસ્તાવન્તસ્તેપિ સંમતાઃ ।**

**ગાયકાઃ** = ગાન કરનારા, **કૂપ સંકાશા** = કૂવાના જળ (જેવા છે), **ગંધર્વા** = ગંધર્વો, **ઈતિ** = આ રીતે, **વિશ્રુતાઃ** = પ્રસિદ્ધ, **કૂપભેદાઃ** = કૂવાના (જળના) ભેદ, **તું** = પણ, **યાવન્તઃ** = જેટલા, **તાવન્તઃ** = તેટલા, **તે અપિ** = તેમના (ગંધર્વના) પણ , **સંમતા** = માનેલા છે

ભાવાર્થ- ગાન કરનારા 'ગંધર્વ'નામથી પ્રસિદ્ધ છે. તે ગાયકો કૂવાના જળ જેવાછે. જેટલા કૂવાના જળના ભેદ છે, તેટલા ગંધર્વના પણ ભેદ માનેલા છે. કૂવાનું જળ જેમ મીઠું, ખારું વગેરે પ્રકારનું હોય છે તેમ ગંધર્વો પણ જુદા જુદા દેવ-દેવીઓના ગુણગાન કરનારા હોય છે.

**કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તા, પારમ્પર્યયુતા ભુવિ ॥૩॥**
**ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ, સંસારોત્પત્તિ હેતવઃ ।**

**કુલ્યાઃ** = કૃત્રિમ નદી એટલે નહેરના જળ જેવા, **પૌરાણિકાઃ** = પુરાણની કથા કહેનારા , **પ્રોક્તા** = કહ્યા છે, **પારંપર્યયુતા** = પરંપરાથી, **ભુવિ** = ભૂતળ ઉપર, **ક્ષેત્ર પ્રવિષ્ટાઃ** = ખેતરમાં પ્રવેશ થયેલ (જળની જેમ), **તે** = તે, **ચ અપિ** = અને પણ, **સંસાર ઉત્પત્તિ** = સંસારની ઉત્પત્તિના, **હેતવઃ** = કારણરૂપ (થાય છે).

**ભાવાર્થઃ-** પરંપરાથી પુરાણની કથા કહેનારા ભૂમિ ઉપર નહેરના જળ જેવા કહ્યા છે. ખેતરમાં પ્રવેશ થયેલા નહેરના જળની જેમ, તેઓ પણ સંસારની ઉત્પત્તિના કારણરૂપ થાય છે. જેમ ખેતરમાં ગયેલું નહેરનું જળ અનાજ ઉત્પન્ન કરીને ઉદરનિર્વાહ માટે કામ આવે છે તેમ કેવળ દેહનિર્વાહ માટે જ પુરાણાદિની કથા કહેનારા વક્તાઓની ભાવરહિત કથા કેવળ સંસાર ઉત્પન્ન કરનાર બને છે.

**વેશ્યાદિસહિતા મત્તા, ગાયકા ગર્તસંજ્ઞિતાઃ ॥૪॥**
**જલાર્થમેવ ગર્તાસ્તુ, નીચા ગાનોપજીવિનઃ ।**

**વેશ્યાદિ સહિતા** = વેશ્યા આદિના સંગમાં, **મત્તા** = ઉન્મત્ત થયેલા, **ગાયકા** = ગાન કરનારા (ગાયકો), **ગર્ત સંજ્ઞિતાઃ** = ખાડાના જળ જેવા છે, **જલાર્થમ્ એવ** = જળ માટે જ, **ગર્તાઃ** = ખાડા (હોય છે), **તુ** = તો (તેવા ગાયકો),

**નીચા** = નીચ, **ગાનોપજીવિનઃ** = ગાન ઉપર જીવનારા (હોય છે)

**ભાવાર્થઃ–** વેશ્યાદિ સ્ત્રીઓના સંગમાં ઉન્મત્ત બનીને ગાન કરનારા ગાયકો ખાડાના બંધિયાર અને ગંદા જળ જેવા છે. જેમ આવા ખાડા ગંદા અને અશુદ્ધ જળ માટે જ હોય છે તેમ ગાન ઉપર જીવનારા ગાયકોના ભાવ પણ નીચ અને દુષિત હોય છે.

**હ્રદાસ્તુ પણ્ડિતાઃ પ્રોક્તા, ભગવચ્છાસ્ત્રતત્પરાઃ ||૫||**
**સંદેહવારકાસ્તત્ર, સૂદા ગંભીરમાનસાઃ |**

**હ્રદાઃ** = નદીના ધરા જેવા, **તુ** = તો, **પંડિતાઃ** = પંડિતો, **પ્રોક્તા** = કહ્યા છે, **ભગવત્ શાસ્ત્ર તત્પરાઃ** = ભગવદ્ શાસ્ત્રોમાં તત્પર, **સંદેહ વારકાઃ** = (શ્રોતાઓના) સંદેહ દૂર કરનારા, **તત્ર** = તેમાં, **સૂદા** = સુંદર જળાશયજેવા, **ગંભીર માનસાઃ** = ગંભીર મનવાળા (હોય છે)

**ભાવાર્થઃ–** ભગવદ્ શાસ્ત્રોમાં તત્પર પંડિતોનો ભાવ તો નદીના ઊંડા ધરા જેવો હોય છે. તેમાં પણ જેઓ સંદેહ દૂર કરનારા અને ગંભીર મનવાળા હોય છે, તેઓ સુંદર જળાશય જેવા છે. જેમ ધરાનું ગંભીર અને સુંદર જળ જોઈને મન પ્રસન્ન થાય છે તેમ આવા વક્તાનો ભાવ પણ શ્રોતાઓના મનને પ્રસન્ન કરે છે.

**સરઃ કમલસંપૂર્ણાઃ પ્રેમયુક્તાસ્તથા બુધાઃ ||૬||**
**અલ્પશ્રુતાઃ પ્રેમયુક્તા, વેશન્તાઃ પરિકીર્તિતાઃ |**
**કર્મશુદ્ધાઃ પલ્વલાનિ, તથાલ્પશ્રુતભક્તયઃ ||૭||**

**સરઃ** = સરોવર (નું જળ), **કમલસંપૂર્ણાઃ** = કમળોથી સંપૂર્ણ (આચ્છાદિત), **પ્રેમયુક્તાઃ** = પ્રેમયુક્ત, **તથા** = તથા, **બુધાઃ** = પંડિતો, **અલ્પશ્રુતાઃ** = અલ્પ જ્ઞાનવાળા, **પ્રેમયુક્તા** = પ્રેમયુક્ત, **વેશન્તાઃ** = નાના તળાવ જેવા, **પરિકીર્તિતાઃ** = કહ્યા છે, **કર્મશુદ્ધાઃ** = કર્મો વડે શુદ્ધ, **પલ્વલાનિ** = નાના તળાવ જેવા, **તથા** = તથા, **અલ્પશ્રુત ભક્તયઃ** = અલ્પ જ્ઞાન અને ભક્તિવાળા

**ભાવાર્થઃ–** જે પ્રેમયુક્ત પંડિતો છે તેઓ કમળોથી સુશોભિત સરોવર જેવા છે. જેમ આવું સરોવર જોતાં હૃદયને આનંદ થાય છે તેમ ભગવદ્ પ્રીતિવાળા પંડિતોનો ભાવ શ્રોતાઓમાં ભક્તિ અને જ્ઞાનની વૃદ્ધિ કરીને આનંદ આપનાર બને છે. જેઓ પ્રેમયુક્ત પરંતુ અલ્પ જ્ઞાનવાળા છે તેઓનો ભાવ નાના તળાવ

જેવો કહેવાય છે. જેમ નાના તળાવનું જળ મનુષ્યો, પશુઓ વગેરે ગંદુ કરે છે તેમ આવા વક્તાઓના અલ્પ જ્ઞાનથી શ્રોતાઓના ભાવમાં વૃદ્ધિ થતી નથી. કેટલાક વક્તાઓ કર્મ વડે શુદ્ધ હોય છે પરંતુ તેઓમાં જ્ઞાન અને ભક્તિનું પ્રમાણ અલ્પ હોવાથી તેમનો ભાવ પણ નાના તળાવ જેવો જ હોય છે.

**યોગધ્યાનાદિ સંયુક્તા, ગુણા વર્ષ્યાઃ પ્રકીર્તિતાઃ ।**
**તપોજ્ઞાનાદિ ભાવેન, સ્વેદજાસ્તુ પ્રકીર્તિતાઃ ।।૮।।**

**યોગધ્યાનાદિ સંયુક્તા** = યોગ, ધ્યાન આદિથી સારી રીતે યુક્ત, **ગુણા** = ગુણોવાળા (વક્તા), **વર્ષ્યાઃ** = વર્ષાના જળ જેવા, **પ્રકીર્તિતાઃ** = કહ્યા છે, **તપોજ્ઞાનાદિ ભાવેન** = તપ, જ્ઞાન આદિમાં ભાવવાળા, **સ્વેદજાઃ** = પરસેવાના જળ જેવા, **તુ** = પરંતુ, **પ્રકીર્તિતાઃ** = કહ્યા છે

**ભાવાર્થઃ-** જેઓ યોગ, ધ્યાન વગેરેથી સારી રીતે યુક્ત ગુણોવાળા છે તેવા વક્તાઓનો ભાવ વર્ષાના જળ જેવો કહ્યો છે. પરંતુ ભક્તિ વિના કેવળ તપ, જ્ઞાન વગેરેમાં ભાવવાળા માત્ર દેહદમન કરનારા વક્તાઓનો ભાવ પરસેવાના જળ જેવો કહ્યો છે અર્થાત્ પરસેવાના જળની જેમ નિરુપયોગી છે.

**અલૌકિક જ્ઞાનેન, યે તુ પ્રોક્તા હરેર્ગુણાઃ ।**
**કાદાચિત્કાઃ શબ્દગમ્યાઃ પતચ્છબ્દાઃ પ્રકીર્તિતાઃ ।।૯।।**

**અલૌકિક** = અલૌકિક, **જ્ઞાનેન** = જ્ઞાન વડે, **યે** = જેઓ, **તુ** =તો, **પ્રોકતા** = કહ્યા છે, **હરેઃ** = શ્રીહરિના, **ગુણાઃ** = ગુણો, **કાદાચિત્કાઃ** = કોઈક સમયે મળે, **શબ્દગમ્યાઃ** = શબ્દો થી સમજાય, **પતત્ શબ્દાઃ** = ઊંચેથી અવાજ સાથે પડતા (ઝરણાના જળ જેવા), **પ્રકીર્તિતાઃ** = કહ્યા છે

**ભાવાર્થઃ-** જેઓ વેદાદિ શાસ્ત્રોનું અલૌકિક જ્ઞાન ધરાવે છે તેઓ શબ્દો દ્વારા શ્રીહરિના ગુણાનુવાદ ગાય છે. પરંતુ આવા વકતાઓ કોઈક સમયે જ મળે છે. તેમનો ભાવ ઊંચેથી અવાજ સાથે પડતા ઝરણાના જળ જેવો નિર્મળ, શુદ્ધ અને મધુર હોય છે. આવા વકતાઓ દુર્લભ છે.

**દેવોદ્યુપાસનોદ્ભૂતાઃ, પૃષ્વા ભૂમેરિવોદ્ગતાઃ ।**
**સાધનાદિપ્રકારેણ, નવધા ભક્તિમાર્ગતઃ ।।૧૦।।**
**પ્રેમપૂર્ત્યા સ્ફુરદ્ધર્માઃ, સ્યંદમાનાઃ પ્રકીર્તિતાઃ ।**

**દેવાદિ–ઉપાસના–ઉદ્ભૂતાઃ** = દેવો વગેરેની ઉપાસનાથી ઉત્પન્ન ગુણોવાળા, **પૃષ્વા** = ઝાકળના જળ જેવા, **ભૂમેઃ ઈવ ઉદ્ગતાઃ** = = ભૂમિ ઉપર જામેલા/બાઝેલા, **સાધનાદિ પ્રકારેણ** = મર્યાદામાર્ગના સાધનોના પ્રકારથી, **નવધા** = નવપ્રકારે, **ભક્તિ માર્ગતઃ** = ભક્તિમાર્ગ દ્વારા, **પ્રેમપૂર્ત્યાઃ** = પ્રેમવાળા, **સ્ફુરદ્ ધર્માઃ** = સ્ફુરાયમાન થયેલ ધર્મોવાળા, **સ્યંદમાનાઃ** = વહેતા ઝરણાના જળ જેવા, **પ્રકીર્તિતાઃ** = કહ્યા છે

**ભાવાર્થઃ–** જેઓમાં દેવો વગેરેની ઉપાસનાથી ઉત્પન્ન થયેલ ગુણો છે તેઓ ભૂમિ ઉપર બાઝેલા ઝાકળના જળબિંદુ જેવા કહ્યા છે. જેમ ઝાકળનું જળ કંઈપણ કામનું નથી તેમ આવા વક્તાઓથી ભગવદ્ભાવની વૃદ્ધિ થતી નથી. જેઓમાં મર્યાદામાર્ગના સાધનોના પ્રકારથી નવ પ્રકારે ભક્તિમાર્ગના ધર્મો સ્ફુરાયમાન થયા છે એવા પ્રેમવાળા વક્તાઓનો ભાવ પર્વત પરથી વહેતા ઝરણાના જળ જેવો પવિત્ર અને નિર્મળ હોય છે.

**યાદશાસ્તાદશાઃ પ્રોકતાઃ વૃદ્ધિક્ષય–વિવર્જિતાઃ ||૧૧||**
**સ્થાવરાસ્તે સમાખ્યાતા, મર્યાદૈક પ્રતિષ્ઠિતાઃ |**

**યાદશાઃ** = જે પ્રકારે (અગાઉના વક્તા), **તાદશાઃ** = તે પ્રકારે, **પ્રોકતાઃ** = કહ્યા છે, **વૃદ્ધિક્ષય વિવર્જિતાઃ** = (ભગવદ્ પ્રેમમાં) વૃદ્ધિ કે ક્ષય થતો નથી, **સ્થાવરાઃ** = (કુંડ અથવા વાવના) સ્થિર જળ જેવા, **તે** = તેઓ, **સમાખ્યાતા** = કહ્યા છે, **મર્યાદૈક** = કેવળ મર્યાદામાં, **પ્રતિષ્ઠિતાઃ** = રહેલા છે.

**ભાવાર્થઃ–** અગાઉ સાધનભક્તિમાં પ્રેમવાળા જે વક્તાઓ કહ્યા છે તેઓના ભગવદ્પ્રેમમાં વૃદ્ધિ કે ક્ષય (વધઘટ) થતો નથી અને કેવળ મર્યાદા ભાવમાં જ રહેલા વક્તાનો ભાવ કુંડ અથવા વાવના સ્થિર જળ જેવો છે, જે જળ ગરમીથી સૂકાતું નથી અને સ્નાનાદિ સર્વકાર્યમાં સદા ઉપયોગી હોય છે. આવા વક્તાઓનો ભાવ કેવળ શુદ્ધ હેતુ માટે જ હોય છે. સંસારતાપને નિવૃત્ત કરે છે પરંતુ તેઓને પુષ્ટિસ્વરૂપનું જ્ઞાન હોતું નથી.

**અનેકજન્મસંસિદ્ધા, જન્મ પ્રભૃતિ સર્વદા ||૧૨||**
**સંગાદિગુણદોષાભ્યાં, વૃદ્ધિક્ષયયુતા ભુવિ |**
**નિરંતરોદ્ગમયુતા, નદ્યસ્તે પરિકીર્તિતાઃ ||૧૩||**

**અનેકજન્મસંસિદ્ધા** = અનેક જન્મોથી સારી રીતે સિદ્ધ થયેલા, **જન્મ પ્રભૃતિ** = જન્મથી લઈને, **સર્વદા** = હંમેશાં, **સંગાદિગુણદોષાભ્યામ્** = સંગ વગેરેના ગુણદોષોથી, **વૃદ્ધિક્ષયયુતા** = વૃદ્ધિ અને ક્ષયવાળા, **ભુવિ** = ભૂમિ ઉપર, **નિરંતર ઉદગમ યુતા** = નિરંતર જન્મલેવાવાળા (વક્તાઓના ભાવ), **નદ્યઃ તે** = નદી ના જળ સમાન તેઓ, **પરિકીર્તિતાઃ** = કહેવાય છે.

**ભાવાર્થઃ-** જેઓ અનેક જન્મોથી સારી રીતે સિદ્ધ થયા છે પરંતુ ભૂમિ ઉપર જન્મ્યા ત્યારથી હંમેશાં સત્સંગ અને દુસંગ બંને પ્રાપ્ત થવાથી તેમના ગુણ અને દોષોમાં વૃદ્ધિ અને ક્ષય થયા કરે છે, આવા નિરંતર જન્મ લેવાવાળા વક્તાઓનો ભાવ નદીના જળ જેવો છે. જેમ નદીના જળમાં વધઘટ થાય છે, તેમ આવા વક્તાઓના ભાવમાં પણ વધઘટ થયા કરે છે અને તેમનો સંગ ફળરૂપ થતો નથી.

**એતાદશાઃ સ્વતંત્રાશ્ચેત્, સિંધવ પરિકીર્તિતાઃ ।**
**પૂર્ણા ભગવદીયા યે, શેષ-વ્યાસાગ્નિમારુતાઃ ।।૧૪।।**
**જડનારદ મૈત્રાદ્યાસ્તે, સમુદ્રાઃ પ્રકીર્તિતાઃ ।**

**એતાદશાઃ** = ઉપર કહ્યા તેવા, **સ્વતંત્રા** = સ્વતંત્ર, **ચેત્** = હોય તો, **સિંધવ** = મોટી નદી જેવા, **પરિ કીર્તિતાઃ** = કહ્યા છે, **પૂર્ણાઃ** = પૂર્ણ, **ભગવદીયા** = ભગવદીયો, **યે** = તેઓ, **શેષ-વ્યાસ-અગ્નિ-મારુતાઃ** = શેષજી, વ્યાસજી, અગ્નિ, વાયુ, **જડનારદ-મૈત્ર-આદ્યાઃ** = જડભરતજી, નારદજી, મૈત્રેયજી વગેરે, **તે** = તેઓ, **સમુદ્રાઃ** = સમુદ્રો (જેવા), **પ્રકીર્તિતાઃ** =કહ્યા છે

**ભાવાર્થઃ-** ઉપર કહ્યા એવા અનેક જન્મોથી સિદ્ધ થયેલા વકતાઓ સંગદોષની અસરથી સ્વતંત્ર હોય તો તેઓનો ભાવ મોટી નદી જેવો કહ્યો છે. શેષજી, વ્યાસજી, અગ્નિ, વાયુ, જડભરતજી, નારદજી, મૈત્રયજી વગેરે પૂર્ણ ભગવદીયો છે અને તેઓનો ભાવ સમુદ્રના જળ જેવો ગંભીર અને અગાધ છે. આવા ભગવદીયોનો સંગ ઉત્તમફલરૂપ બને છે.

**લોકવેદગુણૈર્મિશ્રભાવેનૈકે હરેર્ગુણાન્ ।।૧૫।**
**વર્ણયન્તિ સમદ્રાસ્તે, ક્ષારાદ્યાઃ ષટ્ પ્રકીર્તિતાઃ ।**

**લોકવેદગુણૈઃ** = લોક અને વેદના ગુણો વડે, **મિશ્ર ભાવેન** = મિશ્ર ભાવથી, **એકૈ** = જે કેટલાક, **હરેઃ ગુણાન્** = શ્રીહરિના ગુણોનું, **વર્ણયન્તિ** = વર્ણન કરે

છે, **સમુદ્રાઃ** = સમુદ્રો , **તે** = તેઓ, **ક્ષાર આદ્યાઃ** = ક્ષાર વગેરે, **ષટ્** = છ પ્રકારના, **પ્રકીર્તિતા** = કહ્યા છે

**ભાવાર્થઃ-** જેઓ લોક અને વેદના ગુણો વડે મિશ્રભાવથી શ્રીહરિના ગુણોનું વર્ણન કરે છે તેવા વકતાઓનો ભાવ ક્ષાર આદિ છ પ્રકારના સમુદ્રોના જેવો કહ્યો છે.

**ગુણાતીતતયા શુદ્ધાન્, સચ્ચિદાનન્દરૂપિણઃ ।।૧૬।।**
**સર્વાનેવ ગુણાન્ વિષ્ણોઃ વર્ણયન્તિ વિચક્ષણાઃ ।**
**તેમૃતોદાઃ સમાખ્યાતાસ્તદ્-વાક્પાનં સુદુર્લભમ્ ।।૧૭।।**

**ગુણાતીતતયા** = ગુણાતીત (નિર્ગુણપણા) થી, **શુદ્ધાન્** = શુદ્ધ, **સચ્ચિદાનંદરૂપિણઃ** = સચ્ચિદાનંદ રૂપવાળા, **સર્વાન્ એવ** = બધા જ, **ગુણાન્** = ગુણોનું, **વિષ્ણોઃ** = શ્રી વિષ્ણુના, **વર્ણયન્તિ** = વર્ણન કરે છે, **વિચક્ષણાઃ** = બુદ્ધિમાન પુરુષો, **તે અમૃતોદાઃ** = તે અમૃત જળ જેવા, **સમાખ્યાતાઃ** = કહેવાય છે, **તદ્ વાકપાનં** = તેમના વચનોનું પાન, **સુદુર્લભમ્** = અતિ દુર્લભ છે.

**ભાવાર્થઃ-** જેઓ ગુણાતીતપણાથી શુદ્ધ સચ્ચિદાનંદરૂપવાળા ભગવાન શ્રીવિષ્ણુ (શ્રીકૃષ્ણ)ના ગુણોનું વર્ણન કરે છે તેવા બુદ્ધિમાન પુરુષો અમૃતના સમુદ્ર જેવા છે. તેમની વાણીરૂપી અમૃતનું પાન અતિ દુર્લભ છે.

**તાદશાનાં ક્વચિદ્વાક્યં, દૂતાનામિવ વર્ણિતમ્ ।**
**અજામિલાકર્ણનવદ્, બિંદુપાનં પ્રકીર્તિતમ્ ।।૧૮।।**

**તાદશાનાં** = એવા તાદશીજનોનું, **કચિદ્ વાકયમ્** = વચન ક્યારેક (સંભળાય), **દૂતાનામ્ ઈવ** = દૂતોની જેમ, **વર્ણિતમ્** = વર્ણન કરેલું છે., **અજામિલાકર્ણનવદ્** = અજામિલે (ભગવદ્નામનું માહાત્મ્ય) સાંભળ્યું એ રીતે, **બિન્દુપાનમ્** = જળબિદુના પાન જેવું, **પ્રકીર્તિતમ્** = કહ્યું છે

**ભાવાર્થઃ-** જેમ વિષ્ણુદૂતોએ વર્ણન કરેલ ભગવદ્ નામના માહાત્મ્યના વાક્યો અજામિલે સાંભળ્યા તેમ તાદશીજનોના વચનો કયારેક સાંભળવા મળે તો તેને અમૃતબિંદુના પાન સમાન કહ્યા છે, કારણકે ભગવદીયોના વચનો સાક્ષાત ભગવાનના જ વચનો સમાન હોય છે.

**રાગાજ્ઞાનાદિ ભાવાનાં, સર્વથા નાશનં યદા ।**
**તદા લેહનમિત્યુક્તં, સ્વાનંદોદ્‍ગમકારણમ્ ॥૧૯॥**

**રાગ-અજ્ઞાન-આદિ-ભાવાનામ્** = પ્રેમ, અજ્ઞાન વગેરે ભાવોના, **સર્વથા** = સર્વપ્રકારે, **નાશનમ્** = નાશ થાય છે, **યદા** = જ્યારે, **તદા** = ત્યારે, **લેહનમ્ ઈતિ ઉકતમ્** = લેહન (ચાટણ) એમ કહેવાય છે, **સ્વ-આનંદ-ઉદ્‍ગમ-કારણમ્** = પોતાના આનંદને ઉત્પન્ન કરવાનું કારણ થાય છે.

**ભાવાર્થઃ-** ઉપર વર્ણવ્યા એવા ભગવદીયો ના વચનો, જ્યારે સંસાર પ્રત્યેનો પ્રેમ, અજ્ઞાન વગેરનો સર્વ પ્રકારે નાશ કરનાર થાય છે ત્યારે તે સ્વરૂપાનંદની ઉત્પત્તિના કારણરૂપ મધુર ચાટણના આસ્વાદ તુલ્ય કહેવાય છે.

**ઉદ્‍ધૃતોદકવત્ સર્વે, પતિતોદકવત્ તથા ।**
**ઉક્તાતિરિક્ત વાક્યાનિ, ફલં ચાપિ તથા તતઃ ॥૨૦॥**

**ઉદ્‍ધૃતોદકવત્** = બહાર કાઢેલા જળની જેમ, **સર્વે** = સર્વ, **પતિતોદકવત્** = પૃથ્વી ઉપર પડેલા જળની જેમ, **તથા** = તથા, **ઉક્ત-અતિરિક્ત-વાક્યાનિ** = કહેલા વચનોથી જુદા વાક્યો, **ફલમ્** = ફળ, **ચ અપિ** = અને પણ, **તથા તતઃ** = તેવું જ થાય

**ભાવાર્થઃ-** ઉપર કહેલા વકતાઓના વચનોથી જુદા વચનો કહેનારા વકતાઓનો ભાવ, જળાશયમાંથી બહાર કાઢેલ જળના જેવો તથા પૃથ્વી ઉપર પડેલા જળ સમાન છે. તેમના વચનોનું ફળ પણ એવું જ મળે છે.

**ઈતિ જીવેન્દ્રિયગતા, નાનાભાવંગતા ભુવિ।**
**રૂપતઃ ફલતશ્ચૈવ, ગુણા વિષ્ણોર્નિરૂપિતાઃ ॥૨૧॥**

**ઈતિ** = આ પ્રમાણે, **જીવ-ઈન્દ્રિય ગતા** = જીવ અને ઈન્દ્રિયો વિશે રહેલા, **નાનાભાવં ગતા** = જુદા જુદા ભાવોને પામેલા, **ભુવિ** = પૃથ્વી ઉપર, **રૂપતઃ** = રૂપથી, **ફલતઃ** = ફળથી, **ચ એવ** = અને, **ગુણા વિષ્ણોઃ** = શ્રીવિષ્ણુ (શ્રીકૃષ્ણ) ના ગુણો, **નિરૂપિતાઃ** = નિરૂપણ કર્યા

**ભાવાર્થઃ-** આ પ્રમાણે રૂપથી અને ફળથી પૃથ્વી ઉપર જુદા જુદા ભાવોને પ્રાપ્ત થયેલા, જીવ અને ઈન્દ્રિયોને વિશે રહેલા ભગવાન શ્રી વિષ્ણુ (શ્રીકૃષ્ણ) ના ગુણોનું નિરૂપણ કર્યું.

**॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિતં જલભેદ સંપૂર્ણ ॥**

# પંચ પદ્યાનિ

**શ્રીકૃષ્ણરસવિક્ષિપ્ત-માનસા રતિવર્જિતાઃ ।**
**અનિર્વૃતા લોકવેદે, મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ ।।૧।।**

**શ્રીકૃષ્ણરસ** = ભગવાન શ્રીકૃષ્ણના રસથી, **વિક્ષિપ્ત** = વિક્ષિપ્ત (વિહ્વળ), **માનસા** = જેમનું મન છે, **રતિ વર્જિતા** = આસક્તિ રહિત, **લોકવેદે** = લોક અને વેદમાં, **અનિર્વૃતા** = આનંદરહિત છે, **તે** = તેઓ, **મુખ્યાઃ** = મુખ્ય (શ્રોતાઓ), **શ્રવણ ઉત્સુકાઃ** = શ્રવણમાં ઉત્સુકતાવાળા

**ભાવાર્થઃ-** જેમનું મન ભગવાન શ્રીકૃષ્ણના ભજનાનંદ રસથી વિક્ષિપ્ત (વિહ્વળ) છે, જેઓ આસક્તિરહિત છે અને લોકવેદમાં આનંદરહિત અર્થાત્ જેમને લૌકિક - વૈદિક કાર્યોમાં આનંદ પ્રાપ્ત થતો નથી એવા ભગવદ્ કથા શ્રવણમાં ઉત્સુકતાવાળા પુષ્ટિમાર્ગીય મુખ્ય (ઉત્તમ) શ્રોતાઓ છે.

**વિક્લિન્નમનસો યે તુ, ભગવત્સ્મૃતિ વિહ્વલાઃ ।**
**અર્થૈક નિષ્ઠાસ્તે ચાપિ, મધ્યમાઃ શ્રવણોત્સુકાઃ ।।૨।।**

**વિક્લિન્ન મનસઃ** = ભગવાન શ્રીકૃષ્ણની કથામાં પ્રેમયુક્ત આ આર્દ્રમન છે, **યે** = જેમનું, **તુ** = તોપણ, **ભગવત્સ્મૃતિ** = ભગવાન શ્રીકૃષ્ણની સ્મૃતિથી, **વિહ્વલાઃ** = વિહ્વળ થાય છે, **અર્થૈક નિષ્ઠાઃ** = અર્થમાત્રમાં નિષ્ઠાવાળા છે, **તે** = તેઓ, **ચ અપિ** = અને પણ, **મધ્યમાઃ** = મધ્યમ (અધિકારીઓ) છે, **શ્રવણ ઉત્સુકાઃ** = શ્રવણમાં ઉત્સુકતાવાળા

**ભાવાર્થઃ-** જેઓનું મન ભગવાન શ્રીકૃષ્ણની કથામાં પ્રેમયુક્ત/આર્દ્ર થયું છે અને ભગવત્સ્મૃતિથી જેઓ વિહ્વળ થાય છે તોપણ તેમની આ વિહ્વળતા સદા ટકતી નથી પરંતુ અર્થમાત્ર (અર્થ, મોક્ષ વગેરે પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં) નિષ્ઠા પણ ધરાવે છે એવા ભગવદ્ ગુણગાનના શ્રવણમાં ઉત્સુકતાવાળા મર્યાદા પુષ્ટિમાર્ગીય મધ્યમ શ્રોતાઓ છે.

**નિઃસંદિગ્ધં કૃષ્ણતત્ત્વં, સર્વભાવેન યે વિદુઃ ।**
**તે ત્વાવેશાત્તુ વિકલા, નિરોધાદ્વા ન ચાન્યથા ।।૩।।**

**પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિન્ન તુ સર્વદા ।**
**અન્યાસકતાસ્તુ યે કેચિદધમાઃ પરિકીર્તિતાઃ ॥૪॥**

**નિઃસંદિગ્ધં** = સંદેહરહિત, **કૃષ્ણ તત્ત્વમ્** = શ્રીકૃષ્ણરૂપ તત્વને, **સર્વભાવેન** = સર્વભાવથી, **યે** = જેઓ, **વિદુઃ** = જાણે છે, **તે તુ** =તેઓ તો, **આવેશાત્** = આવેશથી, **વા** = અથવા, **નિરોધાત્** = નિરોધથી, **વિકલાઃ** = વિકલ (થાય છે), **ન ચ અન્યથા** = પરંતુ અન્ય પ્રકારે (વિકલ હોતા) નથી, **પૂર્ણભાવેન** = પૂર્ણભાવથી, **પૂર્ણ અર્થાઃ** = પૂર્ણ અર્થવાળા હોય છે, **કદાચિત્** = ક્યારેક, **ન તુ સર્વદા** = સર્વદા એવા નથી, **અન્યાસકતાઃ તુ** = અન્યમાં આસક્તિવાળા તો, **યે** = જેઓ, **કેચિત્** = કેટલાક, **અધમાઃ** = અધમ (શ્રોતાઓ), **પરિકીર્તિતાઃ** = કહેલા છે

**ભાવાર્થઃ-** જેઓ સંદેહરહિત થઈને શ્રીકૃષ્ણરૂપ તત્ત્વને સર્વભાવથી જાણે છે તેઓ ભગવદ્ કથાનું શ્રવણ કરતાં આવેશથી અથવા નિરોધથી વિકલ (વિહ્વળ) બની જાય છે, પરંતુ બીજી કોઈ રીતે વિકલ બનતા નથી. આવા જીવો ફરીથી લૌકિક-વૈદિકમાં આસકત થઈ જાય છે પરંતુ જ્યારે તેઓ ફરીથી ભગવદ્ ગુણાનુવાદ શ્રવણ કરવામાં પૂર્ણભાવથી મગ્ન થાય છે ત્યારે અલ્પ સમય માટે ફરીથી પૂર્ણ અર્થવાળા બની જાય છે તેમની આવી સ્થિતિ સર્વદા સ્થિર હોતી નથી. તેઓ લૌકિક-વૈદિક કાર્યોમાં પણ આસક્તિ રાખે છે. આથી તેઓને મર્યાદામાર્ગીય અધમ શ્રોતાઓ કહેલા છે.

**અનન્ય મનસો મર્ત્યા, ઉત્તમાઃ શ્રવણાદિષુ ।**
**દેશ-કાલ દ્રવ્ય કર્તૃ મંત્ર કર્મ પ્રકારતઃ ॥૫॥**

**અનન્ય મનસઃ** = અનન્ય મનવાળા, **મર્ત્યા** = મરણશીલ મનુષ્યો, **ઉત્તમાઃ** = ઉત્તમ (છે), **શ્રવણાદિષુ** = શ્રવણ આદિ ભક્તિમાં, **દેશ-કાલ-દ્રવ્ય-કર્તૃ-મંત્ર-કર્મ-પ્રકારતઃ** = દેશ, કાળ,દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ-આ છ પ્રકારની (શુદ્ધિથી),

**ભાવાર્થઃ-** દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ - આ છ પ્રકારની શુદ્ધિ થી શ્રવણાદિ ભક્તિમાં જે મનુષ્યો અનન્ય મનવાળા હોય છે તે મર્યાદામાર્ગીય ઉત્તમ શ્રોતા હોય છે.

**॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતાનિ 'પંચપદ્યાનિ' સંપૂર્ણમ્ ॥**

# સંન્યાસ નિર્ણય

**પશ્ચાત્તાપ નિવૃત્ત્યર્થં, પરિત્યાગો વિચાર્યતે ।**
**સ માર્ગદ્વિતયે પ્રોક્તો, ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ॥૧॥**

**પશ્ચાત્તાપ** = પશ્ચાત્તાપ, **નિવૃત્ત્યર્થમ્** = દૂર કરવા માટે, **પરિત્યાગ** = પરિત્યાગ (સંન્યાસ) નો, **વિચાર્યતે** = વિચાર કરવામાં આવે છે, **સ** = તે, **માર્ગ દ્વિતયે** = બે માર્ગોમાં, **પ્રોક્તઃ** = કહેલો છે, **ભક્તૌ** = ભક્તિમાર્ગમાં, **જ્ઞાને** = જ્ઞાનમાર્ગમાં, **વિશેષતઃ** = વિશેષ પ્રકારથી

**ભાવાર્થઃ–** કલિયુગમાં સંન્યાસ આચરવો કઠિન છે અને ભૂલથી સ્વીકારી લીધા પછી તેનો પશ્ચાત્તાપ ન કરવો પડે તે માટે સંન્યાસ (પરિત્યાગ) નો વિચાર કરવામાં આવે છે. આ સંન્યાસ વિશેષ કરીને ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગમાં કહેલો છે.

**કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ ।**
**અત આદૌ ભક્તિમાર્ગે, કર્તવ્યત્વાદ્ વિચારણા ॥૨॥**

**કર્મમાર્ગે** = કર્મમાર્ગમાં (ત્યાગ), **ન કર્તવ્યઃ** = કરવો ન જોઈએ, **સુતરામ્** = સારી રીતે, **કલિકાલતઃ** = કલિકાળ હોવાના લીધે, **અત** = આથી, **આદૌ** = આરંભમાં, **ભક્તિમાર્ગે** = ભક્તિમાર્ગમાં, **કર્તવ્યત્વાદ્** = (ત્યાગ) કરવા યોગ્ય હોવાથી, **વિચારણા** = વિચાર કરવામાં આવે છે

**ભાવાર્થઃ–** કલિકાળ હોવાના લીધે કર્મમાર્ગમાં ત્યાગ (સંન્યાસ) કર્તવ્યરૂપ નથી. આથી આરંભમાં (પ્રથમ) ભક્તિમાર્ગમાં કરવા યોગ્ય અર્થાત્ આચરવા યોગ્ય ભક્તિમાર્ગીય સંન્યાસનો વિચાર કરવામાં આવે છે.

**શ્રવણાદિ પ્રસિદ્ધ્યર્થં, કર્તવ્યશ્ચેત્ સ નેષ્યતે ।**
**સહાયસંગસાધ્યત્વાત્, સાધનાનાં ચ રક્ષણાત્ ॥૩॥**

**શ્રવણાદિ** = શ્રવણ વગેરેમાં, **પ્રસિદ્ધ્યર્થમ્** = સારી રીતે થઈ શકે તે માટે, **કર્તવ્યઃ** = (ત્યાગ) કરવો, **ચેત્** = (એમ કોઈ કહે) તો, **સ ન ઈષ્યતે** = તે ઈચ્છવા યોગ્ય નથી, **સહાય–સંગ–સાધ્યત્વાત્** = (શ્રવણ વગેરે ભક્તિ) સહાય અને સંગથી સાધ્ય થઈ શકે એવી છે., **સાધનાનામ્ ચ** = અને સાધનોનું,

**રક્ષણાત્** = રક્ષણ કરવું જોઈએ

**ભાવાર્થઃ-** શ્રવણ આદિ ભક્તિ સારી રીતે થઈ શકે તે માટે ત્યાગ (સંન્યાસ) કરવો જોઈએ. એમ જો કોઈ કહે તો તે પક્ષ ઈચ્છવા યોગ્ય નથી, કારણકે શ્રવણ આદિ ભક્તિની સિદ્ધિ ભક્તોની સહાય અને સંગથી થાય છે. આ માટે સત્સંગ જેવા સાધનોનું રક્ષણ કરવું જોઈએ. પરંતુ સંન્યાસમાં આવા સત્સંગ વગેરે સાધનો થઈ શકતા નથી, કારણ કે સંન્યાસ ધર્મો તથા શ્રવણાદિ ભક્તિના ધર્મો વચ્ચે વિરોધ છે.

**અભિમાનાન્નિયોગાચ્ચ, તદ્ધર્મૈશ્ચ વિરોધતઃ ।**
**ગૃહાદેર્બાધકત્વેન, સાધનાર્થં તથા યદિ ।।૪।।**
**અગ્રેપિ તાદશૈરેવ, સંગો ભવતિ નાન્યથા ।**
**સ્વયં ચ વિષયાક્રાન્તઃ પાષંડી સ્યાત્તુ કાલતઃ ।।૫।।**

**અભિમાનાત્** = અભિમાનના લીધે, **ન નિયોગાત્** = શાસ્ત્રની આજ્ઞાને લીધે નથી, **તદ્ ધર્મૈઃ** = તે ધર્મોથી, **ચ** = અને, **વિરોધતઃ** = વિરુદ્ધ હોવાથી, **ગૃહાદેઃ** = ગૃહ વગેરે, **બાધકત્વેન** = બાધક હોવાના લીધે, **સાધનાર્થમ્** = સાધન અર્થે, **તથા** = તથા, **યદિ** = જો, **અગ્રે અપિ** = આગળ (ભવિષ્યમાં) પણ, **તાદશૈઃ એવ** = તેવાઓની સાથે જ, **સંગ** = સંગ, **ભવતિ** = થશે, **ન અન્યથા** = બીજા પ્રકારે (ભગવદીયોનો સંગ) થશે નહિ, **સ્વયં** = પોતે, **ચ** = અને, **વિષયાક્રાંત** = વિષયોથી ઘેરાયેલો (વિષયાસકત), **પાષંડી** = પાખંડી, **સ્યાત્ તુ** = થાય તો, **કાલતઃ** = કાલને લીધે

**ભાવાર્થઃ-** સંન્યાસ લીધા પછી અભિમાન આવે છે. આથી સંન્યાસ માટે શાસ્ત્રમાં કહેલ આજ્ઞાપાલન અને શ્રવણ આદિ ભક્તિમાર્ગના ધર્મો વચ્ચે વિરોધ છે. ગૃહ, કુટુંબ વગેરે શ્રવણાદિ ભક્તિ માટેના સાધન પ્રાપ્ત કરવામાં બાધક છે. તેથી જો સંન્યાસ લેવાનું વિચારવામાં આવે તોપણ સંન્યાસ લીધા પછી તેને ગૃહાદિમાં આસકત થયેલાઓનો જ સંગ થશે, પરંતુ ભગવદીયોનો સંગ થશે નહિ. આથી તે સ્વયં સાંસારિક વિષયોથી ઘેરાઈ જઈ, કાળબળે પાખંડી બને છે.

**વિષયાક્રાન્ત દેહાનાં, નાવેશઃ સર્વદા હરેઃ ।।**
**અતોત્ર સાધને ભક્તૌ, નૈવ ત્યાગઃ સુખાવહઃ ।।૬।।**

**વિષયાક્રાંત દેહાનામ્** = વિષયોથી ઘેરાયેલા દેહવાળાઓને, **ન આવેશઃ** = આવેશ થતો નથી, **સર્વદા** = હંમેશાં, **હરેઃ** = શ્રીહરિમાં, **અતઃ અત્ર** = તેથી અહીં, **સાધને** = સાધન દશામાં, **ભક્તૌ** = ભક્તિમાર્ગમાં, **ન એવ** = નથી જ, **ત્યાગઃ** = ત્યાગ, **સુખાવહઃ** = સુખકારક

**ભાવાર્થઃ-** વિષયોથી ઘેરાયેલા દેહવાળાઓમાં શ્રીહરિ-ભગવાન શ્રીકૃષ્ણનો આવેશ સર્વદા (કોઈ પણ સમયે) થતો નથી. આથી અહીં ભક્તિમાર્ગની સાધનદશામાં ત્યાગ (સંન્યાસ) સુખકારક થતો નથી.

**વિરહાનુભવાર્થં તુ, પરિત્યાગઃ પ્રશસ્યતે ।**
**સ્વીયબંધનિવૃત્યર્થં વેશઃ સોત્ર ન ચાન્યથા ॥૭॥**

**વિરહ-અનુભવ-અર્થમ્** = ભગવાનના વિરહના અનુભવ માટે, **તુ** = તો, **પરિત્યાગઃ** = પરિત્યાગ (સંન્યાસ) ની, **પ્રશસ્યતે** = પ્રશંસા કરવામાં આવે છે, **સ્વીયબંધ** = સ્વકીયજનોના બંધનો, **નિવૃત્યર્થમ્** = દૂર કરવા માટે, **વેશઃ** = વેશ, **સ અત્ર** = તે અહીં (છે), **ન ચ અન્યથા** = બીજા પ્રકારે નથી

**ભાવાર્થઃ-** ભગવદ્ વિરહના અનુભવને માટે પરિત્યાગ (સંન્યાસ) ની પ્રશંસા કરવામાં આવે છે. અહીં સ્વકીયજનો અર્થાત્ સ્ત્રી, પુત્ર વગેરેના મોહરૂપી બંધનો દૂર કરવા માટે સંન્યાસીનો વેશ હોય છે, ભક્તિમાર્ગમાં બીજા કોઈ કારણ માટે તે ઉપયોગી નથી.

**કૌણ્ડિન્યૌ ગોપિકાઃ પ્રોક્તાઃ, ગુરવઃ સાધનં ચ તત્ ।**
**ભાવો ભાવનયા સિદ્ધઃ, સાધનં નાન્યદિષ્યતે ॥૮॥**

**કૌણ્ડિન્યઃ** = કૌણ્ડિન્ય ઋષિ, **ગોપિકાઃ** = શ્રીગોપીજનો, **પ્રોકતાઃ** = કહેલા છે, **ગુરવઃ** = ગુરુઓ, **સાધનમ્** = સાધન (છે), **ચ** = અને, **તત્** = તે, **ભાવઃ** = ભાવ (સ્નેહ/પ્રેમ), **ભાવનયા** = ભાવના વડે , **સાધનમ્** = સાધન, **ન અન્યત્ ઈષ્યતે** = બીજું અપેક્ષિત નથી

**ભાવાર્થઃ-** મર્યાદામાર્ગમાં કૌન્ડિન્ય ઋષિ અને પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીગોપીજનોને ગુરુ કહેલા છે. તેઓએ જે સાધન દ્વારા ભક્તિ કરી તે જ સાધન છે. ભાવના કરવાથી ભાવ (સ્નેહ/પ્રેમ) સિદ્ધ થાય છે, બીજું કોઈ સાધન અપેક્ષિત નથી.

**વિકલત્વં તથાસ્વાસ્થ્યં, પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ ।**
**જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં, વર્તમાનસ્ય બાધકાઃ ॥૯॥**

**વિકલત્વમ્** = વિકલપણું, **તથા** = તથા, **અસ્વાસ્થ્યમ્** = અસ્વસ્થપણું, **પ્રકૃતિઃ** = (વિરહનો) સ્વભાવ છે, **પ્રાકૃતમ્** = (તે) પ્રાકૃત, **ન હિ** = નથી જ, **જ્ઞાનમ્** = જ્ઞાન, **ગુણાઃ ચ** = અને ગુણો, **તસ્ય એવમ્** = તેને જ, **વર્તમાનસ્ય** = વર્તનારાઓને (જેને વિરહ સિદ્ધ થયો છે એવા), **બાંધકાઃ** = બાધક છે.

**ભાવાર્થઃ–** વિકલપણું અને અસ્વસ્થપણું વિરહનો સ્વભાવ છે, તે પ્રાકૃત નથી જ. આવો વિરહ જેમને સિદ્ધ થાય, તેમને ભગવદ્ સંબંધી જ્ઞાન અને ગુણો બાધક બને છે. અર્થાત્ વિરહદશામાં જ્ઞાન અને ગુણો હૃદયમાં રહી શકતા નથી.

**સત્યલોકે સ્થિતિર્જ્ઞાનાત્, સંન્યાસેન વિશેષિતાત્ ।**
**ભાવના સાધનં યત્ર, ફલં ચાપિ તથા ભવેત્ ॥૧૦॥**

**સત્યલોકે** = સત્યલોકમાં, **સ્થિતિઃ** = સ્થિતિ (થાય છે), **જ્ઞાનાત્** = જ્ઞાનથી, **સંન્યાસેન** = સંન્યાસથી, **વિશેષિતાત્** = વિશેષ પ્રકારથી, **ભાવના** = ભાવના, **સાધનં** = સાધન (છે), **યત્ર** = જ્યાં, **ફલમ્** = ફળ, **ચ અપિ** = અને પણ, **તથા** = તે પ્રકારે, **ભવેત્** = થાય છે

**ભાવાર્થઃ–** સંન્યાસથી ઉત્તમ રીતે જ્ઞાન થતાં સત્યલોકમાં સ્થિતિ થાય છે. જ્યાં ભાવનારૂપી ભક્તિ સાધન છે ત્યાં ભગવદ્ દર્શનની પ્રાપ્તિ એ જ ફળ છે.

**તાદૃશાઃ સત્યલોકાદૌ, તિષ્ઠંત્યેવ ન સંશયઃ ।**
**બહિશ્ચેત્પ્રકટઃ સ્વાત્મા, વહ્નિવત્પ્રવિશેદ્યદિ ॥૧૧॥**
**તદૈવ સકલો બંધો, નાશમેતિ ન ચાન્યથા ।**

**તાદૃશાઃ** = તેવા લોકો, **સત્યલોકાદૌ** = સત્યલોક આદિમાં, **તિષ્ઠન્તિ એવ** = રહે છે જ, **ન સંશયઃ** = સંશય નથી, **બહિઃ ચેત્ પ્રકટઃ** = એવી રીતે બહાર જો પ્રકટ થઈને, **સ્વાત્મા** = પોતાના આત્મા (શ્રીહરિ), **વહ્નિ વત્** = અગ્નિની જેમ, **પ્રવિશેત્ યદિ** = જો અંદર પ્રવેશ કરે, **તદા એવ** = ત્યારે જ, **સકલૌ** = બધા, **બન્ધઃ** = બંધનો, **નાશમ્ એતિ** = નાશ પામે છે, **ન ચ અન્યથા** = અને બીજા પ્રકારે નહિ

**ભાવાર્થ:-** ઉપર કહ્યા તેવા પ્રબળ જ્ઞાનવાળા સંન્યાસીઓ સત્યલોક આદિમાં રહે છે એમાં સંશય નથી. જેવી રીતે કાષ્ઠની ભીતર રહેલો અગ્નિ કાષ્ઠને બાળી શકતો નથી પરંતુ તે જ્યારે પ્રકટ થઈને કાષ્ઠની અંદર પ્રવેશ કરે ત્યારે જ કાષ્ઠ અગ્નિરૂપ થઈ જાય છે. તેવી રીતે ભક્તિમાર્ગમાં સર્વાત્મા શ્રીહરિ વિરહ ભાવના વડે ભક્તના હૃદયમાંથી બહાર પ્રકટ થઈને પાછા ભક્તના હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે જ ભક્તના બધા બંધનો નાશ પામે છે, બીજા કોઈ પ્રકારે નાશ પામતા નથી.

**ગુણાસ્તુ સંગરાહિત્યાજ્જીવનાર્થં ભવન્તિ હિ ।।૧૨।।**

**ગુણાઃ તુ** = ગુણો તો, **સંગરાહિત્યાત્** = સંગરહિત હોવાને લીધે, **જીવનાર્થમ્** = જીવન અર્થે, **ભવન્તિ હિ** = હોય છે જ

**ભાવાર્થ:-** વિરહભાવવાળા ભગવદીયોનો સંગ ન હોવાને લીધે, ભગવાનના ગુણો તો જીવનનિર્વાહ માટે જ હોય છે.

**ભગવાન્ ફલરૂપત્વાન્નાત્ર બાધક ઈષ્યતે ।**
**સ્વાસ્થ્યવાક્યં ન કર્તવ્યં, દયાલુર્ન વિરુધ્યતે ।૧૩।।**
**દુર્લભોઽયં પરિત્યાગઃ, પ્રેમ્ણા સિધ્યયતિ નાન્યથા ।**

**ભગવાન્** = ભગવાન શ્રીકૃષ્ણ, **ફલરૂત્વાત્** = ફલરૂપ હોવાને લીધે, **ન અત્ર બાધક** = અહીં બાધક નથી, **ઈષ્યતે** = ઈચ્છેલા, **સ્વાસ્થ્ય** = (ભગવાન દ્વારા) સ્વસ્થપણું કરાવનારા, **વાકયમ્** = વચન, **ન કર્તવ્યમ્** = કર્તવ્ય નથી (કારણકે), **દયાલુઃ** = (ભગવાન) દયાળુ છે, **ન વિરુધ્યતે** = વિરુદ્ધ કરતા નથી, **દુર્લભઃ અયમ્** = આ દુર્લભ છે, **પરિત્યાગઃ** = પરિત્યાગ (સંન્યાસ), **પ્રેમ્ણાઃ** = પ્રેમથી, **સિધ્યતિ** = સિદ્ધ થાય છે, **ન અન્યથા** = બીજા પ્રકારે નહિ

**ભાવાર્થ:-** ભક્તિમાર્ગમાં ભગવાન શ્રીકૃષ્ણ ફળરૂપ છે. આથી બાધક (પ્રતિબંધરૂપ) થતા નથી. ભક્તને સ્વસ્થપણું કરાવનારા વચન કર્તવ્ય નથી, કારણકે ભગવાન દયાળુ છે. આથી દયાળુપણાથી વિરુદ્ધ કરતા નથી. આ ભક્તિમાર્ગીય પરિત્યાગ (સંન્યાસ) દુર્લભ છે અને પ્રેમથી જ સિદ્ધ થાય છે, બીજા કોઈ પ્રકારે નહિ.

**જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો, દ્વિવિધોપિ, વિચારિતઃ ।।૧૪।।**
**જ્ઞાનાર્થમુત્તરાંગં ચ, સિદ્ધિર્જન્મશતૈઃ પરમ્ ।**
**જ્ઞાનં ચ સાધનાપેક્ષં, યજ્ઞાદિશ્રવણાન્મતમ્ ।।૧૫।।**

**જ્ઞાનમાર્ગે** = જ્ઞાનમાર્ગમાં, **તુ** = તો, **સંન્યાસ** = સંન્યાસ, **દ્વિવિધઃ અપિ** = બે પ્રકારનો પણ, **વિચારિતઃ** = વિચાર કરેલો છે, **જ્ઞાનાર્થમ્-ઉત્તરાંગમ્-ચ** = જ્ઞાન માટે અને જ્ઞાનના ઉત્તર અંગરૂપ (સંન્યાસ માટે), **સિદ્ધિઃ** = સિદ્ધિ, **જન્મશતૈઃ** = સેંકડો જન્મ, **પરમ્** = પછી (થાય છે), **જ્ઞાનમ્** = જ્ઞાન, **ચ** = અને, **સાધન-અપેક્ષમ્** = (જ્ઞાન) સાધનની અપેક્ષાવાળુ (છે), **યજ્ઞાદિ-શ્રવણાત્** = યજ્ઞ આદિના શ્રવણથી, **મતમ્** = માનેલું છે.

**ભાવાર્થઃ-** જ્ઞાનમાર્ગમાં તો બે પ્રકારના સંન્યાસનો વિચાર કરવામાં આવ્યો છે : (૧) જ્ઞાન મેળવવા માટે અને (૨) જ્ઞાન થયા પછી તેના અંગરૂપ સંન્યાસ માટે. પરંતુ જ્ઞાનીને મુક્તિરૂપી સિદ્ધિ સેંકડો જન્મો પછી મળે છે. વળી જ્ઞાન સાધનની અપેક્ષાવાળું છે. યજ્ઞ આદિના શ્રવણથી ચિત્તશુદ્ધિ થતાં જ્ઞાન થાય છે એમ માનેલું છે.

**અતઃ કલૌ સ સંન્યાસઃ, પશ્ચાત્તાપાય નાન્યથા ।**
**પાષંડિત્વં ભવેચ્ચાપિ, તસ્માજ્જ્ઞાને ન સંન્યસેત્ ।।૧૬।।**
**સુતરાં કલિદોષાણાં, પ્રબલત્વાદિતિ સ્થિતિઃ ।**

**અતઃ** = આથી, **કલૌ** = કલિયુગમાં, **સ** = તે, **સંન્યાસઃ** = સંન્યાસ, **પશ્ચાત્તાપાય** = પશ્ચાતાપ કરાવનાર (થાય છે), **ન અન્યથા** = બીજું કંઈ (શુભ ફળ) આપતો નથી, **પાષંડિત્વમ્** = પાખંડીપણું, **ભવેત્ ચ અપિ** = અને થાય પણ, **તસ્માત્** = તેથી, **જ્ઞાને** = જ્ઞાનમાર્ગમાં, **ન સંન્યસેત્** = સંન્યાસ લેવો નહિ, **સુતરામ** = અતિશય, **કલિદોષાણામ્** = કલિકાળના દોષો, **પ્રબલત્વાત્** = પ્રબળ હોવાથી, **ઈતિ** = આ પ્રકારે, **સ્થિતિઃ** = સ્થિતિ છે/નિશ્ચય કરેલો છે

**ભાવાર્થઃ-** આથી કળિયુગમાં તો આવો સંન્યાસ પશ્ચાત્તાપ કરાવનાર થાય છે, બીજું કોઈ શુભ ફળ આપતો નથી. તેનાથી પાંખડીપણું પણ થાય છે. કળિયુગમાં દોષો પ્રબળ હોવાથી, જ્ઞાનમાર્ગમાં સંન્યાસ લેવો નહિ. આ પ્રકારે સ્થિતિ છે અર્થાત્ નિશ્ચય કરેલો છે.

**ભક્તિમાર્ગે પિ ચેત્ દોષઃ, તદા કિં કાર્યમુચ્યતે ।।૧૭।।**

**ભક્તિમાર્ગે અપિ** = ભક્તિમાર્ગમાં પણ, **ચેત્ દોષઃ** = જો (કલિ) દોષ (આવી જાય), **તદા** = ત્યારે, **કિમ્** = શું, **કાર્યમ્** = કાર્ય કરવું, **ઉચ્યતે** = તે કહીએ છીએ

**ભાવાર્થઃ-** ભક્તિમાર્ગમાં પણ જો કલિકાળના દોષો આવી જાય, ત્યારે શું કાર્ય કરવું તે કહીએ છીએ.

**અત્રારંભે ન નાશઃ સ્યાત્, દૃષ્ટાંતસ્યાપ્યભાવતઃ ।**
**સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાત્, બાધઃ કેનાસ્ય સમ્ભવેત્ ।।૧૮।।**

**અત્ર** = અહીં (ભક્તિમાર્ગમાં), **આરંભે** = આરંભમાં, **ન નાશઃ સ્યાત્** = નાશ થતો નથી, **દૃષ્ટાંતસ્ય-અપિ-અભાવતઃ** = દૃષ્ટાંતનો અભાવ પણ હોવાથી, **સ્વાસ્થ્ય હેતોઃ** = સ્વસ્થપણાના હેતુથી, **પરિત્યાગાત્** = પરિત્યાગ થતો હોવાથી, **બાધઃ** = બાધ. **કેન** = કોનાથી, **અસ્ય** = આનો, **સંભવેત્** = સંભવે ?

**ભાવાર્થઃ-** અહીં ભક્તિમાર્ગીય સંન્યાસની આરંભદશામાં નાશ થતો નથી, કારણકે નાશ થયાના દૃષ્ટાંતનો પણ અભાવ જોવા મળે છે. ભક્તિમાર્ગીય સંન્યાસમાં સ્વસ્થપણાના હેતુથી પરિત્યાગ થતો હોવાથી, આનો નાશ કોનાથી થવાનું સંભવે? અર્થાત્ કોઈ વિઘ્નની સંભાવના રહેતી નથી.

**હરિરત્ર ન શકનોતિ, કર્તું બાધાં કુતોપરે ।**
**અન્યથા માતરો બાલાન્, ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્ ।। ૧૯ ।।**

**હરિઃ અત્ર** = અહીં શ્રીહરિ (ભગવાન શ્રીકૃષ્ણ), **ન શકનોતિ કર્તુમ્** = કરી શકતા નથી, **બાધામ્** = બાધ (પ્રતિબંધ), **કુતઃ** = ક્યાંથી કરી શકે , **અપરે** = બીજાઓ, **અન્યથા** = એમ ન હોય તો, **માતરઃ** = માતાઓએ, **બાલાન્** = બાળકોને, **ન સ્તન્યૈઃ પુપુષુઃ** = સ્તનપાનથી પોષણ ન કર્યું હોત, **કવચિત્** = ક્યારે પણ

**ભાવાર્થઃ-** અહીં ભક્તિમાર્ગમાં ભગવાન શ્રીકૃષ્ણ બાધ (પ્રતિબંધ) કરી શકતા નથી, તો બીજો કોઈ કેવી રીતે બાધ કરી શકે? જો ભગવાન કદાચિત્ પોતાના ભક્તોને બાધ કરે તો તે માતાઓ પોતાના બાળકોને સ્તનપાન કરાવીને પોષણ

આપે નહિ એવું થયું કહેવાય, જે ક્યારે પણ સંભવિત નથી.

**‘‘જ્ઞાનિનામપિ’’ વાક્યેન, ન ભક્તં મોહયિષ્યતિ ।**
**આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ, કિમર્થં મોહયિષ્યતિ ।।૨૦।।**

**જ્ઞાનિનામ્ અપિ** = જ્ઞાનીઓના પણ, **વાક્યેન** = વચનોથી, **ન** = નહિ, **ભક્તમ્** = ભક્તને, **મોહયિષ્યતિ** = મોહ થશે, **આત્મપ્રદઃ** = પોતાના સ્વરૂપનું દાન કરનાર (ભગવાન), **પ્રિયઃ ચ અપિ** = અને પ્રિય પણ, **કિમ અર્થમ** = ક્યા હેતુ માટે, **મોહયિષ્યતિ** = મોહ કરશે

**ભાવાર્થઃ-** માર્કંડેય પુરાણમાં કહ્યું છે કે ‘‘જ્ઞાનીઓના ચિત્તને સમર્થદેવી બળાત્કારે ખેંચીને પણ મોહમાં નાખે છે.’’ - આવા વચનો કેવળ જ્ઞાનીના ચિત્તને મોહ કરવા સંબંધી છે પરંતુ ભક્તને મોહ થશે નહિ. તો પછી પોતાના સ્વરૂપનું દાન કરનાર અને પ્રિય એવા ભગવાન શ્રીકૃષ્ણ ક્યા હેતુ માટે પોતાના ભક્તોને મોહ કરશે ?

**તસ્માદુક્ત-પ્રકારેણ, પરિત્યાગો વિધીયતામ્ ।**
**અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદિતિ મે નિશ્ચિતા મતિઃ ।।૨૧।।**

**તસ્માત્** = તેથી, **ઉક્ત પ્રકારેણ** = કહેલા પ્રકારથી, **પરિત્યાગઃ** = પરિત્યાગ (ભક્તિમાર્ગીય સંન્યાસ), **વિધીયતામ્** = કરવો, **અન્યથા** = નહિ તો, **ભ્રશ્યતે** = ભ્રષ્ટ થાય છે, **સ્વાર્થાત્** = સ્વાર્થથી, **ઈતિ** = એવી, **મે** = મારી, **નિશ્ચિતા** = નિશ્ચિત, **મતિ** = મતિ (અભિપ્રાય) છે

**ભાવાર્થઃ-** તેથી ઉપર કહેલા પ્રકારથી ભગવદ્ વિરહના અનુભવ અર્થે ભક્તિમાર્ગીય સંન્યાસ (પરિત્યાગ) લેવો. જો આ પ્રકારે ન કરે તો સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. એવી મારી (શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની) નિશ્ચિત મતિ છે.

**ઈતિ કૃષ્ણપ્રસાદેન, વલ્લભેન વિનિશ્ચિતમ્ ।**
**સંન્યાસવરણં ભક્તાવન્યથા પતિતો ભવત્ ।।૨૨।।**

**ઈતિ** = આ પ્રકારે, **કૃષ્ણ પ્રસાદેન** = ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી, **વલ્લભેન** = શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ, **વિનિશ્ચિતમ્** = વિશેષ પ્રકારે નિર્ણય કરેલો છે, **સન્યાસવરણમ્** = સંન્યાસના વરણનો, **ભકતૌ** = ભક્તિમાર્ગમાં, **અન્યથા** =

નહિ તો (બીજા પ્રકારે), **પતિતઃ ભવેત્** = પતિત થાય છે.

**ભાવાર્થઃ-** આ પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ભક્તિમાર્ગમાં વિશેષ પ્રકારથી સંન્યાસના વરણનો નિર્ણય કરેલો છે. આ સિવાય અન્ય કોઈ પ્રકારે સંન્યાસ લેનાર પતિત થાય છે.

**।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં સંન્યાસનિર્ણયઃ સંપૂર્ણમ્ ।।**

*

# નિરોધલક્ષણ

**યચ્ચ દુઃખં યશોદાયા, નંદાદીનાં ચ ગોકુલે ।**
**ગોપિકાનાં તુ યદ્ દુઃખં, તદ્ દુઃખં સ્યાન્મમ કવચિત્ ।।૧।।**

**યત્ ચ દુઃખમ્** = જે દુઃખ અને, **યશોદાયા** = શ્રીયશોદાજીને, **નંદાદીનામ્** = શ્રીનંદરાયજી આદિને, **ચ** = અને, **ગોકુલે** = શ્રીગોકુલમાં, **ગોપિકાનામ્** = શ્રીગોપીજનોને (થયું હતું), **તુ** = પણ, **યત્ દુઃખમ્** = તે દુઃખ, **સ્યાત્ મમ** = મને થાઓ, **કવચિત્** = ક્યારેક

**ભાવાર્થઃ-** શ્રીઠાકોરજીના વિરહનું જે દુઃખ શ્રીયશોદાજી, શ્રીનંદરાયજી આદિ અને શ્રીગોપીજનોને શ્રીગોકુલમાં થયું હતું, તે દુઃખ મને પણ ક્યારેક થાઓ.

**ગોકુલે ગોપિકાનાં તુ, સર્વેષાં વ્રજવાસિનામ્ ।**
**યત્ સુખં સમભૂત્ તન્મે, ભગવાન્ કિં વિધાસ્યતિ ।।૨।।**

**ગોકુલે** = શ્રીગોકુલમાં, **ગોપિકાનામ્** = શ્રીગોપીજનોને, **તુ** = પણ, **સર્વેષામ્** = બધા જ, **વ્રજવાસિનામ્** = શ્રીવ્રજજનોને, **યત્ સુખમ્** = જે સુખ, **સમભૂત** = સારી રીતે થયું, **તત્ મે** = તે સુખ મને, **ભગવાન્** = ભગવાન શ્રીકૃષ્ણ, **કિમ્** = શું, **વિધાસ્યતિ** = આપશે ?

**ભાવાર્થઃ-** શ્રીગોકુલમાં શ્રીગોપીજનો તથા સર્વ શ્રીવ્રજજનોને ભગવાન શ્રીકૃષ્ણના પ્રાકટ્યથી જે સુખ સારી રીતે મળ્યું હતું, તે સુખ ભગવાન મને શું આપશે ?

**ઉદ્ધવાગમને જાત, ઉત્સવઃ સુમહાન્ યથા ।**
**વૃંદાવને ગોકુલે વા, તથા મે મનસિ ક્વચિત્ ।।૩।।**

**ઉદ્ધવ-આગમને** = ઉદ્ધવજી (વ્રજમાં) પધાર્યા ત્યારે, **જાત** = થયો , **ઉત્સવ** = ઉત્સવ, **સુમહાન** = સારો અને મહાન, **યથા** = જેવો, **વૃંદાવને** = શ્રીવૃંદાવનમાં, **ગોકુલે** = શ્રીગોકુલમાં, **વા** = અથવા, **તથા** = તેવો, **મે** = મારા, **મનસિ** = મનમાં, **કવચિત્** = કોઈક વાર (થાઓ)

**ભાવાર્થઃ-** જ્યારે ઉદ્ધવજી પધાર્યા ત્યારે શ્રીવૃંદાવનમાં અથવા શ્રીગોકુલમાં જેવો સારો મહાન ઉત્સવ થયો હતો તેવો ઉત્સવ મારા મનમાં કોઈકવાર થાઓ.

**મહતાં કૃપયા યાવદ્, ભગવાન્ દયયિષ્યતિ ।**
**તાવદાનંદસંદોહઃ, કીર્ત્યમાનઃ સુખાય હિ ।।૪।।**

**મહતામ્** = મોટાઓની, **કૃપયા** = કૃપા વડે, **યાવદ્** = જ્યાં સુધી, **ભગવાન્** = ભગવાન શ્રીકૃષ્ણ, **દયિષ્યતિ** = દયા કરશે, **તાવદ્** = ત્યાં સુધી, **આનંદસંદોહ** = આનંદનો સમૂહ, **કીર્ત્યમાનઃ** = જેનું કીર્તન કરવામાં આવે (તે), **સુખાય** = સુખરૂપ, **હિ** = નિશ્ચય (થાય છે)

**ભાવાર્થઃ-** મોટાઓ (ભગવદીયો) ની કૃપાથી જ્યાં સુધી ભગવાન આપણા ઉપર દયા કરે ત્યાંસુધી આનંદના સમૂહરૂપ ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનું કીર્તન કરવામાં આવે તો તે નિશ્ચય સુખરૂપ થાય છે.

**મહતાં કૃપયા યદ્વત્, કીર્તનં સુખદં સદા ।**
**ન તથા લૌકિકાનાં તુ, સ્નિગ્ધભોજન રૂક્ષવત્ ।।૫।।**

**મહતામ્** = મોટાઓની, **કૃપયા** = કૃપા વડે, **યદ્ વત્** = જેવી રીતે, **કીર્તનમ્** = (ભગવાન શ્રીકૃષ્ણનું) કીર્તન, **સુખદમ્** = સુખ આપનાર (થાય છે), **સદા** = સદા, **ન** = (સુખ આપતું) નથી, **તથા લૌકિકાનામ્** = તેવી રીતે લૌકિકજનોનું (કીર્તન), **તુ** = તો, **સ્નિગ્ધ ભોજન** = સ્નિગ્ધ (ઘીવાળું) ભોજન, **રૂક્ષવત્** = લૂખું લાગે તેમ

**ભાવાર્થઃ-** જેવી રીતે મોટાઓ (ભગવદીયો) ની કૃપાથી ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનું કીર્તન સદા સુખ આપનાર થાય છે તેવી રીતે લૌકિકજનોનું કીર્તન

સુખ આપતું નથી. જેમ ઘીવાળું (સ્નિગ્ધ) ભોજન શરીરને પોષણ આપે છે પરંતુ લૂખું ભોજન પોષણ આપતું નથી એમ સમજવું.

**ગુણગાને સુખાવાપ્તિઃ, ગોવિદસ્ય પ્રજાયતે ।**
**યથા તથા શુકાદીનાં, નૈવાત્મનિ કુતોન્યતઃ ॥૬॥**

**ગુણગાને** = ગુણગાનમાં, **સુખાવાપ્તિઃ** = સુખની પ્રાપ્તિ, **ગોવિદસ્ય** = ગોવિદ (ભગવાન શ્રીકૃષ્ણ)ના, **પ્રજાયતે** = થાય છે, **યથા** = જેવી, **તથા** = તેવી, **શુકાદીનામ્** = શ્રીશુકદેવજી આદિના, **ન-એવ-આત્મનિ** = આત્મા (હૃદય) માં થતી નથી જ, **કુતઃ** = = ક્યાંથી થાય , **અન્યતઃ** = બીજા કોઈ પ્રકારે

**ભાવાર્થઃ-** ભગવદીયોના સંગમાં ભગવાન શ્રીકૃષ્ણ-ગોવિદના ગુણગાનમાં જેવી સુખની પ્રાપ્તિ થાય છે તેવી શ્રીશુકદેવજી આદિ જ્ઞાનીઓના હૃદયમાં થતી નથી, તો પછી બીજા ભક્તિ રહિત હૃદયવાળાઓને કોઈપણ પ્રકારે ક્યાંથી થાય?

**કિલશ્યમાનાન્ જનાન્ દષ્ટ્વા, કૃપાયુક્તો યદા ભવેત્ ।**
**તદા સર્વં સદાનંદં, હૃદિસ્થં નિર્ગતં બહિઃ ॥૭॥**

**કિલશ્યમાનાન્** = કલેશ પામતા, **જનાન્** = નિજ્જનોને, **દષ્ટ્વા** = જોઈને, **કૃપાયુક્ત** = કૃપાવાળા, **યદા** = જ્યારે, **ભવેત્** = થાય (છે), **તદા** = ત્યારે, **સર્વમ્** = પૂર્ણ, **સદાનંદં** = સદાનંદ ભગવાન શ્રીકૃષ્ણ, **હૃદિસ્થં** = હૃદયમાં રહેલા, **નિર્ગતમ્** = પ્રકટ થાય છે, **બહિઃ** = બહાર

**ભાવાર્થઃ-** પોતાની પ્રાપ્તિ માટે કલેશ પામતા નિજ્જનોને જોઈને, જ્યારે ભગવાન કૃપાવાળા થાય છે ત્યારે હૃદયમાં રહેલા પૂર્ણ સદાનંદ ભગવાન શ્રીકૃષ્ણ બહાર પ્રકટ થાય છે.

**સર્વાનંદમયસ્યાપિ, કૃપાનંદઃ સુદુર્લભઃ ।**
**હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા, પૂર્ણઃ પ્લાવયતે જનાન્ ॥૮॥**

**સર્વ-આનંદમયસ્ય-અપિ** = પૂર્ણ આનંદમય એવા ભગવાન શ્રીકૃષ્ણનો પણ, **કૃપાનંદ** = કૃપારૂપી આનંદ, **સુદુર્લભઃ** = સારી રીતે દુર્લભ છે, **હૃદ્ગતઃ** = હૃદયમાં બિરાજતા (ભગવાન શ્રીકૃષ્ણ), **સ્વગુણાન્** = પોતાના ગુણોને, **શ્રુત્વા** = (ભક્તમુખે ગવાતા) સાંભળીને, **પૂર્ણઃ** = કૃપાપૂર્ણ થઈને, **પ્લાવયતે** =

ભીંજવે છે/નિમગ્ન કરે છે, **જનાન્** = (પોતાના) જનોને

**ભાવાર્થઃ-** પૂર્ણ આનંદમય એવા ભગવાન શ્રીકૃષ્ણનો કૃપારૂપી આનંદ પ્રાપ્ત થવો પણ દુર્લભ છે. ભક્તોના હૃદયમાં બિરાજતા શ્રીકૃષ્ણ પોતાના ગુણો ભક્તમુખે ગવાતા સાંભળીને કૃપાથી પરિપૂર્ણ થઈને પોતાના જનોને આનંદરૂપી રસમાં નિમગ્ન કરે છે અર્થાત્ ભીંજવે છે.

**તસ્માત્ સર્વં પરિત્યજય, નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ ।**
**સદાનંદપરૈર્ગેયાઃ, સચ્ચિદાનંદતા તતઃ ॥૯॥**

**તસ્માત્** = તેથી, **સર્વમ્** = સર્વનો, **પરિત્યજય** = પરિત્યાગ કરીને, **નિરુદ્ધૈઃ** = નિરોધપૂર્વક, **સર્વદા** = સર્વદા, **ગુણાઃ** = (શ્રીપ્રભુના) ગુણોને, **સદાનંદ-પરૈઃગેયા** = સદાનંદ શ્રીકૃષ્ણમાં પરાયણ થઈને ગાવા, **સચ્ચિદાનંદતા** = સત્-ચિત્-આનંદપણું, **તતઃ** = તેથી (થાય છે)

**ભાવાર્થઃ-** તેથી સર્વનો પરિત્યાગ કરીને અર્થાત્ પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસકત બનીને, નિરોધપૂર્વક સર્વદા ભગવાન શ્રીકૃષ્ણમાં પરાયણ થઈને ભગવાનના ગુણોનું ગાન કરવું તેથી આનંદપણું પ્રાપ્ત થાય છે.

**અહં નિરુદ્ધો રોધેન, નિરોધપદવીં ગતઃ ।**
**નિરુદ્ધાનાં તુ રોધાય, નિરોધં વર્ણયામિ તે ॥૧૦॥**

**અહં** = હું (શ્રીમદ્વલ્લભાચાર્યજી), **નિરુદ્ધઃ** = નિરુદ્ધ, **રોધેન** = સંયમ (ઈન્દ્રિય નિગ્રહ)થી, **નિરોધ પદવીમ્** = નિરોધની પદવીને, **ગતઃ** = પ્રાપ્ત થયો છું, **નિરુદ્ધાનામ્** = (આધુનિક) નિરોધમાર્ગીયોના, **તુ** = તો, **રોધાય** = નિરોધના માટે, **વર્ણયામિ** = વર્ણન કરું છું, **તે** = તે

**ભાવાર્થઃ-** સંયમ (ઈન્દ્રિયનિગ્રહ) કરીને હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) નિરુદ્ધ અર્થાત્ ભગવદાસકત થયો છું. તેથી નિરોધની પદવીને પ્રાપ્ત થયો છું. આથી આધુનિક નિરોધમાર્ગીયો ને ભગવદ્ આસક્તિરૂપ નિરોધ થાય તે માટે નિરોધનું વર્ણન કરું છું.

**હરિણા યે વિનિર્મુક્તાસ્તે મગ્ના ભવસાગરે ।**
**યે નિરુદ્ધાસ્ત એવાત્ર, મોદમાયાન્ત્યહર્નિશમ્ ॥૧૧॥**

**હરિણા** = શ્રીહરિ (ભગવાન શ્રીકૃષ્ણ)એ, **યે** = જેઓનો, **વિર્નિમુક્તા** = વિશેષ કરીને મુક્ત (ત્યાગ) કર્યો છે, **તે** = તેઓ, **મગ્ના** = મગ્ન થઈ ગયા છે, **ભવસાગરે** = સંસારરૂપી સાગરમાં, **યે** = જેઓ, **નિરુદ્ધાઃ** = (ભગવાનમાં) નિરોધ પામ્યા છે તેઓને, **એવ અત્ર** = અહીં જ, **મોદ-આયાન્તિ-અહર્નિશમ્** = અહર્નિશ આનંદ પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થઃ-** શ્રીહરિ-ભગવાન શ્રીકૃષ્ણે જેઓનો વિશેષ કરીને ત્યાગ કર્યો છે તેઓ સંસારરૂપી સાગરમાં મગ્ન થઈ ગયા છે અર્થાત્ ડૂબી ગયા છે. જેઓ ભગવાનમાં નિરોધ પામ્યા છે એટલે કે જેઓ ભગવદાસકત છે તેઓને અહીં જ અહર્નિશ આનંદ પ્રાપ્ત થાય છે.

**સંસારાવેશ દુષ્ટાનાં, ઈન્દ્રિયાણાં હિતાય વૈ ।**
**કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ, ભૂમ્ન ઈશસ્ય યોજયેત્ ।।૧૨।।**

**સંસાર-આવેશ-દુષ્ટાનામ્** = સંસારના આવેશથી દુષ્ટ થયેલી, **ઈન્દ્રિયાણામ્** = ઈન્દ્રિયોના, **હિતાય** = હિતને માટે, **વૈ** = નિશ્ચયપૂર્વક, **કૃષ્ણસ્ય** = ભગવાન શ્રીકૃષ્ણમાં, **સર્વ વસ્તુનિ** = સર્વ વસ્તુઓને, **ભૂમ્ન** = સર્વ વ્યાપક, **ઈશસ્ય** = ઈન્દ્રિયોના સ્વામી (સર્વ નિયંતા), **યોજયેત્** = યોજવી

**ભાવાર્થઃ-** સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઈન્દ્રિયોના હિતને માટે સર્વ વસ્તુઓને સર્વનિયંતા અને સર્વવ્યાપક એવા ભગવાન શ્રીકૃષ્ણમાં નિશ્ચયપૂર્વક યોજવી અર્થાત્ સર્વ વસ્તુઓનો વિનિયોગ કરાવવો સર્વ વસ્તુઓનું સમર્પણ કરવુ.

**ગુણેષ્વાવિષ્ટ ચિત્તાનાં, સર્વદા મુરવૈરિણઃ ।**
**સંસારવિરહક્લેશૌ, ન સ્યાતાં હરિવત્સુખમ્ ।।૧૩।।**

**ગુણેષુ-આવિષ્ટ** = ગુણોમાં એકતાન, **ચિત્તાનામ્** = (જેઓનું) ચિત્ત થયું છે (એવા ભક્તોને), **સર્વદા** = હંમેશાં, **મુરવૈરિણઃ** = મુરદૈત્યના શત્રુ-ભગવાન શ્રીકૃષ્ણના, **સંસાર-વિરહ-કલેશૌ** = અહંતા-મમતારૂપી સંસાર અને ભગવવિરહ જનિત કલેશ, **ન સ્યાતામ્** = થતો નથી, **હરિવત્** = શ્રીહરિની જેમ, **સુખમ્** = સુખ

**ભાવાર્થઃ-** મુરદૈત્યના શત્રુ-ભગવાન શ્રીકૃષ્ણના ગુણગાનમાં જેઓનું ચિત્ત હંમેશાં એકતાન થયું છે એવા ભક્તોનો અહંતા-મમતારૂપી સંસાર તથા ભગવદ્ વિરહજનિત કલેશ થતો નથી, પરંતુ તેઓને શ્રીહરિના જેવું સુખ મળે છે.

**તદા ભવેદ્ દયાલુત્વમ્, અન્યથા ક્રૂરતા મતા ।**
**બાધશંકાપિ નાસ્ત્યત્ર, તદધ્યાસોપિ સિધ્યતિ ।।૧૪।।**

**તદા** = (ઉપર કહ્યા પ્રમાણે) ત્યારે, **ભવેદ્** = થાય, **દયાલુત્વમ** = દયાળુપણું, **અન્યથા** = નહિ તો, **ક્રૂરતા મતા** = ક્રૂરપણું જાણવું, **બાધશંકા-અપિ** = બાધની શંકા પણ, **ન-અસ્તિ-અત્ર** = અહીં નથી, **તદ્-અધ્યાસ-અપિ** = તે અધ્યાસ પણ, **સિદ્ધયતિ** = સિદ્ધ થાય છે

**ભાવાર્થઃ-** ઉપર કહ્યા પ્રમાણે ભગવદ્ ગુણગાન થાય ત્યારે ભગવાનની દયા સમજવી. પરંતુ ગુણગાન કરતાં ચિત્તમાં ભગવદાવેશ ન થાય તો પ્રભુની દયા નથી પણ ક્રૂરતા જાણવી. જેઓ ભગવદ્ ગુણગાનથી નિરુદ્ધ થયા છે તેઓના નિરોધના બાધપણાની અહીં શંકા પણ નથી, કારણકે આવા નિરુદ્ધ ભક્તોને અત્યંત ભગવદાસક્તિના લીધે જ પોતાના દેહાદિમાં પણ પ્રભુનો જ અધ્યાસ સિદ્ધ થાય છે અર્થાત્ પ્રભુ પોતાનાથી ભિન્ન સ્ફુરાયમાન થતા નથી.

**ભગવદ્ ધર્મસામર્થ્યાદ્વિરાગો વિષયે સ્થિરઃ ।**
**ગુણૈર્હરેઃ સુખસ્પર્શાત્, દુઃખં ભાતિ કર્હિચિત્ ।।૧૫।।**

**ભગવદ્ ધર્મ** = ભગવદ્ ધર્મોના, **સામર્થ્યાત્** = સામર્થ્યથી, **વિરાગઃ** = વૈરાગ્ય, **વિષયે** = વિષયમાં, **સ્થિર** = સ્થિર (થાય છે), **ગુણૈઃ** = ભગવદ્ ગુણગાનથી, **હરૈઃ** = શ્રીહરિ (ભગવાન શ્રીકૃષ્ણ)ના, **સુખસ્પર્શાત્** = સુખદ સ્પર્શથી, **દુઃખમ્** = દુઃખ, **ન ભાતિ** = અનુભવાતું નથી, **કર્હીચિત્** = ક્યારે પણ

**ભાવાર્થઃ-** ભગવદ્ ધર્મોના સામર્થ્યથી વિષયમાં વૈરાગ્ય સ્થિર થાય છે. ભગવદ્ ગુણગાનથી શ્રીહરિ - ભગવાન શ્રીકૃષ્ણનો સુખદ સ્પર્શ થવાથી, દુઃખ ક્યારે પણ અનુભવાતું નથી.

**એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગાદુત્કર્ષ ગુણવર્ણને ।**
**અમત્સરૈરલુબ્ધૈશ્ચ, વર્ણનીયાઃ સદા ગુણાઃ ।।૧૬।।**

**એવં** = આ પ્રમાણે, **જ્ઞાત્વા** = જાણીને, **જ્ઞાનમાર્ગાત્** = જ્ઞાનમાર્ગથી, **ઉત્કર્ષમ્** = (ભક્તિમાર્ગનો) ઉત્કર્ષ, **ગુણવર્ણને** = ભગવદ્ ગુણોનું વર્ણન કરવામાં, **અમત્સરૈઃ અલુબ્ધૈઃ ચ** = ઈર્ષ્યાનો ત્યાગ કરી અને લોભરહિત થઈને, **વર્ણનીયા** = વર્ણન કરવું, **સદા** = સદા, **ગુણાઃ** = ભગવદ્ગુણોનું

**ભાવાર્થઃ-** આ પ્રમાણે ભગવદ્ ગુણોનું વર્ણન (ગાન) કરવામાં જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગનો ઉત્કર્ષ (શ્રેષ્ઠતા) જાણીને, ઈર્ષ્યાનો ત્યાગ કરી અને લોભ રહિત થઈને, સદા ભગવાનના ગુણોનું વર્ણન કરવું.

**હરિમૂર્તિઃ સદા ધ્યેયા, સંકલ્પાદપિ તત્ર હિ ।**
**દર્શનં સ્પર્શનં સ્પષ્ટં, તથા કૃતિ ગતી સદા ॥૧૭॥**

**હરિમૂર્તિઃ** = દુખ હરનાર (શ્રીહરિ) ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપનું, **સદા ધ્યેયા** = સદા ધ્યાન કરવું. **સંકલ્પાત્ અપિ** = (ભગવદ્ભાવના) સંકલ્પમાત્રથી પણ, **તત્ર હિ** = નિશ્ચિતરૂપથી ત્યાં (તે સ્વરૂપમાં), **દર્શનમ્ - સ્પર્શનમ્** = દર્શન અને સ્પર્શ, **સ્પષ્ટમ્** = સ્પષ્ટ છે, **તથા** = તથા, **કૃતિગતી** = (હાથ-પગ વગેરેના) કાર્યો અને ગતિ, **સદા** = નિરંતર

**ભાવાર્થઃ-** ભક્તોના દુખ હરનાર ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપનું નિશ્ચિતરૂપથી સદા ધ્યાન કરવું. તે સ્વરૂપમાં ભગવદ્ ભાવના સંકલ્પમાત્રથી દર્શન અને સ્પર્શ કરવાનું સ્પષ્ટ રીતે થાય છે, તથા એ રીતે હાથ-પગ વગેરે ઈન્દ્રિયોના કાર્યો અને ગતિ સદા સ્પષ્ટ છે અર્થાત્ હાથ વડે ભગવદ્ સેવા અને પગ વડે ભગવદ્ સેવાર્થે ગતિ/જવું વગેરે કાર્યો કરવાં.

**શ્રવણં કીર્તનં સ્પષ્ટં, પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ ।**
**પાયોર્મલાંશત્યાગેન, શેષભાગં તનૌ નયેત્ ॥૧૮॥**

**શ્રવણમ્** = (ભગવલીલાનું) શ્રવણ, **કીર્તનમ્** = કીર્તન, **સ્પષ્ટમ્** = સ્પષ્ટરૂપથી (કરવા), **પુત્રે** = પુત્રની કામના માટે, **કૃષ્ણપ્રિયે** = શ્રીકૃષ્ણને પ્રિય હોય એવા, **રતિઃ** = સ્નેહ (રાખવો), **પાયોઃ** = પાયુ (મળત્યાગની) ઈન્દ્રિય (વડે), **મલાંશ ત્યાગેન** = મળના અંશનો ત્યાગ કરીને, **શેષભાગં** = શેષ ભાગને, **તનૌ** = શરીરમાં, **નયેત્** = પ્રાપ્ત કરવો/સેવામાં યોજવો

**ભાવાર્થ:-** ભગવદ્‌લીલાનું શ્રવણ અને કીર્તન સ્પષ્ટ રૂપથી કરવા. ભગવાન શ્રીકૃષ્ણને પ્રિય એવા પુત્રાદિમાં પ્રીતિ કરવી. અર્થાત્ ભગવદ્ સેવોપયોગી પુત્રપ્રાપ્તિની કામનાનો હેતુ રાખવો, પાયુ વગેરે ઈન્દ્રિયોથી મળત્યાગ વડે, દેહને શુધ્ધ કરીને, શરીરના બાકીના અવયવોને ભગવદ્ સેવામાં યોજવા.

**યસ્ય વા ભગવત્કાર્યં, યદા સ્પષ્ટં ન દૃશ્યતે ।**
**તદા વિનિગ્રહસ્તસ્ય, કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ ।।૧૯।।**

**યસ્ય** = જેનું (જે ઈન્દ્રિયનું), **વા** = અથવા, **ભગવત્કાર્યમ્** = ભગવદ્ સંબંધી કાર્ય, **યદા** = જયારે, **સ્પષ્ટમ્** = સ્પષ્ટરૂપથી, **ન દૃશ્યતે** = ન દેખાય, **તદા** = ત્યારે, **વિનિગ્રહઃ** = વિશેષ રૂપથી નિગ્રહ, **તસ્ય** = તેનો, **કર્તવ્ય** = કરવો, **ઈતિ** = એ પ્રકારે, **નિશ્ચય** = નિશ્ચય છે

**ભાવાર્થ:-** અથવા જે ઈન્દ્રિયનું ભગવદ્ સંબંધી કાર્ય સ્પષ્ટ રૂપથી ન દેખાય તેનો વિશેષ નિગ્રહ કરવો અર્થાત તેના ઉપર વિશેષ સંયમ રાખવો એ પ્રકારે નિશ્ચય છે.

**નાતઃ પરતરો મંત્રો, નાતઃ પરતરઃ સ્તવઃ ।**
**નાતઃ પરતરા વિદ્યા, તીર્થં નાતઃ પરાત્પરમ્ ।।૨૦।।**

**ન અતઃ** = આથી નથી, **પરતરઃ** = શ્રેષ્ઠતર, **મંત્રઃ** = મંત્ર, **ન અતઃ** = આથી નથી, **પરતરઃ** = શ્રેષ્ઠતર, **સ્તવઃ** = સ્તુતિ, **ન અતઃ** = આથી નથી, **પરતરઃ** = શ્રેષ્ઠતર, **વિદ્યા** = વિદ્યા, **તીર્થમ્** = તીર્થ, **ન અતઃ** = આથી નથી, **પરાત્પરમ્** = શ્રેષ્ઠથી શ્રેષ્ઠ

**ભાવાર્થ:-** આ નિરોધથી શ્રેષ્ઠતર કોઈ મંત્ર નથી, આનાથી શ્રેષ્ઠતર કોઈ સ્તુતિ નથી. આનાથી શ્રેષ્ઠતર કોઈ વિદ્યા નથી આનાથી શ્રેષ્ઠથી શ્રેષ્ઠ કોઈ તીર્થ નથી.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં નિરોધલક્ષણ સંપૂર્ણમ્ ।।**

*

# સેવાફલ

**યાદશી સેવના પ્રોક્તા, તત્સિદ્ધૌ ફલમ્ ઉચ્યતે ।**
**અલૌકિકસ્ય દાનેહિ, ચાદ્યઃ સિદ્ધયેન્મનોરથઃ ।।૧।।**
**ફલં વા હ્યધિકારો વા, ન કાલોત્ર નિયામકઃ ।**

**યાદશી** = જે પ્રકારની, **સેવના** = ભગવદ્ સેવા, **પ્રોકતા** = ઉત્તમ રીતે કહેલી છે, **તત્ સિદ્ધૌ** = તે સિદ્ધ થાય તે માટે, **ફલમ્ ઉચ્યતે** = ફલ કહેવાય છે, **અલૌકિકસ્ય** = અલૌકિક (સામર્થ્ય)ના, **દાને હિ** = દાનમાં તો, **ચ આદ્ય** = અને મુખ્ય (ફલરૂપ), **સિદ્ધયેત્** = સિદ્ધ થાય છે, **મનોરથઃ** = મનોરથ, **ફલમ્** = (સાયુજ્યરૂપી) ફલ, **વા** = અથવા, **અધિકારઃ** = (સેવોપયોગી દેહનો) અધિકાર, **વા** = અથવા, **ન કાલ અત્ર** = અહીં કાલ થતો નથી, **નિયામકઃ** = નિયામક

**ભાવાર્થઃ–** અગાઉના ગ્રંથોમાં જે પ્રકારે સેવા ઉત્તમ રીતે કહેલી છે તે સિદ્ધ થવા માટે ફલ કહેવામાં આવે છે. જ્યારે ભગવાન અલૌકિક સામર્થ્યરૂપી ફળનું દાન કરે છે ત્યારે સેવાકર્તાનો મુખ્ય ફલરૂપ મનોરથ સિદ્ધ થાય છે. સાયુજ્ય રૂપી ફલ અથવા વૈકુંઠમાં (નિત્યલીલામાં) સેવોપયોગી દેહના અધિકારરૂપી ફલ સિદ્ધ કરવામાં આ માર્ગમાં કાલ નિયામક નથી. કેવળ ભગવઈચ્છા અને ભગવદ્ કૃપા જ નિયામક છે.

**ઉદ્વેગઃ પ્રતિબંધો વા, ભોગો વા સ્યાત્તુ બાધકમ્ ।।૨।।**

**ઉદ્વેગઃ** = ઉદ્વેગ, **પ્રતિબંધઃ** = પ્રતિબંધ, **વા** = અથવા, **ભોગઃ** = ભોગ, **વા** = અથવા, **સ્યાત્ તુ** = પણ થાય છે, **બાધકઃ** = બાધક

**ભાવાર્થઃ–** ભગવદ્ઈચ્છા ન હોય તો સેવામાં ઉદ્વેગ, પ્રતિબંધ અથવા ભોગ પણ બાધક થાય છે.

**અકર્તવ્યં ભગવતઃ સર્વથા ચેદ્ગતિર્ન હિ ।**
**યથા વા તત્ત્વનિર્ધારો, વિવેકઃ સાધનં મતમ્ ।।૩।।**

**અકર્તવ્યમ્** = ફળદાન કરવાનું ન હોય, **ભગવતઃ** = ભગવાનને, **સર્વથા** = સર્વ પ્રકારે/કોઈ, પણ પ્રકારે, **ચેત્** = જો, **ગતિઃ** = ઉપાય, **ન હિ** = નથી જ, **યથા** = જેવી રીતે, **વા** = અથવા, **તત્ત્વનિર્ધારઃ** = તત્ત્વનિર્ધાર (તત્ત્વનો નિર્ણય),

**વિવેકઃ** = વિવેક, **સાધનમ્** = સાધન, **મતમ્** = માનેલું છે

**ભાવાર્થઃ-** જો ભગવાનને સર્વપ્રકારે/કોઈપણપ્રકારે ફળદાન કરવાની ઈચ્છા નહોય તો બીજો ઉપાય નથી જ. તે સમયે જીવ આસુરાવેશી છે એવો તત્ત્વનિર્ધાર કરવો અથવા વિવેક રાખવો તેને સાધન માનેલું છે.

**બાધકાનાં પરિત્યાગો, ભોગોપ્યેકં તથા પરમ્ ।**
**નિષ્પ્રત્યૂહં મહાન્ ભોગઃ પ્રથમે વિશતે સદા ।।૪।।**

**બાધકાનામ્** = (સેવામાં) બાધકોનો, **પરિત્યાગઃ** = પરિત્યાગ (કરવો), **ભોગે અપિ એકમ્** = ભોગમાં પણ એકનો, **તથા** = તેવી રીતે, **પરમ્** = ઉત્તમ, **નિષ્પ્રત્યૂહમ્** = વિઘ્નરહિત/નિર્દુષ્ટ, **મહાન્** = મહાન, **ભોગઃ** = ભોગ, **પ્રથમે** = (સેવાના) પ્રથમ ફલમાં, **વિશતે** = સમાવેશ થાય છે, **સદા** = સદા

**ભાવાર્થઃ-** સેવામાં બાધક હોય તેનો પરિત્યાગ કરવો. ભોગમાં પણ એક એટલે લૌકિક ભોગ અને પ્રતિબંધો પૈકી-લૌકિક (સાધારણ) પ્રતિબંધનો ત્યાગ કરવો. ઉત્તમ અને વિઘ્નરહિત જે મહાન અલૌકિક ભોગ છે તેનો તો સેવાના પ્રથમ ફલ-અલૌકિક સામર્થ્યમાં સદા સમાવેશ થાય છે.

**સવિઘ્નોલ્પો ઘાતકઃ સ્યાદ્, બલાદેતૌ સદા મતૌ ।**
**દ્વિતીયે સર્વથા ચિંતા, ત્યાજ્યા સંસાર નિશ્ચયાત્ ।।૫।।**

**સવિઘ્ન** = (લૌકિક ભોગ) વિઘ્નકર્તા, **અલ્પઃ** = અલ્પ (ક્ષણિક/નાશવંત), **ઘાતકઃ સ્યાત્** = ઘાતક થાય છે, **બલાત્** = બળપૂર્વક, **એ તૌ** = એ બંને (લૌકિક ભોગ અને સાધારણ પ્રતિબંધ), **સદા મતૌ** = સદા (ઘાતક) માનેલા છે, **દ્વિતીયે** = બીજા (ભગવત્કૃત પ્રતિબંધ) માં, **સર્વથા ચિંતા** = સર્વ પ્રકારે ચિંતાનો, **ત્યાજ્યા** = ત્યાગ કરવો, **સંસાર નિશ્ચયાત્** = સંસાર ભોગવવાનું નિશ્ચિત છે.

**ભાવાર્થઃ-** લૌકિક ભોગ વિઘ્નકર્તા અને અલ્પ (ક્ષણિક/નાશવંત) છે, અને ઘાતક છે. સાધારણ પ્રતિબંધ પણ બળપૂર્વક ઘાતક છે. આ બંને-લૌકિક ભોગ અને સાધારણ પ્રતિબંધનો ત્યાગ કરવો. બીજા ભગવત્કૃત પ્રતિબંધમાં ભગવદ્ઈચ્છા અનુસાર સંસાર ભોગવવાનું નિશ્ચિત હોવાથી, સર્વ પ્રકારે ચિંતાનો ત્યાગ કરવો.

**નન્વાદ્યે દાતૃતા નાસ્તિ, તૃતીયે બાધકં ગૃહમ્ ।**
**અવશ્યેયં સદા ભાવ્યા, સર્વમન્યન્મનો ભ્રમઃ ॥૬॥**

**નનુ આદ્યે** = ખરેખર પ્રથમ ફળ (અલૌકિક સામર્થ્ય) માં, **દાતૃતા** = દાન કરવાની ઈચ્છા, **ન અસ્તિ** = નથી, **તૃતીયે** = ત્રીજામાં, **બાધકમ્ ગૃહમ્** = ગૃહ બાધક છે, **અવશ્ય ઈયમ્** = પોતાને આધીન (વશ) નથી એવી, **સદા** = સદા, **ભાવ્યા** = ભાવના કરવી, **સર્વમ્ અન્યત્** = બીજું બધું, **મનોભ્રમઃ** = મનનો ભ્રમ છે.

**ભાવાર્થઃ–** સેવા કરતાં પ્રથમ ફલ એટલે અલૌકિક સામર્થ્ય પ્રકટ ન થતું હોય તો ખરેખર ભગવદ્ ઈચ્છા ફલદાન કરવાની નથી. ત્રીજા લૌકિક ભોગમાં ગૃહ બાધકરૂપ છે. આમ સેવામાં ત્રણે પ્રકારના ફલ અને પ્રતિબંધો પોતાને આધીન (વશ) નથી પરંતુ ભગવાન જ ફલદાતા છે એવી સદા ભાવના કરવી. બીજું બધું મનનો ભ્રમ છે.

**તદીયૈરપિ તત્ કાર્યં, પુષ્ટૌ નૈવ વિલંબયેત્ ।**
**ગુણક્ષોભેપિ દ્રષ્ટવ્યમેતદેવેતિ મે મતિઃ ॥૭॥**
**કુસૃષ્ટિરત્ર વા કાચિદુત્પદ્યેત સ વૈ ભ્રમઃ ॥૭-૧/૨॥**

**તદીયૈઃ અપિ** = તદીયોએ પણ, **તત્ કાર્યમ્** = તે કાર્ય કરવું, **પુષ્ટૌ** = પુષ્ટિમાર્ગમાં, **ન એવ** = નથી જ, **વિલંબયેત્** = વિલંબ કરતા, **ગુણક્ષોભે અપિ** = (સત્ત્વાદિ) ગુણોના ક્ષોભમાં પણ, **દ્રષ્ટવ્યમ્-એતત્-એવ-ઈતિ** = એ જ પ્રકારે જોવું, **મે મતિઃ** = મારી (શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની) મતિ છે., **કુસૃષ્ટિઃ અત્ર** = અહીં કુસૃષ્ટિ (સંશય કરવાની વૃત્તિ/કુવિચારો), **વા** = અથવા, **કાચિત્ ઉત્પદ્યત્** = કોઈ પણ પ્રકારના ઉત્પન્ન થાય, **સ** = તે, **વૈ** = નિશ્ચય, **ભ્રમઃ** = ભ્રમ છે

**ભાવાર્થઃ–** તદીયોએ પણ આ ભાવના વિચારીને તે પ્રમાણે કાર્ય કરવું. ભગવાન શ્રીકૃષ્ણ પુષ્ટિમાર્ગમાં ફલદાન કરવા વિલંબ કરતા નથી જ. સત્ત્વાદિ ગુણોને લીધે ક્ષોભ (વિકાર) ઉત્પન્ન થાય ત્યારે પણ ભગવત્કૃત પ્રતિબંધ એટલે ભગવાને ફલદાનમાં વિલંબ વિચાર્યો છે એમ સમજવું. એવી મારી (શ્રીમદ્ વલ્લભાચાર્યજીની) મતિ અભિપ્રાય છે. અહીં કોઈ પણ પ્રકારની કુસુષ્ટિ (કુવિચાર અથવા સંશય કરનારી વૃત્તિ) ઉત્પન્ન થાય તો તે નિશ્ચય ભ્રમ છે.

**॥ ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં સેવાફલમ્ સંપૂર્ણમ્॥**

# સેવાફલ વિવરણ (ગદ્યમાં)

**સેવાયાં ફલત્રયમ્ । અલૌકિક સામર્થ્યમ્ । સાયુજ્યમ્ । સેવોપયોગિ દેહો વા વૈકુંઠાદિષુ ।।**

**સેવાયામ્** = સેવામાં ('સેવાના' એમ નથી), **ફલત્રયમ્** = ત્રણ ફલ છે, **અલૌકિક સામર્થ્યમ્** = અલૌકિક સામર્થ્ય, **સાયુજયમ્** = સાયુજ્ય, **સેવોપયોગિ દેહઃ** = સેવામાં ઉપયોગી દેહ, **વા** = અથવા, **વૈકુંઠાદિષુ** = વૈકુંઠ આદિમાં

**ભાવાર્થઃ–** સેવામાં ત્રણ ફલ છે : (૧) અલૌકિક સામર્થ્ય (૨) સાયુજ્ય અથવા (૩) વૈકુંઠ આદિમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ.

**સેવાયાં પ્રતિબંધક ત્રયમ્ । ઉદ્વેગઃ પ્રતિબંધો ભોગો વા । ત્રયાણાં સાધન પરિત્યાગઃ કર્તવ્યઃ ।।**

**સેવાયામ્** = સેવામાં(સેવાનું ફળ નહિ), **પ્રતિબંધક ત્રયમ્** = પ્રતિબંધ ત્રણ છે, **ઉદ્વેગઃ** = ઉદ્વેગ, **પ્રતિબંધઃ** = પ્રતિબંધ, **વા** = અથવા, **ભોગઃ** = ભોગ, **ત્રયાણામ્** = ત્રણેના, **સાધન પરિત્યાગઃ** = સાધનોનો પરિત્યાગ, **કર્તવ્યઃ** = કરવો જોઈએ

**ભાવાર્થઃ–** સેવામાં ત્રણ પ્રતિબંધ (વિઘ્નો) છે : (૧) ઉદ્વેગ (૨) પ્રતિબંધ અને (૩) ભોગ. આ ત્રણે પ્રતિબંધના સાધનોનો પરિત્યાગ કરવો જોઈએ.

**ભોગો દ્વિવિધઃ । લૌકિકલૌકિકશ્ચ । તત્ર લૌકિકસ્ત્યાજ્ય એવ । અલૌકિકસ્તુ ફલાનાં મધ્યે પ્રથમે પ્રવિશતિ। પ્રતિબંધોપિ દ્વિવિધઃ । સાધારણો ભગવત્કૃતશ્ચ । તત્ર આદ્યૌ બુદ્ધયા ત્યાજયઃ ।।**

**ભોગઃ** = ભોગ, **દ્વિવિધઃ** = બે પ્રકારનો છે, **લૌકિકઃ અલૌકિકઃ ચ** = લૌકિક અને અલૌકિક , **તત્ર** = તેમાં, **લૌકિકઃ ત્યાજ્ય એવ** = લૌકિકનો ત્યાગ જ કરવો, **અલૌકિકઃ તુ** = અલૌકિક તો, **ફલાનાં મધ્યે પ્રથમે** = (સેવાના) પ્રથમ ફલ (અલૌકિક સામર્થ્ય) ની મધ્યમાં, **પ્રવિશતિ** = પ્રવેશ કરાવે છે, **પ્રતિબંધઃ અપિ** = પ્રતિબંધ પણ, **દ્વિવિધઃ** = બે પ્રકારનો છે. **સાધારણઃ** = સાધારણ,

**ભગવત્કૃતઃ ચ** = અને ભગવત્કૃત (ભગવાને કરેલ), **તત્ર** = તેમાં, **આદ્યઃ** = પ્રથમ (સાધારણ પ્રતિબંધ), **બુદ્ધ્યા** = બુદ્ધિથી, **ત્યાજ્યઃ** = ત્યાગ કરવો

**ભાવાર્થઃ–** ભોગ બે પ્રકારનો છે : (૧) લૌકિક અને (૨) અલૌકિક. તેમાં લૌકિક ભોગનો ત્યાગ જ કરવો. અલૌકિક ભોગ તો સેવાના પ્રથમ ફલ–અલૌકિક સામર્થ્યમાં પ્રવેશ કરાવે છે અર્થાત્ અલૌકિક સામર્થ્યનું ફલદાન કરે છે. પ્રતિબંધ પણ બે પ્રકારનો છે : (૧) સાધારણ અને (૨) ભગવત્કૃત (ભગવાને કરેલો). તેમાં પ્રથમ એટલે સાધારણ પ્રતિબંધનો બુદ્ધિથી ત્યાગ કરવો.

**ભગવત્કૃતશ્ચેત્ પ્રતિબંધઃ તથા ભગવાન્ ફલં ન દાસ્યતીતિ મંતવ્યમ્ ।**
**તદા અન્ય સેવાપિ વ્યર્થા । તદા આસુરોયં જીવ ઈતિ નિર્ધારઃ ।**
**તદા જ્ઞાનમાર્ગેણ સ્થાતવ્યં શોકાભાવાયેતિ વિવેકઃ ।।**

**ભગવત્કૃતઃ** = ભગવાને કરેલો, **ચેત્** = જો, **પ્રતિબંધ** = પ્રતિબંધ (હોય), **તથા** = તો પછી, **ભગવાન્** = ભગવાન શ્રીકૃષ્ણ, **ફલમ્** = ફલ, **ન દાસ્યતિ ઈતિ** = આપશે નહિ એમ, **મંતવ્યમ્** = માનવું જોઈએ, **તદા** = ત્યારે, **અન્ય સેવા અપિ** = અન્ય સેવા પણ, **વ્યર્થા** = વ્યર્થ છે, **તદા** = ત્યારે, **આસુર અયમ્ જીવઃ** = આ જીવ આસુરી છે, **ઈતિ નિર્ધારઃ** = એમ નિર્ધાર કરવો (નિશ્ચય જાણવું). **તદા** = ત્યારે, **જ્ઞાનમાર્ગેણ** = જ્ઞાનમાર્ગમાં, **સ્થાતવ્યમ્** = સ્થિતિ કરવી (રહેવું), **શોકાભાવાય ઈતિ** = શોકના અભાવ માટે એ પ્રમાણે, **વિવેકઃ** = વિવેક છે

**ભાવાર્થઃ–** ભગવત્કૃત્ અર્થાત્ ભગવાને કરેલો પ્રતિબંધ હોય તો ભગવાન ફલ આપશે નહિ એમ માનવું જોઈએ, ત્યારે અન્ય સેવા પણ વ્યર્થ છે. આથી આ જીવ આસુરી છે એમ નિશ્ચય જાણવું. ત્યારે શોકના અભાવ માટે એટલે કે શોક દૂર કરવા માટે જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરવી (રહેવું) એ વિવેક છે.

**નનુ સાધારણો ભોગઃ કથં ત્યક્તવ્ય ? ઈત્યાકાંક્ષાયામાહ ।**
**સવિઘ્નોલ્પો ઘાતકઃ સ્યાદિતિ । સવિઘ્નત્વાદલ્પત્વાદ્**
**ભોગસ્ત્યાજ્યઃ । એતૌ સદા પ્રતિબંધકૌ ।।**

**નનુ** = ખરેખર, **સાધારણઃ ભોગઃ** = સાધારણ (લૌકિક) ભોગ, **કથમ્** = કેવી રીતે, **ત્યક્તવ્યઃ** = ત્યાગ કરવો? , **ઈતિ–આકાંક્ષાયામ્–આહ** = એવી

આકાંક્ષા થાય તો કહે છે, **સવિઘ્નઃ** = વિઘ્નકર્તા, **અલ્પઃ** = અલ્પ (ક્ષણિક/નાશવંત), **ઘાતકઃ** = ઘાતક, **સ્યાત્ ઈતિ** = એ પ્રમાણે છે, **સવિઘ્નત્વાત્** = તેમાં વિઘ્નપણું હોવાથી, **અલ્પત્વાત્** = અલ્પપણું હોવાથી, **ભોગઃ** = (લૌકિક) ભોગ, **ત્યાજ્યઃ** = ત્યાગ કરવો જોઈએ, **એતૌ** = આ બંને (લૌકિક ભોગ અને સાધારણ પ્રતિબંધ), **સદા** = સદા, **પ્રતિબંધકૌ** = પ્રતિબંધરૂપ છે

**ભાવાર્થઃ–** ખરેખર સાધારણ (લૌકિક) ભોગનો ત્યાગ કેવી રીતે કરવો ? એવી આકાંક્ષા થાય તો કહે છે કે તે વિઘ્નકર્તા, અલ્પ (ક્ષણિક/નાશવંત) અને ઘાતક છે. આથી તેમાં વિઘ્નપણું અને અલ્પપણું (ક્ષણિકતા) હોવાથી લૌકિક ભોગનો ત્યાગ કરવો. આ બંને (લૌકિક ભોગ અને સાધારણ પ્રતિબંધ) સદા પ્રતિબંધરૂપ છે.

**દ્વિતીયો ભગવત્કૃત પ્રતિબંધઃ । જ્ઞાન સ્થિત્યભાવે**
**ચિંતાભાવાર્થમાહ–દ્વિતીય–ઈતિ ।।**

**દ્વિતીય** = બીજો, **ભગવત્કૃત** = ભગવત્કૃત (ભગવાને કરેલો), **પ્રતિબંધઃ** = પ્રતિબંધ છે, **જ્ઞાન–સ્થિતિ–અભાવે** = જ્ઞાનમાર્ગમાં સ્થિતિના અભાવમાં (સ્થિરતા ન થાય તો), **ચિંતા–અભાવાર્થમ્–આહ** = ચિંતાના અભાવ માટે કહે છે, **દ્વિતીય** = બીજામાં છે, **ઈતિ** = એ પ્રમાણે

**ભાવાર્થઃ–** બીજો ભગવત્કૃત્ એટલે ભગવાને કરેલો પ્રતિબંધ છે. તેના લીધે જ્ઞાનમાર્ગમાં સ્થિરતા ન થાય તો તેવી ચિંતાના અભાવમાં (ચિંતા દૂર કરવામાં) આજ્ઞા કરે છે કે તેમાં સંસાર નિશ્ચય છે.

**આદ્ય ફલાભાવે ભગવતો દાતૃત્વં નાસ્તિ ।**
**તદા સેવાનાધિદૈવિકી ઈત્યુક્તં ભવતિ ।**
**ભોગાભાવસ્તદૈવ સિદ્ધ્યતિ યદા ગૃહ પરિત્યાગઃ ।।**

**આદ્ય – ફલ – અભાવે** = પ્રથમ ફલ (અલૌકિક સામર્થ્ય) ના અભાવમાં, **ભગવતઃ** = ભગવાનની, **દાતૃત્વમ્** = ફલદાન કરવાની ઈચ્છા, **ન અસ્તિ** = નથી, **તદા** = ત્યારે, **સેવા–ન–આધિદૈવિકી** = સેવા આધિદૈવિકી નથી, **ઈતિ ઉકતં ભવતિ** = એ પ્રમાણે કહેલું થાય છે, **ભોગઃ અભાવઃ તદા એવ** = ત્યારે જ ભોગનો અભાવ, **સિદ્ધ્યતિ** = સિદ્ધ થાય છે, **યદા** = જ્યારે, **ગૃહ**

**પરિત્યાગઃ** = ગૃહનો પરિત્યાગ થાય

**ભાવાર્થઃ-** સેવામાં પ્રથમ ફલ (અલૌકિક સામર્થ્ય)ના અભાવમાં ભગવાનની ફળ આપવાની ઈચ્છા નથી ત્યારે સેવા આધિદૈવિકી થઈ શકતી નથી એમ સમજવું. જ્યારે ગૃહનો પરિત્યાગ કરવામાં આવે ત્યારે જ (લૌકિક) ભોગનો અભાવ (ત્યાગ) સિદ્ધ થાય છે.

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં સેવાફલ વિવરણં સંપૂર્ણમ્ ।।**

*

# શિક્ષાશ્લોકા

**યદા બહિર્મુખા યૂયં, ભવિષ્યથ કથંચન ।**
**તદા કાલપ્રવાહસ્થા, દેહચિત્તાદયોપ્યુત ।।૧।।**
**સર્વથા ભક્ષયિષ્યન્તિ, યુષ્માન્ ઈતિ મતિર્મમ ।**

**યદા** = જ્યારે, **બહિર્મુખા** = (ભગવાન શ્રીકૃષ્ણથી) બહિર્મુખ, **યૂયં** = તમે, **ભવિષ્યથ** = થશો, **કથંચન** = કોઈ પણ પ્રકારે, **તદા** = ત્યારે, **કાલપ્રવાહસ્થા** = કાલપ્રવાહમાં રહેલા, **દેહચિત્તાદયઃ અપિ ઉત** = દેહ, ચિત્ત વગેરે પણ નિશ્ચય, **સર્વથા** = સર્વ પ્રકારે, **ભક્ષયિષ્યન્તિ** = ભક્ષણ કરી જશે, **યુષ્માન્ ઈતિ** = તમને એવી, **મતિઃ મમ** = મારી (શ્રીમદ્ વલ્લભાચાર્યજીની) મતિ છે.

**ભાવાર્થઃ-** જ્યારે તમે અસમર્પિત વસ્તુઓનો ઉપયોગ, અન્યાશ્રય, અસદાલાપ, દુસંગ વગેરેથી કોઈ પણ પ્રકારે ભગવાન શ્રીકૃષ્ણથી બહિર્મુખ થશો ત્યારે કલિકાલના પ્રવાહમાં રહેલા દેહ, ચિત્ત વગેરે સર્વ પ્રકારે તમને નિશ્ચય ભક્ષણ કરી જશે એવી મારી (શ્રીમદ્ વલ્લભાચાર્યજીની) મતિ/અભિપ્રાય છે.

**ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો, મનુતે નૈવ લૌકિકમ્ ।।૨।।**
**ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ, સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ ।**

**ન** = નથી, **લૌકિકઃ** = લૌકિક, **પ્રભુઃ કૃષ્ણઃ** = ભગવાન શ્રીકૃષ્ણ, **મનુતે ન એવ** = માનતા (સ્વીકારતા) **નથી, લૌકિકમ્** = લૌકિક (સેવા/ભાવ) **ને, ભાવઃ તત્ર અપિ અસ્મદીયઃ** = ત્યાં આપનો ભાવ (સાધનરૂપ છે), **સર્વસ્વ ચ ઐહિક**

**ચ સઃ** = અને ઐહિક (લોક સંબંધી) અને (પરલોક સંબંધી) તે (ભગવાન શ્રીકૃષ્ણ) સર્વસ્વ છે.

**ભાવાર્થઃ–** ભગવાન શ્રીકૃષ્ણ લૌકિક નથી એટલેકે તે અલૌકિક અને સર્વથી પર પૂર્ણ પુરુષોત્તમ છે તથા લૌકિક સેવાનો સ્વીકાર કરતા નથી. ભગવદ્સેવામાં આપણો ભાવ જ સાધન છે. આ લોક અને પરલોક સંબંધી ભગવાન શ્રીકૃષ્ણ જ આપણું સર્વસ્વ છે.

**પરલોકશ્ચ તેનાયં, સર્વભાવેન સર્વથા ।૩।**
**સેવ્યઃ સ–એવ ગોપીશો, વિધાસ્યત્યખિલં હિ નઃ ।।૩$^{૧}/_{૨}$।।**

**પરલોકઃ ચ** = પરલોક અને (આ લોક), **તેન અયં** = તે (ફલરૂપ શ્રીકૃષ્ણથી) આ (સિદ્ધ થાય છે), **સર્વભાવેન** = સર્વભાવથી, **સર્વથા** = સર્વપ્રકારે, **સેવ્યઃ** = સેવા કરવી, **સ એવ** = તે જ, **ગોપીશઃ** = શ્રીગોપીજનોના ઈશ–શ્રીકૃષ્ણ, **વિધાસ્યતિ અખિલં હિ નઃ** = આપણું બધુંજ વિશેષ પ્રકારે નિશ્ચય સિદ્ધ કરશે

**ભાવાર્થઃ–** પરલોક અને આ લોક સંબંધી સર્વ કંઈ તે ફલરૂપ ભગવાન શ્રીકૃષ્ણથી સિદ્ધ થાય છે. માટે સર્વ પ્રકારે શ્રીગોપીજનોના ઈશ–ભગવાન શ્રીકૃષ્ણની સર્વભાવથી સેવા કરવી. આપણું બધું જ નિશ્ચય સિદ્ધ કરશે

**।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતા શિક્ષાશ્લોકા સંપૂર્ણમ્ ।।**

*

# ।। ષોડશગ્રન્થમાહાત્મ્યમ્ ।।

શ્રીમદાચાર્યચરણાઃ સ્વીયાનાં ભક્તિસિદ્ધયે ।।
અકાર્ષુઃ ષોડશગ્રન્થાન્ સ્વસિદ્ધાન્તાર્થ-બોધકાન્ ।।૧।।
તદ્વ્યાખ્યાનં કૃતં પૂર્વૈઃ પ્રભુભિશ્ચ પૃથક્ ક્વચિત્ ।।
યમુનાષ્ટકમ્ આરભ્ય સેવાફલમ્ ઉદાહૃતાઃ ।।૨।।
એવં ષોડશભિઃ ગ્રન્થૈઃ પુરુષોત્તમ-સેવનમ્ ।।
પ્રતિપાધ ફલત્વેન ચક્રે જીવોદ્ધૃતિં વિભુઃ ।।૩।।
અવતાર-દશાયાન્તુ ઉદ્ધૃતી રૂપ-દર્શનાત્ ।।
ઇહ નામાત્મકૈઃ ગ્રન્થૈઃ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ ।।૪।।
તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવૈઃ કર્તવ્યમેવ હિ ।।
સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્ ।।૫।।

।। ઈતિ શ્રીદ્વારકેશચરણવિરચિતં ષોડશગ્રન્થમાહાત્મ્યમ્ ।।

TITLE : PIYUSH GONDHIA